# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 16 • પ્રકરણ : 01 • સળંગ અંક : 181 | 26 એપ્રિલ 2010 | ડિજિટલ અવતાર આવૃત્તિ


## “ઓપિનિયન” : સંકેલો, સલામ, સ્વાગત

• પ્રકાશ ન. શાહ

અમદાવાદ
માર્ચ ૨૪, ૨૦૧૦

**પ્રિય વિપુલભાઈ,**

આવું આવું કરતો ‘સંકેલો’ ઓ આવ્યો! ખબર નથી પડતી, “ઓપિનિયન” પરત્વે આદર, આભાર અને કૃતજ્ઞતાની રીતે વાત કરું, કે પછી આવકારની રીતે. કદાચ, બેઉ રીતે.

દેશ બહાર, ઘણા બધા કિસ્સામાં તો દ્વિનિર્વાસન અને એમ નિરંતર પુનર્વસન શી લાંબી પ્રક્રિયામાંથી પસાર થયેલા અને થતા રહેતા લોકોનું પત્રકારણ એટલે કે આદાનપ્રદાનપૂર્વકનું અક્ષરજીવન કેવું હોય? દેશથી આવેલા હોવું અને સમૂહજીવનની લાયમાં ને ધાઈમાં નાતજાત ઝટ છાંડવું કદાચ એટલું સહેલ નયે હોય. બલકે, નવી દુનિયામાં પુનર્વસન અને નવમૂલનની પ્રક્રિયામાં પહેલો દુર્નિવાર તબક્કો વતનપ્રેમ ને સ્મૃતિઝંખનાના સાહિત્યનો હોય તેમ અન્યોન્ય સહકારી નાતજાતમંડળીનોયે હોય એ સમજી શકાય એમ છે. પણ નવા માહોલ સાથે રમતેજમતે (અને જામતે) કશુંક એવુંયે નીપજી તો શકે (અને નીપજવું પણ જોઈએ) જે નવું હોય. નકરું અવનવું નહીં પણ પરંપરા અને નવી ધરતી-નવી સંસ્કૃતિ સાથેની સાર્થક આપલેમાંથી બની આવેલું નવું.











આ સંદર્ભમાં વિચારું છું ત્યારે ‘ગુજરાતી લિટરરી એકેડેમી’ (ગુજરાતી સાહિત્ય અકાદમી) અને “ઓપિનિયન” બેઉનો જે એક મોટો ગુણ મને વસે છે તે નાતજાતકોમરાષ્ટ્રથી હટી શકતી, ઊંચે ઊઠી શકતી, ઉફરાટે ચીલો ચાતરી શકતી ભૂમિકાનો છે. રાજેન્દ્ર શાહની પેલી રચનામાં આવે છે ને કે ઘર છોડી જનારને મળતી વિશ્વતણી વિશાળતા, એવું યે કાંક આ ભૂમિકામાં બીજરૂપ સંભાવનારૂપે રહેલું છે. લૉંગગ અને બીલૉંગિંગની આ રમણા અને ઉપનિષદનાં ઋષિવચનો - ‘ભૂમાથી મોટું કોઈ સુખ નથી’ - બંને વચ્ચે મને હંમેશ એક વિલક્ષણ સામ્ય લાગ્યું છે. આરણ્યકને સારુ તો આજના જેવી યાતાયાતસુલભતા દુર્મિળ હતી એ જોતાં એને માટે ભૂમાસુખ તે આંતરિક અનુભૂતિની બાબત હતી. આપણો જે નવયુગી નિર્વાસિત નાયક, એને તો જૂનીનવી દુનિયાઓની - અહીંની તેમ તહીંની - એટએટલી અથડામણ અને એટએટલી ઐશ્વર્યસામગ્રી નસીબ હોઈ શકે છે કે સગવડો અગવડ લાગે અને અગવડો સગવડ લાગે! સંક્રાન્તિ, ઉત્ક્રાંતિ, ક્રાન્તિની આ સંમિશ્ર પરિસ્થિતિમાં એને સારુ ભૂમાસુખની સાધના એ કદાચ ઉપનિષદના ઋષિ કરતાં વધુ આકરો પડકાર છે.

વાત કરતે કરતે હું ક્યાંથી ક્યાં ચાલ્યો ગયો, ભાઈ! પણ એમાં મારો વાંક નથી. લંડનની આપણી એકેડેમીએ અને “ઓપિનિયને” નાતજાતકોમમજહબ ને રાષ્ટ્રીયતાને વટી જતી જે ભૂમિકા લેવાની કોશિશ કીધી છે એને અંગેની કદરમાંથી મને આ ક્ષણે એ ધક્કો લાગેલો છે. મકરંદભાઈ-શિરીનબહેન અને પ્રવીણ શેઠના અભ્યાસો આપણી પાસે છે. બીજા પણ હશે, થશે અને આવશે. (બ્રિટનમાં ગુજરાતી લેખનની ગતિવિધિ વિશે અદમ ટંકારવીની નાનીશી અભ્યાસનોંધ પણ ઠીકઠીક દિશાસૂચક છે, અને ખાસ તો હાથ ધરવાજોગ કામગીરીની દૃષ્ટિએ મને એ સર્વાધિક મહત્ત્વની લાગે છે.)

“ઓપિનિયન” અને અકાદમીની મુદ્રિત સામગ્રી વિશે મારે જો કોઈ પરિપ્રેક્ષ્યને ધોરણે વિચારવાનું હોય તો નાતજાતકોમધરમમજહબરાષ્ટ્રીયતાને વટીને હું કેવી રીતે જોઉં? અથવા તો, એને કયા દૃષ્ટિકોણથી કાલવું, કહું? ‘સંકેલો’ સાથે તમે ‘હિંદ સ્વરાજ’ની શતાબ્દીને સાંકળી છે, એમાં એનો જવાબ રહેલો છે. જવાબ એટલે કોઈ તંતોતંત વિગતવાર ટેલિયોલોજી નહીં પણ વિચારરૂખ, અભિગમ અને નીરમ (બેલાસ્ટ). છેલ્લા સૈકામાં, ખાસ કરીને સદી ઊતરતે, બે દૃષ્ટિકોણ આપણી સામે આવ્યા - એક, ફુકુયામાના ‘એન્ડ ઑફ હિસ્ટરી’નો : બંધારણીય લોકશાહી મૂડીવાદી રાજ્ય સાથે મનુષ્યજાતિએ સઘળું સાધી લીધું છે. બીજો દૃષ્ટિકોણ હંટિંગ્ટનનો, ‘ક્લૅશ ઑફ સિવિલાઈઝેશન્સ’નો. આ બંને તથ્યના જય પણ સત્યના ક્ષયપૂર્વકનાં ખંડદર્શનો છે. મનુષ્યજાતિની ખોજમાં ધર્મ, રાજ્ય અને મિલકત એ ત્રણે સંસ્થાઓની કામગીરી મહત્ત્વની રહી છે, પણ એ ત્રણે માટે ઈતિહાસદૃષ્ટિએ સમાદર એટલી જ સમીક્ષા ને શોધનની જરૂર સાફ છે. એવા ધણી છે એ સૌ કે જેમને ધાકમાં રાખ્યા વિના માનવસમાજનો જયવારો નથી. થોરો, રસ્કિન, તોલ્સ્તોય આદિએ આ સંદર્ભમાં પોતપોતાની રીતિમતિગતિએ કરેલી વૈકલ્પિક વિશ્વખોજ ગાંધીએ આ દિશાના એક કર્મશીલની રીતે આત્મસાત્ કરી પોતાને ધોરણે કાલવી છે.

લંડનમાં જે બધા સશસ્ત્ર ક્રાંતિવાદીઓ સાથે ચર્ચાવિચારણા થઈ એ તો ‘હિંદ સ્વરાજ’ના અધિપતિ-વાચક સંવાદ માટેનું તત્કાળ નિમિત્તમાત્ર છે. લંડનમાંના સશસ્ત્ર ક્રાંતિવાદીઓ સાથેની એ ચર્ચા પૂર્વે ગાંધી દક્ષિણ આફ્રિકાની ધરતી પર સત્યાગ્રહનો આવિષ્કાર કરી ચૂક્યા હતા. ગમે તેમ પણ, ‘હિંદ સ્વરાજ’ને હમણે હમણે ક્યાંક

# ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઈન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

•


**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex
HA0 2JZ [U.K.]

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

Villa Bellevue,
30, Avantikabai Gokhale Street,
Opera House,
MUMBAI - 400 004
e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**

ક્યાંક સાંભળવા મળે છે એમ પ્રતિક્રિયા (રિએક્શન)ના ખાનામાં ખતવી નાખશું તો એ ખોટનો સોદો હશે. હા, એને પ્રતિભાવ (રિસ્પોન્સ) જરૂર કહી શકાય. પણ સવિશેષ તો એ વૈકલ્પિક વિશ્વધારામાં આવેલું - સપાટી પરથી 'પૂર્વ' વિ. 'પશ્ચિમ'નું, 'સુધારા'રૂપ 'કુધારા'નું પણ વસ્તુત: અભિનવ વિશ્વ માટેનું દર્શન છે. હમણાં મેં વૈકલ્પિક વિશ્વ એમ કહ્યું; પણ ગાંધી ચાલુ દુનિયામાં, ચાલુ સમાજમાં, ચાલુ રાજવટમાં રહીને લડનાર પૈકી છે. ક્યારેક નૉબેલ પારિતોષિક પેનલને એમની શાંતિ પારિતોષિક માટેની પાત્રતા ન સમજાઈ હોય તો એનું રહસ્ય એમના આ અહિંસક પણ પેસિફિસ્ટ નહીં એવા લડાકુપણામાં રહેલું છે. સશસ્ત્ર ક્રાંતિવાદી અને અહિંસક યોદ્ધા વચ્ચેની આપલે તે પ્રતિક્રિયા નથી, વૈકલ્પિક દર્શન છે. જતા અને જવા જોઈતા જૂનાને નવયુગી વિદાયવંદના છે, પરોઢના અંધારામાંથી ફૂટવા કરતી અરુણિમ ઉષા છે.

નાતજાતકોમધરમમજહબથી ઊંચે ઊઠવાની "ઓપિનિયન"ની કોશિશ એ ગાંધીપ્રતિભાએ હાથ ધરેલ કામગીરીમાં સેતુબંધની ખિસકોલી શી હૃદ્ય ગુંજાશ સાથે લાંબો સમય યાદ રહેશે. માટે દરિયાની આ પારથી આભાર, આદર, કૃતજ્ઞતા.

- પરંતુ, તે સાથે આવકાર પણ. કારણ, કલ્યાણકૃત કશું પણ દુર્ગતિને તો પામી શકતું જ નથી. "ઓપિનિયન"કારે "નિરીક્ષક" સારુ સામગ્રી જોગવવાની સંપાદકીય કામગીરી માટેનું ઈજન હૃદયની ઉલટથી સ્વીકાર્યું તે સાથે "ઓપિનિયન"નું ખિસકોલી કર્મ દેવહુમા શી નવ્ય ભૂમિકાએ પ્રગટવા કરે છે અને "નિરીક્ષક"ને માટે (તેમ તેની વાટે) શ્રી, સૌરભ ને સુષમાની એક નવ્ય સંભાવના સરજે છે.

કોમ્પ્યૂટરોત્તર દુનિયામાં, પૂર્વે કદી નહીં એવી ને એટલી આપલે શક્ય બની છે ત્યારે દરિયાપારની, કહો કે વિશ્વબિરાદરીની સહભાગિતા અસાધ્ય અવશ્ય નથી. બેશક, આવી આપલે ઉત્તરોત્તર સાર્થક બનતી જાય તે દુ:સાધ્ય હશે, અસાધ્ય નથી. "ઓપિનિયન"ના સંકેલાની એટલા જ એના દેવહુમાંતરની આ ક્ષણો અક્ષરશ: અનિર્વચનીય છે. છતાં, જો બે શબ્દો પાડી જ શકાતા હોય, ચાલચલાઉ પણ, તો પહેલાં 'અલવિદા' અને પછી (કે તે સાથે) સ્વાગતમ્!

**પ્રેમાદરપૂર્વક**
**પ્રકાશ ન. શાહ**

**(સદ્‌ભાવ : 'આ પાર, ઓ પાર', "નિરીક્ષક", ૦૧.૦૪.૨૦૧૦)**

e.mail prakash.nirikshak@gmail.com

## ખીચડી !!!

**• કૃષ્ણ દવે**

એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.
ચોખા ને મગના બે દાણા હતા ને ? હવે ચાંચમાંથી એ પણ છીનવાઈ ગયા છે.

કોમ્પ્યુટર, મોબાઈલ, ટીવી છે સોંઘા પણ એની રંધાય નહીં ખીચડી
ચકી ને ચકાના જીવન પર ત્રાટકી છે મોંઘવારી નામની આ વીજળી.
ફાઈવસ્ટાર મૉલના આ ફાલેલા જંગલમાં નાનકડાં સપનાં ખોવાઈ ગયાં છે.
– એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.

મીનરલ વૉટરથી આંસુ છે સસ્તાં, ને મીઠી પણ લાગશે રસોઈ
ખાંડ માટે ટળવળતી કીડીની પાસે જઈ આટલું તો સમજાવો કોઈ
લાગે છે શેરડીના આખ્ખાયે વાઢને આ લુચ્ચા શિયાળિયાઓ ખાઈ ગયા છે.
– એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.

ચકી ને ચકો ક્યે, જુઓ સાહેબ, હવે બોલાતું કેમ નથી, ચીં ચીં ?
એવું તો શું છે આ કંઠમાં તે લાગે છે મારે છે ડંખ જેમ વીંછી.
એક્સરેમાં જોઈ અને ડૉક્ટર બોલ્યા કે ઘણાં ડૂમાં ગળામાં અટવાઈ ગયાં છે.
– એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.

e.mail : krushnadave@yahoo.co.in

•••••••••••••••••••••••••••••••••••••

## બગીચો

**• પન્ના નાયક**

એક બગીચો મારી અંદર એક બગીચો મારી બહાર
અંદર બહારના ભેદ ભૂલીને રંગનો ઊછળે પારાવાર
લીલા રંગના ઊડે ફુવારા
ગુલાબની એક આલમ
પાંદડીઓની વચ્ચે કેવાં
પતંગિયાં મુલાયમ
કબીર થઈને કાળ વણે છે રંગરંગના તારેતાર
એક બગીચો મારી અંદર એક બગીચો મારી બહાર
સફેદ રંગ તો મીરાં જેવો
નીલ રંગ તો શ્યામ
સૂરદાસની આંખની પાછળ
રંગનું ગોકુળ ગામ
રંગરંગમાં આંખ જુએ છે હરિવરનો અવતાર
એક બગીચો મારી અંદર એક બગીચો મારી બહાર

# 'ओपिनीयन'ला निरोप देताना ...

• अशोक विद्वांस

अशोक विद्वांस अजून ज्याला तारुण्य लाभायचे आहे अशा होतकरू किशोराचे अचानक निधन झाले हे ऐकून मनात जसे सुन्न वाटते, तसेच, 'ओपिनीयन' हे गुजराथी मासिक बंद पडणार ही वार्ता ऐकून वाटले. त्याचे 'एकला चलो रे' असे व्रत घेतलेले संपादक श्री. विपुलभाई कल्याणी यांच्याबद्दल खूप खंत वाटली. अतिशय आटापिटा करून त्यांनी पंधरा वर्षे 'ओपिनीयन'ला जोपासले, पण अखेर छपाई, टपालव्यवस्थेतील अंदाधुंदी व अपुरी ग्राहकसंख्या, ह्या कारणांस्तव त्यांना आपला नाद सोडून देणे अपरिहार्य ठरले. वेम्बलीहून (इंग्लंड) प्रसिध्द होणारे, सर्वसामान्य स्वरूप असलेले एक असामान्य मासिक मार्च 2010 पासून कागदोपत्री प्रकाशित होणे बंद झाले. एप्रिल 2010 पासून त्याची केवळ 'इलेक्ट्रॉनिक' आवृत्ती प्रसिध्द होईल. विपुलभाईंशी बोलताना, त्यांनी 'ओपिनीयन' बंद करण्याचे आणखी एक महत्त्वाचे कारण सांगितले. ते म्हणजे सर्वसामान्य गुजराती माणसाची भाषा व साहित्य यांबद्दलची तोकडी आसक्ती! शिक्षित, मध्यमवर्गीय मराठी माणसाच्या घरी गेल्यास हॉलमधील कॉफीटेबलवर नीदान दोन-तीन मासिके व शेल्फवर दोन-चार कादंब-या अवश्य दिसतात. सर्वसामान्य गुजराती घरांतून ह्या गोष्टी खूप कमी दिसतात. सांगायचे तात्पर्य असे अजिबात नाही, की गुजराती माणसाला वाङ्मयाची आवड किंवा भाषेबद्दल आपुलकी नाही. परंतु अशी आवड व आपुलकी असलेली माणसे एकंदर (शिक्षित) लोकसंख्येच्या खूप अल्पांश आहेत.

विपुलभाई ऋजू स्वभावाचे व शांत प्रकृतीचे सद्गृहस्थ आहेत. त्यांनी 'ओपिनीयन' बंद करण्याचा निर्णय घेतला (किंवा त्यांना घ्यावा लागला) ह्याबद्दल त्यांच्या मनात उद्वेग किंवा राग नाही. त्यांच्याच शब्दांत सांगायचे म्हणजे, त्यांनी हा प्रकल्प 'स्वांत सुखाय' केला. स्वत:च्या मनाचा आनंद, गुजराती भाषेवर असलेले अतोनात प्रेम व गुजरातबाहेर राहणा-या गुजराती लेखक, कवी, रसिक समुदायाला अभिव्यक्तीची सोय; अशा त्रिविध हेतूंसाठी त्यांनी हे 'विचारपत्र' स्वरूपाचे मासिक नी:स्वार्थ भावाने, चिकाटीने चालवले. तसेच, आज त्याच्या प्रकाशनाचे स्वरूप बदलावे लागत आहे, ह्या वस्तुस्थितीचा सुध्दा त्यांनी निर्विकारपणे स्वीकार केला आहे. त्यांची दुधाची तहान 'ओपिनीयन'ची इलेक्ट्रॉनिक प्रसिध्दी चालू राहणार एवढया ताकाच्या घोटाने भागणार होती, पण त्यांना आणखी एक आश्वासन लाभले आहे. श्री. प्रकाश शाह नावाचे विपुलभाईंचे मित्र अमदाबादहून 'निरीक्षक' नावाचे समविचारी मासिक प्रसिध्द करतात. प्राय: मित्रप्रेमाने, तसेच 'ओपिनीयन'बद्दलच्या जिव्हाळयामुळे, प्रकाशभाईंनी 'निरीक्षक'मधील काही जागा विपुलभाईंच्या 'ओपिनीयन'साठी काढून दिली व त्या जागेचा योग्य विनिमय करण्याचा सर्व अधिकारही विपुलभाईंना बहाल केला! पत्रकारितेत असे सहकार्य व्यावसायिक दृष्टया आवश्यक व व्यावहारिक दृष्टया इष्ट आहे. परिणामी, आता 'ओपिनीयन'मधील काही लिखाण 'निरीक्षक'मध्ये, तर त्यातील सर्व लिखाण त्याच्या इलेक्ट्रॉनिक स्वरूपात उपलब्ध राहील. नवीन स्वरूपातील 'ओपिनीयन'मध्ये सुध्दा एतान श्री (वाचकांच्या प्रतिक्रिया) व गुफ्तगू (छोटेखानी परंतु विचारात्मक लेख) ही नेहमीची व लोकप्रिय सदरे कायम राहतील अशी आशा आहे. विपुलभाईंचे संपादकीय अग्रलेख असतीलच, हे वेगळे सांगायला नको.

गुजराती प्रजा व्यापारी आहे हे सर्वश्रुत आहे. व्यापारासाठी गुजराती माणूस शेकडो वर्षांपासून जगभर पसरला आहे. एक दंतकथा अशी आहे, की वास्को डी गामा हिंदुस्तानात यायला निघाला व आफ्रिकेच्या दक्षिणेस आलेल्या 'केप ऑफ गूड-होप'पर्यंत पोचला. पण तेथून पुढे हिंदुस्थानात कसे जावे या विचाराने गोंधळला. तेथे त्याला सुरतेचा एक गुजराती व्यापारी भेटला व त्याने त्याला अरबी समुद्र ओलांडून हिंदुस्तानचा किनारा कसा गाठायचा हे समजावून सांगितले! तात्पर्य म्हणजे गुजराती लोक जगभर पसरले आहेत. ह्या माणसांनी व्यापारासाठी देश सोडला, पण मातृभाषेला मारलेली घट्ट मिठी त्यांनी जरासुध्दा सैल सोडली नाही. आजदेखील, देशोदेशी अगदी खेडेगावी राहणा-या गुजराती कुटुंबांत शुध्द शाकाहारी जेवण व गुजराती भाषा कायम टिकून आहेत. वाङ्मय प्रदेशाकडे सर्वसामान्य गुजराती माणसाचा कल तसा बेताताच. पण असे असूनही गुजराती सातत्याने भरपूर लिखाण होत असते. गुजराती भाषा सुमारे एक हजार वर्षांपासून अस्तित्वात आहे. अनेक ख्यातनाम लेखक, कवी, निबंधकार व समीक्षक गुजरातील भाषासमृध्दीत भर घालत आले आहेत व असतात. नरसिंह मेहता, प्रेमानंद, दयाराम, दलपतराव, न.भो. दिवेटीया, महात्मा गांधी, आनंदशंकर ध्रुव, कवी नानालाल, कनैयालाल मुनशी, र.व. देसाई, पन्नालाल पटेल व उमाशंकर जोशी ही त्यांतील काही नामवत मंडळी. काकासाहेब कालेलकर स्वत: मराठी भाषिक असून त्यांनी गुजरातीत भरपूर लिखाण केले, तर गोपाळराव विद्वांस यांनी मराठीतील किमान सत्तर पुस्तकांचा अनुवाद गुजरातीत केला. नगीनदास पारेख ह्यांनी बरेच बंगाली साहित्य गुजरातीत आणले.

देश सोडून परदेशी स्थायिक झालेल्या गुजराती लोकांनीदेखील मातृभाषेवरील प्रेम



विपुलभाई कल्याणी

**ગુજરાતી સાહિત્યને ગોપાળરાવ ગજાનનરાવ વિદ્વાંસે તેમ જ ભાસ્કરરાવ ગજાનનરાવ વિદ્વાંસે ન્યાલ કર્યું છે. આ બંધુ બેલડીએ ગુજરાતી વાચકને કુડીબંધ મજેદાર ભાષાન્તર ખલીતે જોગવી આપ્યાં છે. તેમની બીજી પેઢી એટલે આ લેખના કર્તા અશોકરાવ વિદ્વાંસ. વર્ષોથી અમેરિકા સ્થાયી થયેલા અશોકભાઈ હાલ ત્યાં નિવૃત્ત જીવન ગાળે છે. નવી મુંબઈથી દિનકર ગાંગલના મુખ્ય સંપાદન હેઠળ, સમયથી, "થિન્ક મહારાષ્ટ્ર" નામે એક સામાહિકી વેબસાઈટ ચાલે છે. 'વિઝન મહારાષ્ટ્ર ફાઉન્ડેશન' દ્વારા ચાલતી આ વેબસાઈટ કમાલની સરસ છે. એ વેબસાઈટ પરે, દિનકર ગાંગલના સૂચને અશોક વિદ્વાંસનો આ લેખ તરતો મૂકાયો છે. આ વેબસાઈટની અહીં લિન્ક સાદર છે :**

**http://www.thinkmaharashtra.com/**

**હવે સવાલ પણ જાગે છે : જે મરાઠી પત્રકારત્વને આવું આવું સૂઝે છે, તે ભલા, મારી માદરે જબાનના પત્રકારત્વને ક્યારે સૂઝવાનું છે ?**

**– તંત્રી**

# પુણ્યભૂમિના સંતાનની અવિરત સેવા

© વિપુલ કલ્યાણી

'મારા અભિપ્રાયમાં ગુલામ જ્યારે પોતાની કંગાલ જિંદગીની બીક તજી દે અને આઝાદી ખાતર લડવાનો નિર્ધાર કરી લે ત્યારે તેના હાથ જંજીરોમાં જકડાયેલા હોવા છતાં તે મુક્ત માનવી બની જાય છે. હું ઈચ્છું છું કે કોઈ ગુલામ રહે જ નહીં, મને ગુલામો નથી ગમતા, મને તો લડવૈયાઓ ગમે છે, મુક્ત માનવીની નીડરતા ધરાવતા લોકો ગમે છે.'

રૂસી સાહિત્યકાર મક્સીમ ગૉર્કીએ દીધી શિષ્ટ નવલથા 'મા'નું એક મુખ્ય પાત્ર પ્યોતર ઝાલોમોવ ક્યાંક આવું કહે છે. 'અમને આશા છે કે આપની માતૃભાષામાં રૂસી તથા સોવિયેત સાહિત્યનું વાંચન આપને અમારી જનતાની સંસ્કૃતિ અને જીવનરીતિનો વધારે ઊંડો પરિચય મેળવવામાં સહાયભૂત થશે.' મોસ્કોમાં, એક દા, 'રાદૂગા પ્રકાશન' હતું. અને તેની પહેલાં તે 'પ્રગતિ પ્રકાશન' હતું. અને તેનાં પ્રકાશનોમાં આવું આવું લખાણ ધ્યાનાકર્ષક પ્રગટ થતું. મક્સીમ ગૉર્કીની એ નવલકથાનો આ ગુજરાતી અવતાર આને આભારી છે.

## ઓ રસિયા ! આ રશિયા !!

વારુ, આ નવલકથામાં પરિશિષ્ટ મુકાયું છે અને તેના પહેલા જ ફકરામાંનું આ લખાણ જ ધ્યાનપૂર્વક જોઈએ : પાવેલ વ્લાસોવને હદપારીની સજા થઈ છે અને તેને હજારો માઈલ દૂર સાઈબિરિયામાં કાયમી વસવાટ માટે જવાનું છે. તેની મા નીલોવ્ના ગેરકાયદેસર સાહિત્ય - પાવેલ વ્લાસોવે અદાલતમાં કરેલા ભાષણનાં ચોપાનિયાં - લઈને જતી હોય છે ત્યારે પોલીસના હાથમાં પકડાઈ જાય છે. તે પોતાની આસપાસ એકઠા થઈ ગયેલા લોકોને જિંદગીની સચ્ચાઈ જણાવવાની કોશિશ કરે છે ત્યારે તેનું અપમાન કરવામાં આવે છે અને તેને માર મારવામાં આવે છે. તે જુલમગારોની સામે હાકલ કરે છે - 'લોહીનો આખો સાગર પણ સચ્ચાઈને ડુબાડી નહીં શકે ! તમે તો અમારી ધિક્કારની લાગણીને વધારી રહ્યા છો, મૂરખાઓ !'



આવી આ મજેદાર નવલકથાનો સરસ મજાનો અનુવાદ અતુલ સવાણીએ કર્યો છે. ગૉર્કીની આત્મકથાના ત્રણ ભાગો, 'મા'ના પ્રકાશન પછી, પ્રસિદ્ધ થયા છે. 'બાળપણ', 'લોકોની વચ્ચે' અને 'મારાં વિશ્વવિદ્યાલયો' તરીકે તે જાણીતા છે. આ આત્મકથા પણ ગુજરાતીમાં ઉપલબ્ધ છે. વળી, 'ઊંડા અંધારેથી' વગેરે નાટકો તેમ જ 'દુઃશ્મનો' સહિતની તેમણે લખી અસંખ્ય વાર્તાઓ ય અતુલ સવાણી તેમ જ નામીઅનામી બીજાંત્રીજાં સાથી સહાયકોએ ગુજરાતીમાં ઊતાર્યા છે.

મક્સીમ ગૉર્કી, એન્ટોન ચેખોવ, લિયો ટોલસ્ટૉય, એલેક્ઝાન્ડર પુશ્કિન જેવા જેવા એ યુગના અનેક મોટા ગજાના રૂસી શબ્દસ્વામીઓની અસર ક્ષિતિજને પેલે પાર પ્રસરેલી છે. અંગ્રેજી સાહિત્યમાં તેની જબ્બર અસર જેમ વર્તાય છે તેમ ભારતીય સાહિત્ય પર પણ તેની ચિરંજીવ અસર રહી છે. અરે, મારા દોસ્ત ! ગુજરાતી સાહિત્યએ પણ તે સાહિત્યનું પંચામૃત સતત માણ્યું છે. આપણા ઝવેરચંદ મેઘાણી, જયંતી દલાલ, ભોગીલાલ ગાંધી, ઉમાશંકર જોશી, 'સુન્દરમ્' અને બીજા અનેકો પર તેની ઊંડી અસર છે. એ દરેકનું સાહિત્ય ફક્ત ઉપલક નજરે જોતાં તપાસતાં આવો અનુભવ સ્પષ્ટ વર્તાય છે. જાતઅનુભવ કરી લેવા જેવો છે. સાહિત્યના સંશોધકો તેમ જ વિદ્યાર્થીઓ માટેનો આ અડાબીડ વિસ્તાર છે.

'વીરત્વ તેમ રસિકતા માટે … સુપ્રસિદ્ધ' કાઠિયાવાડ વિસ્તારના રાજકોટ જિલ્લાનું એ ગામ; નામ એનું બાબરા. આ બાબરા ગામે, ૧૬ નવેમ્બર ૧૯૨૫ના દિવસે જન્મેલા આપણા આ અતુલ સવાણી પર હિંદના સ્વાતંત્ર્ય સંગ્રામની ઊંડી અસર હતી. આ લેખનો પહેલો ફકરો, ભલે, અતુલ સવાણીએ 'મધર'માંથી 'મા' સારુ અનુવાદિત કર્યો હોય; પરંતુ, તે જડબેસલાક એમને જ જાણે કે લાગુ પડતો ન હોય તેમ ઘડી બેઘડી દેખાઈ જ આવે. સવાણી સાહેબને ગુલામો ગમ્યા જ નથી, એમને તો લડવૈયાઓ ગમે છે, મુક્ત માનવીની નીડરતા ધરાવતા લોકો ગમે છે. અને ખરેખાત, એમનું સમગ્ર જીવન પણ મુક્ત માનવીની આવી નીડરતા જ જાણે કે ધરાવતું ન હોય, તેવું તેવું જોવા મળે છે.

અતુલભાઈના એક કાકા દિવંગત ઈસ્માઈલભાઈ હીરાણી આઝાદી આંદોલનમાં પૂરેવચ્ચ હતા. એ વેળા, કહેવાય છે તેમ, દિવંગત વજુભાઈ શુક્લના સાથીદાર તરીકે ઈસ્માઈલભાઈની ગણના થતી. ઈસ્માઈલભાઈ એ દિવસોમાં, "ખોજા જાગૃતિ" નામે એક સાપ્તાહિક પણ પ્રકાશિત કરતા અને ખોજા આલમમાં સુધારાનો વાયરો પ્રસરે એ માટે તનતોડ મહેનત કરતા હતા. વળી, 'સ્પેન : જગત ક્રાંતિની પ્રથમ જવાળા' નામની એક ચોપડી એમણે લખી હતી અને બહુ વખણાઈ હતી, તેમ અતુલ સવાણી કહેતા હતા. ઈસ્માઈલભાઈએ પક્ષના મુખપત્ર માટે અનેક લેખો પણ લખ્યા હતા. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' પ્રકાશિત, 'ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો માહિતીકોશ'ની વિગતો અનુસાર, રાજકોટ પાસેના આંબરમાં, ઑક્ટોબર ૧૯૦૮ દરમિયાન જન્મેલા ઈસ્માઈલ કાનજી

---

व्यक्त करायची संधी उचलून धरली. त्यांनी स्वतःच्या कुवतीनुसार जसे जमेल तसे गुजरातीत लिहायचा प्रयत्न जारी ठेवला. अशा प्रयत्नांतून जन्माला आले 'डायास्पोरा-साहित्य'. 'डायास्पोरा' हा शब्द गुजराती भाषेत तसा अगदी अलिकडेच प्रचलित झाला असला तरी परदेशांत राहून मायभाषेत लिहिणे ही घटना अनेक वर्षांपासून चालू आहे. मागील तीस-चाळीस वर्षांच्या अवधीत ह्या प्रकारात नवीन भर पडली आहे. स्वातंत्र्योत्तर काळात डॉक्टर, इंजिनीयर व एम.बी.ए. झालेल्या बहुसंख्य मंडळींनी अमेरिका, ऑस्ट्रेलिया, इंग्लंड व इतर युरोपीय देशांत वास्तव्य केले. कुशाग्र बुद्धिमत्ता असलेली ही मंडळी, म्हणता म्हणता सधन झाली. त्यांच्या संस्कारजन्य भुकेतून त्यांच्या साहित्यिक कल्पनांना अंकुर फुटू लागले व या पिढीतून नवीन लेखक-कवी जन्माला आले. त्यांच्या निर्मितीला अभिव्यक्तीच्या माध्यमाची आवश्यकता होती. विपुलभाई कल्याणी यांच्यासारख्या सुहृद साहित्यप्रेमीने ही गरज बिनचूक ओळखली व तिला योग्य प्रतिसाद दिला. 'ओपिनीयन'मध्ये गुजराती 'डायास्पोरा'-निर्मित साहित्याला त्यांनी खास प्राधान्य दिले. भारतातील मातब्बर लेखक मंडळींना ज्याचा सुगावही नव्हता असे पाश्चिमात्य जग ह्या 'डायास्पोरा' लेखकांनी जवळून पाहिले होते; एवढेच नव्हे तर त्याचा स्वत: अनुभव घेतला होता. त्यांच्या गुणदोषांची त्यांना पक्की माहिती होती. जगभर हिंडल्याने त्यांचे पूर्वग्रह दूर झाले होते. त्यांना जगातील आर्थिक व सामाजिक प्रवाहांना तटस्थपणे पाहण्याचा नवीन दृष्टिकोन लाभला होता. त्यांचे गुजराती भाषेवर प्रभुत्व होते. साहजिकच, त्यांच्या साहित्यनिर्मितीवर ह्या सर्व गोष्टींचा प्रत्यक्ष परिणाम होत होता. 'ओपिनीयन' (व त्यासारख्याच अमेरिकेतून प्रकाशित होणा-या 'गुर्जरी', 'गुजरात दर्पण', 'गुजरात मित्र' इत्यादी प्रकाशनांनी) प्रगल्भ 'डायास्पोरा' साहित्यिक-कलावंतांना वाणी पुरवण्याचे कार्य हाती घेतले होते. गुजराती भाषेची एक छोटीशी पणती गुजरातबाहेर तेवत होती. 'ओपिनीयन'ची कागदी आवृत्ती बंद होत आहे, तेव्हा त्या पणतीवर अंधाराचे एक अदृश्य पटल पांघरले जात आहे, अशी धास्ती वाटते. त्यांतील आशेचा भाग म्हणजे 'ओपिनीयन' इलेक्ट्रॉनिक स्वरूपात चालू राहणार आहे. आपण ह्या नवीन रूपधारी 'ओपिनीयन'चे स्वागत करू या आणि त्यास शुभ चिंतुया!

संपर्क : विपुलभाई कल्याणी
vipoolkalyani.opinion@btinternet.com
e.mail : ashok@vidwans.com

હીરાણીએ, રાજકોટ સહિત અન્ય દેશી રાજ્યોની લડતમાં, કિસાન આંદોલનમાં, આરોડિયા કામદાર આંદોલનમાં તથા ભાવનગરમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય આંદોલનમાં ભાગ લીધો હતો. તે કારણે એમણે ગુપ્તવાસ, જેલ તથા હદપારી રાજકોટ, અમદાવાદ અને વડોદરામાં જેલ ભોગવી. જામનગર, પોરબંદર, ભાવનગર, પાલિતાણા અને જૂનાગઢનાં રાજ્યોએ એમને હદપાર કર્યા હતા. ૧૯૪૮ સુધી દેશી રાજ્યોની લડતોમાં મોખરે સામ્યવાદી પક્ષમાં હતા. આઝાદી પછી પણ તેમણે જેલવાસ ભોગવેલો અને આવી એક જેલ વેળા તેમની વહાલસોયી દીકરીનું અવસાન થયું અને તે હતાશ થઈ ગયેલા, તેમ જાણવા મળે છે. આખરે ૧૯૫૦માં પક્ષમાંથી એ છૂટા થયા. પાછળથી એ કરાંચી ગયા. ત્યાં આ ઊંચા ગજાના સ્વાતંત્ર્યસૈનિકે હયાતીના બાકીના દિવસો પસાર કરેલા.

ઈસ્માઈલભાઈ હીરાણી જેવા કેટલાક નિઃસ્વાર્થ સ્વાતંત્ર્યસૈનિકોને સૌરાષ્ટ્ર, ગુજરાત કે પછી ભારત, ભલા, કેમ સાંચવી નહીં શક્યું હોય ? આવા આવા સવાલોના જવાબો ઇતિહાસના સંશોધકોની ખોજનો વિષય બનવો જ જોઈએ. આવી ઘટના જ ખુદ વેદનાકારી છે.

કહે છે કે આ ઈસ્માઈલભાઈને તેમની રાષ્ટ્રપ્રેમની પ્રવૃત્તિઓ સારુ તેમના પિતા કાનજી ગૂલાભાઈનો ઉષ્માભર્યો ટેકો હતો. આ કાનજીભાઈના બનેવી વાલજીભાઈ જીવરાજ સવજીને કરીમભાઈ નામે એક પુત્ર. તે ફાતમાબાઈને પરણ્યા હતા અને તેમનું એક સંતાન એટલે આપણા આ અતુલ સવાણી. સામ્યવાદી આંદોલનમાં અગ્રિમપણે સક્રિય બની રહેલા આ અતુલભાઈનું લગ્ન મૂળ બનારસનિવાસી કુત્સિયાબહેન સાથે થયું હતું. આ દંપતીને નદીમ નામે એક પ્રભાવક સંતાન છે, અને અબીહાલ જર્મનીના લૉઅર સેક્સની વિસ્તારના એબરગોટ્ઝન ગામે તે સપરિવાર વસે છે. જર્મન બાનુ, સુસન સાથે નદીમે સરસ ઘરસંસાર માંડ્યો છે. દંપતીને યાસ્મિન અને વિવિયન નામે બે દીકરીઓ છે.



**આનંદ અને ઉલ્લાસની કોઈક પળે કુત્સિયાબહેન તથા અતુલભાઈ સવાણી**

વારુ, સને ૨૦૦૭ દરમિયાન, આ કુત્સિયાબહેન અને અતુલભાઈ સવાણી સંગાથે, મૉસ્કોમાં ઉત્કૃષ્ટ સમય ગાળવાની, પ્રકાશભાઈ અને મને તક સાંપડી હતી. "નિરીક્ષક"તંત્રી પ્રકાશ ન. શાહ તે પ્રવાસમાં મારા સહયાત્રી હતા. સંગાથે અમને બંનેને યાસ્નયા પોલ્યાના [Yasnaya Polyana] ખાતે, જગતના પહેલી હરોળના સાહિત્યકાર લિયો ટોલસ્ટોયના નિર્વાણ દિવસની ચોપાસ મળતાં, એક લેખક મિલનમાં અધિકૃત ભાગ લેવાનો અવસર મળ્યો હતો. એ ભાતીગળ પ્રવાસનું ય આજકાલ ખાસ સ્મરણ રહ્યા કીધું છે.

વારુ, ડાબેરી આંદોલનમાં ઈસ્માઈલભાઈ હીરાણી જેવાએ જે ફાળો આપ્યો છે તેમાં ફક્ત એમની જ વાતો નથી; એ આંદોલનમાં ગુજરાતીઓના અદના ફાળાની પણ વિગતો સંકળાઈ છે. વજુભાઈ શુક્લ, દિનકરભાઈ મહેતા, ચંદ્રભાઈ ભટ્ટ, રણછોડ પટેલ, હરિપ્રસાદ દેસાઈ, જયંતી પારેખ, જયંતી મોદી, ભોગીલાલ ગાંધી, સુભદ્રાબહેન ગાંધી, ખુશાલ તલકશી શાહ, કાન્તિભાઈ શાહ, મણિબહેન કારા, શંકર પંડ્યા, ધનવંત ઓઝા, બટુક દેસાઈ જેવાં જેવાં કુટીબંધ વ્યક્તિવિશેષોની દાસ્તાઁ પણ તેમાં જોવાંજાણવાંની સાંપડે છે. આ હરોળમાં અતુલ સવાણી પણ સહજ સ્વાભાવિક બેસે. આ દરેકે પોતપોતાની સમજણ મુજબ, આઝાદીની ચળવળમાં ભાગ લીધો, અને તેમ, પોતાના દેશપ્રેમને ઉજાગર કરી જાણ્યો છે. નજીકમાં, ગુજરાત રાજ્ય પોતાના આ અસ્તિત્વની સુવર્ણ વર્ષગાંઠ ઉજવશે. એ મહા ગુજરાતના આંદોલનના પાયામાં ઇન્દુલાલ યાજ્ઞિક અને તેમની દૂરંદેશ આગેવાની કેન્દ્રસ્થ રહી છે. ઇન્દુભાઈ યાજ્ઞિક પરે મહાત્મા ગાંધીની જેમ અસર રહી છે તેમ એ વખતના રૂસી આંદોલનની પણ અસર જોવા મળી છે. એમના એ આંદોલનમાંના અનેક સાથીદારોમાં આ ડાબેરી ઝોકના સંખ્યાબંધ સાથી સહોદરો હતા અને તેમણે ચાનકભર્યું યોગદાન આપી જાણ્યું છે. હકીકતમાં, ઇતિહાસકારોએ આ સંદર્ભે ખુલ્લા મને સંશોધનકામ કરી, કરાવીને સર્વસમાવિષ્ટ ઇતિહાસ લખવાની તાતી જરૂર છે. બહુ જ ઝડપે આ અને આવી ઐતિહાસિક વિગતમાહિતીઓ લુપ્ત થતી ચાલી છે. આપણી યુનિવર્સિટીઓના ઇતિહાસ વિભાગો આજે આને સારુ સજ્જ છે કે ? સમજદાર, દૂરંદેશ કાર્યક્રમને સારુ સોજ્ઝા અધ્યાપકો છે ખરા ? ઇતિહાસ પરિષદનું કલેવર તૈયાર છે કે ? આ ચિંતાભર્યા સવાલો છે.

વારુ, બીજા વિશ્વયુદ્ધના સમયથી હિંદમાં સામ્યવાદીઓ માંહે વિચારોનું, કાર્યોનું વલોણું સતત વલોવાતું રહ્યું. તે ઉત્તરોત્તર ઉગ્રપંથી બનતો ગયો. ૧૯૪૮થી બી.ટી. રણદીવે પક્ષના મહામંત્રી બન્યા. 'જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૫, 'સ્વરાજ્ય દર્શન' (રાજકારણ)'માં આપી વિગતો અનુસાર, ભાંગફોડ, તોફાનો, હડતાળો અને હુલ્લડો દ્વારા ભારત સરકારને ઉખેડી નાખીને સત્તા કરી લેવાના … ખ્યાલના આધારે તેમને પક્ષને આંધળા સાહસના માર્ગે ધકેલી દીધો. કેટલાક વરિષ્ઠ કક્ષાના આગેવાનોએ આ આંદોલનને જોઈએ તેવો ટેકો આપ્યો નહીં. પ્રતિક્રિયારૂપે ભારત સરકારે વળતો ફટકો માર્યો. પક્ષ માંહેની પરિસ્થિતિ વકરી બેઠી. કેટલાંકને હાંકી કઢાયાં કે પછી, ઠેકાણે પડાયાં. પૂરણચંદ્ર જોશીના મત મુજબ, 'પક્ષ તંત્ર તરીકે કાર્ય બજાવતો અટકી ગયો.' રણદીવે સામેનો વિરોધ વધતો ગયો અને ૧૯૫૦માં રણદીવેને સ્થાને રાજેશ્વર રાવ મહામંત્રી બન્યા. પરિસ્થિતિ વણસતી રહી અને ૧૯૫૧માં રાજેશ્વર રાવને વિદાય લેવી પડી. સાઠમા દાયકામાં, વળી, તડાં પડયાં અને બે પક્ષો ય ઊભા થયા.

સામ્યવાદી પક્ષના આ અને આવા સામૂકા પરિપ્રેક્ષ્યમાં, અતુલ સવાણીનું મૉસ્કો પ્રયાણ પણ જોવું, સમજવું જોઈએ. વળી, તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નેહરુની સોવિયેત રશિયાની યાત્રા તેમ જ રૂસી આગેવાનો બુલ્ગાનીન અને ખ્રુશ્ચોવની ભારત યાત્રાની પછીતે સામ્યવાદી વલણમાં ય ફેરફાર આવ્યો. 'હિન્દી રૂસી ભાઈ ભાઈ'નો સિલસિલો જાગૃત થયો. બંને મુલકો નજીક આવ્યા અને તેને કારણે, અનેક ક્ષેત્રે, આદાનપ્રદાન થવા લાગ્યું. એક પા, જેમ નભોવાણી સક્રિય બની, તેમ બીજી પા, વિધવિધ માહિતીલખાણનાં સેતુ ય ઊભા થવા લાગ્યા. મૉસ્કોમાં ભારતીય ભાષાઓનું ચલણ સ્વીકૃત થયું તથા અનુવાદનું કેન્દ્ર શરૂ થયું અને મજબૂત બની ધમધમતું રહ્યું. આમ સોવિયેત રશિયાના પાટનગર મૉસ્કો ખાતે 'પ્રગતિ પ્રકાશન ગૃહ'ની રચના થઈ. પરિણામે, ભારતમાંના સોવિયેત રશિયાના રાજદૂતાલય દ્વારા, ભારત સરકારના અનુમોદનથી, અતુલ સવાણી ત્રણ વરસના પહેલા કન્ટ્રાટે ફેબ્રુઆરી ૧૯૬૬માં મૉસ્કો પહોંચેલા. તે વખતે મૉસ્કો ખાતે આશરે ૬૯ ભાષાઓમાં કામ થતું, જેમાં ૧૨ જેટલી તો ભારતીય ભાષાઓ હતી. અતુલ સવાણીને સ્વાભાવિક ગુજરાતી વિભાગમાં કામ કરવાનું હતું.

પાંચ પાંચ દાયકાઓથી આ અતુલ સવાણીએ રશિયાના પાટનગર મોસ્કોમાં થાણું જમાવ્યું છે. એ માણસે ત્યાં બેસી જબ્બરું તપ કર્યું છે અને ગુજરાતી ભાષા સાહિત્યની ગજા ઉપરાંત ખિદમત કરી છે. સાંભરતું જ હશે, એ દિવસોમાં મુંબઈમાં સોવિયેત રશિયાનું માહિતીખાતુ કામ કરતું હતું. ત્યાં દિવંગત બટુક દેસાઈ, દિવંગત વામન જોશી અને બીજા સાથીદારો પૂરો સમય વ્યસ્ત હતા. તે જૂથમાં અનિલ દવે પણ હતા. તેથીસ્તો, તે દિવસોમાં, અતુલ સવાણી મોસ્કોમાં બેઠા બેઠા, આ માહિતી ખાતાના ગુજરાતી વિભાગના સાંકળ બની ગયા હતા. બીજી પાસ, મૉસ્કોના રેડિયો પરે અપાતા ગુજરાતી કાર્યક્રમને સારુ હાલ દિલ્હી વસતા દીપક ધોળકિયા અને અમદાવાદનિવાસી હસમુખ બારાડીએ તથા ચંદ્રકાન્ત વ્યાસે પણ નિષ્ઠાવંત સેવાઓ આપી છે.

બહુ જ ઋજુ સ્વભાવના આપણાં અતુલ સવાણી અને કુત્સિયા સવાણીનું આતિથ્ય માણનારાંઓ અનેક છે. એમાંનાં કેટલાંકને હળવાનો મળવાનો ય પ્રસંગ પડયો છે. તે દરેક આ દંપતીનાં સ્નેહ, કાળજી, લાગણી તેમ જ આતિથ્યની પોરસાવતી ભરપેટ વાતો કરતાં રહ્યાં છે. મૉસ્કોમાં ભણવા

જનારાંઓનો પણ તેમાં સમાવેશ છે. તાજેતરમાં, અતુલ સવાણી દિલ્હી આવ્યા ત્યારે હું ભારતપ્રવાસે હતો. એમને મળવાને સારુ દિલ્હી જવાનો યોગ ઊભો કર્યો. અને પરિણામે તેમનાં કેટલાંક સાથીદારોને મળવાનું બન્યું. તેમાં યોગેન્દ્ર જોશી અને મનીષાબહેન જોશી જેવાં વિખ્યાત દાક્તર દંપતી ય હતાં, દીપક ધોળકિયા જેવા રેડિયો ઉદ્‌ઘોષક પણ હતા અને રાધાકૃષ્ણ દૂબે જેવા કર્મઠ લેખક અને કર્મશીલ પણ હતા. તે દરેક કનેથી આપણાં આ સવાણી દંપતીની અનેક ઉષ્માભરી વાતો સાંભળી છે. મૉસ્કો પ્રવાસ વેળા, દદન ઉપાધ્યાય જેવા પત્રકાર, રામેશ્વર જેવા વેપારવણજના આગેવાન, અવીન્દ્ર સિંહ ચૌહાણ જેવા શહેરીઓ, તો રૂસી સાથીમિત્રો લ્યુદ્‌મિલા સાવેલ્યેવા, માર્ગરિતા તારવેર્દોવા, લ્યુદ્‌મિલા ખોખલોવાને ય હળવામળવાનું બનતું રહેલું. તે દરેક પણ સાહેદી પૂરવામાં સ્વાભાવિક આગળ રહેલાં.

અતુલ સવાણી હવે મૉસ્કોમાં નિવૃત્ત જીવન ગાળે છે. એમના મિત્ર અને જોડીદાર દિવંગત નરેશભાઈ વેદીની દીકરી પોતાનાં વ્યસ્ત વેપારવણજની જવાબદારીઓ વચ્ચે અને પોતીકા પરિવારની સાંચવણ સાથે, અવારનવાર, કાળજીસંભાળ લીધાં કરે છે. એ છતાં, સ્વયંપાકી અતુલ સવાણી અનુવાદોની કામગીરીમાં આજે ય પ્રવૃત્ત રહે છે. ક્યારેક થાય છે : અતુલભાઈ જો પોતાનાં સ્મરણો લખે તો આપણું સાહિત્ય કેટલું બધું સક્ષમ બની જાય. આવી સાંભરણમાં, હિન્દની આઝાદીની ચળવળનું ખુદ દેખ્યું, અનુભવ્યું પ્રતિબિંબ પણ હોય; સામ્યવાદી પક્ષની ચડતીપડતીની ઝાંખી પણ હોય; સોવિયેત રશિયામાંથી ઉદ્‌ભવેલા આજના રશિયાની કેટકેટલી વિગતો હોય; એમણે અને સાથીમિત્રોએ રશિયામાં બેસી કરેલા તપની અથથી ઈતિ વિગતમાહિતીઓ પણ હોય; રશિયાની મુલાકાતે ગયેલા અનેક નામી અનામી હિન્દીઓ અને ગુજરાતીઓની વાતો પણ હોય. અતુલ સવાણી, ઉઠાવો પેન અને કાગળ. આની અમને રાહ છે.

**પાનબીડું :**

વીરત્વ તેમ રસિકતા માટે કાઠિયાવાડ સુપ્રસિદ્ધ છે. જે દિવસે મથુરાથી યાદવોએ આવી એ ભૂમિમાં નિવાસ કીધો તે દિવસથી એનાં પુણ્ય ઉદય પામ્યાં છે. એનાં સંતાનોનો ઉજ્જ્વળ ઈતિહાસ સુવિદિત છે. વર્તમાનકાળમાં પણ ભારતવર્ષની અને ગુજરાતની સેવા કરવાના દેદીપ્યમાન પ્રસંગો કાઠિયાવાડીઓએ ઊજવ્યા છે. એવી પુણ્યભૂમિનાં સંતાનો તરફથી અવિરત સાહિત્ય સેવા કરવાને આ પત્ર દ્વારા જે પ્રસંગ ઉપસ્થિત કરવામાં આવ્યો છે તે પ્રસંગ વધાવી લઉં છું અને સેવાના પ્રદેશોનો યથાશક્તિ નિર્દેશ કરવા પ્રવૃત્ત થાઉં છું.

(૧૫.૭.૧૯૧૬)

**– રણજિતરામ વાવાભાઈ મહેતા**

(સૌજન્ય : 'ગુજરાતી સાહિત્ય પરિષદ' પ્રકાશિત "રણજિતરામ ગદ્યસંચય", પાન ૩૮૩)

**e.mail : vipoolkalyani.opinion@btinternet.com**

## બા

**• દક્ષા પટેલ**

**(૧)**

**હવે**
**બાની હથેળીઓ**
**હસ્તરેખાઓ વગરની**
**સાવ સપાટ ને સુંવાળી થઈ ગઈ છે.**

**વરસોને ઉલેચી ઉલેચી**
**વેઢાઓ પણ ભૂંસાઈ ગયા છે;**
**પણ ચૂલાનો દેવતા સંકોરતી આંગળીઓ**
**હજીએ ઊની ઊની લાગે છે.**

**કાલાં ફોલતાં ટેરવાંમાં**
**હજીએ કપાસિયાની લીલાશ**
**અને કપાસની હૂંફ વર્તાય છે.**

**એમને**
**કાચબાની ગતિએ ચાલતી**
**એકાકી બપોરે**
**વીતેલાં વર્ષોના પટમાંથી**
**મનપસંદ સમયના ટુકડાઓ ગોઠવીને**
**ગોદડી સીવવી હોય છે.**

**પણ જાણે**
**સોયની અણી વાગવાની બીકથી**
**એમનાં ટેરવાં કંપી ઊઠે છે.**

**ત્યારે ટેરવાંની વચ્ચે ફરતી માળાના મણકા**
**ઘડીક થંભી જાય છે-**
**વીતેલા સમયની જેમ.**

**(૨)**

**ટટ્ટાર રુઆબથી ચાલતા બા**
**ક્રમબદ્ધ અટકતાં ગયાં.**
**પહેલાં એકપગી લાકડી**
**ને છેલ્લે ચારપગનું વૉકર.**

**પગ વધતા ગયા**
**તેમ તેમનું જોર ઘટતું ગયું!**

**હવે લાકડી-વૉકરને બદલે**
**આખેઆખી પથારી પર**
**લંબાઈને સૂતા છે**
**પગ હોવાના આશ્વાસન સાથે.**
**બેસવું, ઊભવું કે ચાલવું**
**પગ ભૂલી ગયા છે.**

**ટીંગાટોળી કરી ફેરવીએ છીએ**
**પથારીથી વ્હીલચૅર પર**
**ને વ્હીલચૅરથી પથારી પર...**
**ત્યારે બા**
**આનંદથી ગાય છે :**
**'આલખી-પાલખી જય કનૈયાલાલ કી'**
**ને પછી**
**વ્હીલચૅર પર બેસતાં જ કહે છે :**
**'ચાલો ખેતરે.'**

(સદ્‌ભાવ : "કવિલોક", જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૦)

## બા પાસેથી શીખ્યો છું હું

**• પંચમ શુક્લ**

**ભણ્યાં પછી પણ શું ગણવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**ભાર નકામો ભૂલી જવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**વહેવારોને જાળવવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**આદર્શોને ઓળખવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**સંન્યાસીને જમાડવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**સંસારી થઈને રહેવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**ટાઢાકોઠે સાંભળવાનું બા પાસેથી શીખ્યો છું હું,**
**હૈયું કહે તેમ જ કરવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**કણ કણ રે' ને ઊડે ફોતરાં એ જ માપથી હળવું ભારે-**
**જરૂર જેટલું ઝાટકવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**આદુને ઝીણી ખમણીથી કોળાને મોટાં ચાકુથી,**
**કદ પરમાણે વેતરવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**મૂઠીમાં મંદરાચળ જેવું, કોઠીમાં ઘઉં દાણા જેવું,**
**અવર નજરને પારખવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**કથાપૂજામાં એક આચમન, સૂતક હોય તો માથાબોળ,**
**પાણી ક્યાં કયમ વાપરવાનું; બા પાસેથી શીખ્યો છું હું.**
**ચકલીની કણકી નોખી ને ગૌમાતાનો ગ્રાસ અલગ પણ,**
**થાળી ધોઈનેય પીવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**પલકવારમાં તાકેતાકા ઉખેળવાની ગુંજાશે પણ,**
**પંડ જેટલું પાથરવાનું બા પાસેથી શીખ્યો છું હું.**
**સૂરજને દઈ અર્ધ્ય સવારે, કરી આરતી સંધ્યા ટાણે,**
**ચડતી પડતી જીરવવાનુ બા પાસેથી શીખ્યો છું હું.**
**(૯/૨/૨૦૧૦)**

spancham@yahoo.com

## કોઈની બુદ્ધિના પાંજરામાં

**• પન્ના નાયક**

કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી;
કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે,
અને ઈચ્છા મુજબ મને ઝંખ્યા કરે;
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું.
મને આવું અઢેલવાનું મંજૂર નથી.
પોતાની આંખ હોય પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય પોતાનું ગીત હોય,
મનની માલિક હું મારે તે બીક શી?
હું તો મૌલિક છું,
હા માં હા કહીને ઠીક ઠીક રહીને,
મને ઠીક ઠીક રહેવાનું મંજૂર નથી.
માપસર બોલવાનું માપસર ચાલવાનું,
માપસર પહેરવાનું માપસર પોઢવાનું, માપસર
ઓઢવાનું,
માપસર હળવાનું માપસર ભળવાનું,
આવું હળવાનું ભળવાનું માપસર ઓગળવાનું
મને આવું પીગળવાનું મંજૂર નથી.
કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી;

9034, Lykens Lane, PHILADELPHIA
PA 19128-1016, U.S.A.

# આગાહી

• હરનિશ જાની

સપ્ટેમ્બરમાં ન્યુયૉર્કના કેનેડી એરપોર્ટથી, ન્યુ જર્સી ઘેર જતાં, બનેવીને મેં પૂછ્યું, 'અમેરિકાના સ્નો વિષે બહુ વાંચ્યું છે. મને સ્નો જોવા તો મળશે ને ! ગુજરાતમાં કશી ખોટ હોય તો તે સ્નોની જ. સ્નોની બ્યુટી જ કાંઈ અનોખી છે. આણંદમાં આપણાં ઘરમાં સ્નોના સીનવાળા કેટલા ય કેલેન્ડર લટકે છે.'

ઓક્ટોબરમાં મેં બનેવીને પૂછ્યું, 'સ્નો કેવો હોય ? હજુ સ્નો કેમ પડ્યો નથી ? મારે સ્નોના ફોટા પાડવા છે.'

નવેમ્બરમાં બનેવીએ કહ્યું કે, 'આ વખતે વિન્ટર વહેલો બેસશે. સ્નો વહેલો પડશે.' મેં ડિજીટલ કેમેરા તૈયાર કરી દીધો. વીડિયો કેમેરા તૈયાર કરી દીધો. મારે એ તક ઝડપવી હતી.

અને નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં બનેવીએ એક સાંજે બૂમ પાડી, 'બહાર આવ; બહાર આવ. જો સ્નો ચાલુ થયો … ' હું બહાર દોડ્યો. બે હાથ પ્રસરાવીને ગોળ ગોળ ફરવા લાગ્યો. નાની નાની, હલકી ફૂલ, બરફની સફેદ ક્રિસ્ટલી કરચો વરસતી હતી. મેં મોં ખોલી અને ઝીલવા માંડી. ખૂબ મઝા આવતી હતી. સલમાન ખાનની જેમ ખમીસ કાઢી નાખ્યું. અંદરથી કેમેરા લઈ આવ્યો. બનેવીએ ફોટા પાડ્યા. કવિ હોત તો કવિતા લખી નાખી હોત. બહાર ઠંડી હતી પણ અંદર જુવાન ગરમ લોહી હતું.

બીજી સવારે, રાતે પડેલા સ્નોને, સ્નો સાફ કરવાનો પાવડો (shovel) લઈને સાફ કર્યો. બનેવીને કહી દીધું, મારા આવ્યા પછી તમારે કાંઇ ચિંતા નહીં કરવાની. મેં ડ્રાઇવ વે, વૉક વે, અને બનેવીની ત્રણ કારને સાફ કરી. આમ પણ બે ઈંચ સ્નો પડ્યો હતો. મેં બનેવીના ઘરની સામે રહેતા એક સિનિયર કપલને કહ્યું, 'મને તમારો સ્નો સાફ કરવાની તક આપો. આ રીતે મને કસરત મળશે.' તેમનો પણ સ્નો સાફ કર્યો. તેમને ખુશ કર્યાં.

બનેવીએ અઠવાડિયા પછી કહ્યું, 'આવતી કાલે સ્નોની આગાહી છે.' મેં પાછા કેમેરા તૈયાર કર્યા. બનેવીએ કહ્યું, આ વખતે છ ઈંચ સ્નો પડવાનો છે. અને સ્નો પડ્યો. મેં વધુ ફોટા પડાવ્યા અને ઈન્ટરનેટ પર આણંદમાં રહેતા મિત્રોને મોકલ્યા. સવારે સ્નો સાફ કરવાના પાવડાથી કલાક મજુરી કરીને સ્નો સાફ કર્યો. પરંતુ પાડોશીને તેમનો સ્નો સાફ કરવાનું ન પૂછ્યું.

બે દિવસ પછી બનેવીએ કહ્યું, 'ગુડ ન્યુઝ, આવતી કાલે સ્નો પડવાનો છે. લગભગ દસ ઈંચની આગાહી છે.' અને સ્નો પડ્યો. સવારે પગ પર બે જોડી વુલન મોજાં પહેર્યાં, શર્ટ પહેર્યું, સ્વેટર પહેર્યું. જેકેટ પહેર્યું, ઉપર ઓવર કોટ પહેર્યો. માથે વુલન ટોપી પહેરી. હાથ પર લેધરના મોજાં પહેર્યાં. લાંબા બે ઈંચ જાડાં તળિયાંવાળા પાંચ કીલોના સ્નો શૂઝ પહેર્યાં. ચાલવાનો વૉક વે સાફ કરી, ડ્રાઇવ વે સાફ કર્યો. અને બનેવીની ત્રણ કાર પરથી સ્નો કાઢ્યો. ખાસ્સી મજૂરી કરી. ફોટા ના પાડ્યા. પાડોશીના ઘર તરફ જોયું પણ નહીં.

અઠવાડિયા પછી બનેવી બોલ્યા, 'આગાહી છે કે સાઉથમાંથી નવું સ્ટોર્મ આવે છે. એટલે દસ બાર ઈંચ સ્નોની આગાહી છે.' મેં બનેવીને પૂછ્યું, 'આ આગાહી ખોટી પડે ખરી?' - અને એક ફૂટ સ્નો પડ્યો. સવારે પગ પર બે જોડી વુલન મોજાં પહેર્યાં, શર્ટ પહેર્યું, સ્વેટર પહેર્યું. ઓવર કોટ પહેર્યો. માથે વુલન ટોપી પહેરી. હાથ પર લેધરના મોજાં પહેર્યાં. લાંબા બે ઈંચ જાડાં તળિયાંવાળા પાંચ કીલોના સ્નો શૂઝ પહેર્યાં. અને મજૂરી ચાલુ કરી દીધી. બનેવીની ત્રણે કાર સાફ કરી. ડ્રાઇવ વે સાફ કર્યો. ચાલવાનો વૉક વે સાફ કર્યો. - ઠંડી કહે મારું કામ. આંગળાં ઠરી ગયા. નાક લાલ થઈ ગયું. છાતીમાં પવન ભરાતો હતો. ઠંડીને લીધે ચામડી દાઝતી હોય એમ લાગતું - ફોટા પડાવવાનો તો વિચાર સુદ્ધાં નહોતો આવતો. બનેવી નફ્ફટની જેમ મને મદદ કરવાની મૂકીને બારીમાંથી જોતાં હતા. પાડોશી બાયનોક્યુલરથી દૂર એમની બારીમાંથી મારા નાકમાંથી દદડતું પાણી જોતાં હતાં.

માંડ અઠવાડિયું થયું હશે અને બનેવી કહે, 'સ્નોની આગાહી છે. આ વરસે વ્હાઇટ ક્રિસમસ છે.' મારું માથું ફરવા લાગ્યું. કહેવાની ઈચ્છા તો થઈ કે 'પડે તમારો સ્નો ચૂલામાં….' - મેં બનેવીને પૂછ્યું, કેટલો વખત આ સ્નો પડશે?' 'પડશે માર્ચ સુધી.' મેં કહ્યું, 'હજુ તો જાન્યુઆરી નથી આવ્યો. ક્રિસમસની આગલી રાતે પાછો એક ફૂટ સ્નો પડ્યો. - સવારમાં બારી બહાર જોયું અને મેં બૂમ પાડી, 'આ ન ચાલે ! આ અન્યાય કહેવાય. સાલો હરામખોર.' બનેવી કહે, કોને ગાળો દે છે ? સ્નોને ? એના કરતાં સ્નો સાફ કરવા માંડ.' સવારે પગ પર બે જોડી વુલન મોજાં પહેર્યાં, શર્ટ પહેર્યું, સ્વેટર પહેર્યું, જેકેટ પહેર્યું, ઉપર ઓવર કોટ પહેર્યો. માથે વુલન ટોપી પહેરી. હાથ પર લેધરના મોજાં પહેર્યાં. લાંબા બે ઈંચ જાડાં તળિયાંવાળા પાંચ કીલોના સ્નો શૂઝ પહેર્યાં. હાથમાં શોવલ લીધી અને મજૂરી ચાલુ કરી દીધી. બનેવીની ત્રણે કાર સાફ કરી. ડ્રાઇવ વે સાફ કર્યો. ચાલવાનો વૉક વે સાફ કર્યો. મજૂરીનો ટોટલ સમય ત્રણ કલાક. બનેવી મારા ફોટા પાડવા આવ્યા. મેં તેમના હાથમાંથી કેમેરા ઝુંટવી લીધો અને દૂર નાખી દીધો. મને ઠંડી ચઢી હતી. માથું ઠરી ગયું હતું. બનેવી નફ્ફટની જેમ કહે : 'તારે સ્નોની બ્યુટી નથી ઝડપવી?' મારી આંખમાંથી અને નાકમાંથી પાણી દદડતું હતું. ઠંડી હવામાં મારા હાથના આંગળાં ઠરી ગયા હતાં. બે બે જોડી મોજાં અને બૂટ હોવાં છતાં, પગનાં અંગુઠાં થીજી ગયા હતા. - જુવાન લોહી ગરમ હોય એ વાત ભૂલાઈ ગઈ. મને એવી ફિલીંગ થઇ કે પાડોશી દેખાતા નથી, પણ ચોક્કસ બારી પાસે ઊભા ઊભા મને જુએ છે, સાલ્લા !

જાન્યુઆરી મહિનો આવ્યો. બનેવીએ કહ્યું કે એ લોકો બ્લિઝર્ડની વાત કરે છે. બનેવીએ સમજાવ્યું કે કચ્છના રણમાં રેતીનું તોફાન થાય છે એવું આ સ્નોનું તોફાન આવવાનું છે. બનેવીએ કહ્યું કે આપણે સ્નો પડે તે પહેલાં મીઠું છાંટી દેવાનું, જેથી સ્નો સાફ કરતાં તને ફાવે. એમણે મને વીસ કીલોની મીઠાની ગુણ પકડાવી - અને ઘરની આગળના ભાગ પર મીઠું છંટાવ્યું. સ્નો પડ્યા પછીની મજૂરી ઓછી હોય તેમ સ્નો પડે તે પહેલાં સ્નોને ખાતર મજૂરી કરાવી. આ અમેરિકનોની તો આગાહી પણ ખોટી પડતી નથી .બીજે દિવસે કલાકના બે ઈંચના હિસાબે બાર કલાક સ્નો પડ્યો. બનેવી બોલ્યા, 'બારી બહાર જો કુદરતની લીલાના દર્શન થશે.' મેં બારી બહાર જોયું. – કુદરતની લીલા !! માય ફૂટ ! આટલો સ્નો કયારે સાફ થશે? કોણ સાફ કરશે? - સવારે પગ પર બે જોડી વુલન મોજાં પહેર્યાં, શર્ટ પહેર્યું, સ્વેટર પહેર્યું, જેકેટ પહેર્યું, ઉપર ઓવર કોટ પહેર્યો. માથે વુલન ટોપી પહેરી. હાથ પર લેધરના મોજાં પહેર્યાં. લાંબા બે ઈંચ જાડાં તળિયાંવાળા પાંચ કીલોના સ્નો શૂઝ પહેર્યાં. બહાર જતાં પહેલાં બનેવી તરફ જોયું. વિચાર્યું એ ઊઠે છે ખરા, મદદ કરવા ? પણ ના, એ તો કૉફી પીતા રહ્યા. પાછા ઉપરથી કહે. 'સારું છે ને કે તું અહીં છે તે ! તારા વિના આટલો સ્નો કોણ સાફ કરત ?' હાથમાં શોવલ લીધી અને મજૂરી ચાલુ કરી દીધી. ત્રણેમાંથી એકે કાર દેખાતી નહોતી. રસ્તા પરના સ્નો અને તેના પર પડેલા સ્નોમાં દટાઈ ગઇ હતી. મને એક મુરખ જેવો વિચાર આવ્યો. કે હમણાં વૈશાખી વાયરા વાય તો? પ્રભુએ નરસૈયા માટે - મીરાં માટે કર્યું હતું એમ મારા માટે કરે તો? પણ પ્રભુએ તેમ ન કર્યું અને બનેવીના આ સાળાએ સ્નો સાફ કરવા માંડ્યો. ત્રણ કલાકમાં એક જ કાર ચોખ્ખી કરી - બનેવી બોલ્યા, 'કાર પરથી સ્નો તો કાઢ્યો પણ કારની આજુબાજુ તો મોટા ઢગલા કર્યા છે. તે કાર કેવી રીતે કાઢીશું? આ દસ ફૂટના ઢગલા સાફ કરવા માંડ.' અને તે અંદર ગયા. હું મોટા મોટા સ્નોના ઢગલા જોતો હતો. અને વિચારતો હતો. આ ગારબેજ કયારે સાફ થશે ? ભગવાનની લીલા જોતાં જોતાં ભગવાનમાંથી શ્રદ્ધા ઊઠી ગઈ. સાલી, ગ્લોબલ વૉર્મિંગ ક્યાં ઊડી ગઈ ? હું કાંઇ કરું તે પહેલાં તો તે થોડીવારમાં બહાર આવ્યા. બોલ્યા, 'હવે સ્નો કાઢવાની જરૂર નથી. હમણાં જ આગાહી સાંભળી - આજે રાતે બીજું સ્નો સ્ટોર્મ આવે છે. ત્રીસ ઈંચની આગાહી છે. તે પડી ગયા પછી કાલે બધો સ્નો સાથે સાફ કરજે.'

મને ક્યારે ઘરમાં લાવ્યા તે તો યાદ નથી. પણ આંખ ખુલી ત્યારે બહેન બોલતા હતાં - 'આમ તો એ મજબૂત મનનો છે. પણ બેભાન કેમ થઇ ગયો? તે સમજાતું નથી. ભલું થજો આપણા પાડોશીનું કે જેમણે આને ઘરમાં લાવવામાં મદદ કરી !' હું બોલ્યો, 'તમે જાણો અને તમારો સ્નો જાણે. હું ચાલ્યો પાછો આણંદ.'

[4, Pleasant Drive, YARDVILLE, NJ 08620 U.S.A.]
e mail : harnish5@yahoo.com

# વાચકને રળિયાત કરે તેવું પરિભ્રમણ

• દીપક મહેતા

‘ગુજરાતી સાહિત્ય પરિષદ ઈત્યાદિ સંસ્થાઓનાં જે સંમેલનો આપણે ભરીએ છીએ, તેની અંદર મુસ્લિમ ભાઈઓનું સન્માન ચાહીને ન કરી શકાય? ગુજરાતમાં મુસ્લિમ કવિતાકારો છે અને લેખકો પણ છે. ઊંડી વિદ્વત્તાથી વિભૂષિત મુસ્લિમો પણ અજાણ્યા પડયા હશે. એમને ગુજરાતના સાહિત્યઉત્સવોમાં આગળ પડતા કરી શકાય.’ કોનો હશે આ વિચાર? નારાયણભાઈ દેસાઈનો? ના.

‘વંદે માતરમ્’ ગીત એક શુદ્ધ સાહિત્યકૃતિ છે. એમાં મૂર્તિપૂજા નથી, નથી દેવીપૂજા, નથી પ્રભુની પણ પૂજા. એ તો રાષ્ટ્રભૂમિને ‘માતા’ કહી ઉપાસનાર ગીત છે. હિન્દની ભૂમિ મુસ્લિમોની પણ મા છે. અંગ્રેજી શબ્દ ‘મધરલેન્ડ’નો તેઓ સ્વીકાર કરે છે. એકાએક, બસ આજે જ મુસ્લિમોને આ ગીતમાં મૂર્તિપૂજા કાં સૂઝી? મુસ્લિમ સાહિત્યપ્રેમીઓ આ ગીત પર પોતાનો નિખાલસ અભિપ્રાય તેમ જ ગીતની ભાવનાનો અર્થ પ્રકટ કરે તે જરૂરનું છે.’ કોણ આ કહે છે? ગુણવંત શાહ? ના.

‘કલમના કારીગરનો જવાબ એક જ હોઈ શકે: હું આજે એકેય વર્ગની સરમુખત્યારી સ્વીકારવા તૈયાર નથી. મેં રાજ્યાશ્રયને તિલાંજલિ દીધી છે, તે નવી સત્તાનું શરણું સ્વીકારવા માટે નથી લીધી. હું સ્વાધીનોનોય સ્વાધીન રહેવા માગું છું. મણિમંદિરો મહાલવાના અભિલાષ મેં સંઘર્યા નથી. મારે કોઈ પણ આશ્રયદાતાનો, વ્યક્તિનો કે સમૂહનો સોનાનો તોડો પહેરવો નથી’. કોનો છે આ હુંકાર? સિતાંશુ યશકુંદ્રનો? ના.

‘એક દ્રષ્ટિએ અંગ્રેજી અત્યારે વિશ્વભાષાનું સ્થાન ભોગવી રહી છે. જગત સાથેના આપણા સંબંધો દિનપ્રતિદિન વધુ મજબૂત, માર્મિક તેમ જ વ્યાપક બનતા જાય છે તેવા આ યુગમાં અંગ્રેજી ભાષા પ્રત્યે પ્રજાનાં બાળકોમાં નરી સૂગ કે નફરત પેદા કરવી નહીં પાલવે? સાચી સમજભરી આ વાત કોની છે? ઉમાશંકર જોશીની? ના.




ઉપરનાં ચારે અવતરણો એક જ લેખકના એક જ પુસ્તકનાં પહેલાં દોઢસો પાનાંમાંથી લીધાં છે. તેરસો પાનાંના આ પુસ્તકનું નામ છે ‘પરિભ્રમણ’ અને એના લેખક છે ઝવેરચંદ મેઘાણી. તેનું સંપાદન કર્યું છે મેઘાણીના પુત્રો જયંત મેઘાણી અને અશોક મેઘાણીએ. ઝવેરચંદ મેઘાણીનું સમગ્ર સાહિત્ય ૨૦ ગ્રંથોમાં પ્રગટ કરવાની ગાંધીનગરની ગુજરાત સાહિત્ય અકાદમીની યોજના હેઠળ શ્રેણીના પાંચમા ગ્રંથના બે ખંડરૂપે તે પ્રગટ થયું છે. મૂળ તો આ પુસ્તકનો પહેલો ભાગ મેઘાણીએ ૧૯૪૫માં પ્રગટ કરેલો. તેમના અવસાન પછી મહેન્દ્ર મેઘાણીએ બીજા બે ભાગ પ્રગટ કરેલા. પણ હવે જે પ્રગટ થાય છે તે પુનર્મુદ્રણ નથી, નવસંસ્કરણ છે, સાચા અર્થમાં. ત્રણ ભાગની પહેલી આવૃત્તિમાં કુલ ૨૪૨ લખાણો હતાં તેમાંથી પંચાવન લખાણો દૂર કરીને ૧૮૭ લખાણો અહીં સમાવ્યાં છે. તો તેની સામે આજ સુધી અગ્રંથસ્થ રહેલાં એવાં ૩૪૭ નવાં લખાણો આ નવસંસ્કરણમાં ઉમેર્યાં છે. આ ઉપરાંત ૧૯૩૫માં પ્રગટ થયેલ ‘વેરાનમાં’ નામના પુસ્તકનાં ૪૧ લખાણો પણ અહીં સમાવ્યાં છે. આમ, આ બે ભાગમાં સમાવેલાં લખાણોની કુલ સંખ્યા ૫૭૫ જેટલી થવા જાય છે. સંપાદકોએ જે ૩૪૭ નવાં લખાણો ઉમેર્યાં છે તે મેળવતાં તેમને માથે શી વીતી હશે તે તો તેઓ જ જાણે. અખબારો ‘જન્મભૂમિ’, ‘ફૂલછાબ’ અને બીજાં કેટલાંક સામયિકોની ફાઈલો મેળવી,

ઉથલાવી, ફંફોસી આ લખાણો મેળવવાનું આટલા દાયકા પછી સહેલું ન જ હોય. પણ એમણે એ મહેનત કરી છે. વળી મૂળ ત્રણ ભાગ અને ‘વેરાનમાં’નાં લખાણો તેમણે જેમનાં તેમ નથી છાપી નાખ્યાં. આખા પુસ્તકનાં બધાં લખાણોની નવેસરથી ગોઠવણી કરી છે. પુસ્તકના પહેલા ખંડમાં ત્રણ વિભાગમાં લખાણો ગોઠવ્યાં છે: સાહિત્યની વિચારભૂમિમાં, ગુજરાતી સાહિત્ય સૃષ્ટિમાં અને સાહિત્યના સીમાડાઓમાં. જ્યારે બીજા ખંડનાં લખાણોને આ વિભાગોમાં ગોઠવ્યાં છે: પરભાષાના પ્રદેશમાં, પત્રકારની



દુનિયામાં, કલાજગતમાં, ઘરદીવડા અને ‘વેરાનમાં’. આ આઠ વિભાગોનાં નામ જોવાથી પણ મેઘાણીના આ પરિભ્રમણનો વ્યાપ કેટલો તો મોટો છે એનો ખ્યાલ આવશે. વળી મેઘાણીના શબ્દને સથવારો આપી શકે એવાં રેખાંકનો, ફોટા, ઈતર દસ્તાવેજી સામગ્રી, મૂળ પુસ્તકોનાં જેકેટ વગેરે શોધી શોધીને પુસ્તકમાં મૂક્યાં છે. જરૂરી લાગે ત્યાં મૂળ લખાણની સાથે પાદ ટીપો ઉમેરી છે અને અંતે લેખસૂચિ અને શબ્દસૂચિ પણ મૂકી છે. નવ ચોપડીમાંથી ૧૯ કૃતિઓ ઝેરોક્સ કરાવી, પોણા પાનાની પ્રસ્તાવના લખી દસમું પુસ્તક મૂળ લેખકને બદલે પોતાને નામે છપાવી નાખનાર ‘સંપાદકો’ની આજે આપણે ત્યાં ખોટ નથી. પુસ્તકના પૂંઠા પર માત્ર સંપાદકનું નામ જ છાપ્યું હોય, મૂળ લેખનું નામ જ ગાયબ હોય! આવાં સંપાદનોની વચમાં, સંપાદન કેવું હોય, તેને માટે કેવી દ્રષ્ટિ જોઈએ, કેટલી મહેનત કરવી જોઈએ, કેટલી ઝીણવટ રાખવી જોઈએ તેના એક આદર્શ નમૂના તરીકે ‘પરિભ્રમણ’ને રજૂ કરી શકાય તેમ છે. પોતાના નિવેદનમાં સંપાદકો કહે છે: ‘અમે સંપાદકો સાહિત્યના અભ્યાસથી રંગાયેલા નથી એ એક રીતે અનુકૂળ બાબત બની છે: અમે પણ સામાન્ય સાહિત્યસમજથી વિશેષ સજ્જ નહીં એવા વાચકો જ છીએ તેથી આ લખાણોને તેના યથાર્થ સ્વરૂપે પેખીઆસ્વાદીને અમને ઉચિત સમજાયો એવો તેનો સમુચ્ચય રચવાનો પ્રયત્ન કર્યો છે.’ આપણને આવા સંપાદકો થોડા વધુ મળે તો? ‘રંગાયેલા’ સંપાદકોનાં સંપાદનોએ તો દાટ વાળ્યો છે. કોઈ ‘રંગાયેલાઓ’ જરૂર પ્રશ્ન કરશે: ‘પણ આ પુસ્તકનાં લખાણને ‘શુદ્ધ’ સાહિત્ય કહી શકાય?’ તો કોઈ કહેશે કે આ તો સાહિત્યિક પત્રકારત્વની નીપજ છે. વળી આમાંનાં ઘણાં લખાણો મૂળે છાપામાં છપાયેલાં એટલે કોઈને તેમને ‘છાપાળવાં’ કહેવાની કુમતિ પણ સૂઝે. આવા ‘રંગાયેલાઓ’ આજે જ છે એવું નથી, મેઘાણીના જમાનામાં પણ હશે. ‘પરિભ્રમણ’ના પહેલા ભાગની પહેલી આવૃત્તિના નિવેદનમાં તેમને મેઘાણીએ પહેલેથી જ રોકડો જવાબ આપી દીધો છે: વિવેચનના પંડિત લેખે નહીં, એવા પંડિત બનવાની ઉમેદ રાખીનેય નહીં, પણ એક સામાન્ય સમજના રસિક વાચક લેખે જ આ લખાણો કર્યાં છે. સામાન્ય વાચકની કક્ષાથી ઉપર જવાની જરૂર પણ નહોતી. સામાન્ય એ જ મારી દ્રષ્ટિએ સંગીન છે. પણ હકીકતમાં ‘પરિભ્રમણ’માંનાં લખાણો સામાન્ય વાચકથી માંડીને મોટા ચમરબંધી વિવેચકો પણ વાંચતાં આંગળાં મોંમાં નાખી જાય તેવાં છે. એક જ વાક્યમાં કહેવું હોય તો કહી શકાય કે જે આ ‘પરિભ્રમણ’ વાંચશે તે રળિયાત થઈ જશે.

**પરિભ્રમણ: નવસંસ્કરણ, ખંડ ૧, ૨. લે.: ઝવેરચંદ મેઘાણી. સં. જયંત મેઘાણી, અશોક મેઘાણી. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર૨૦૦૯. કુલ ૧૨૯૯ પાનાં, રૂ. ૪૫૦ (બે ભાગના).**

(સૌજન્ય : “મુંબઈ સમાચાર”, ‘વરાઈટી’ પૂર્તિ, ૧૪.૦૩.૨૦૧૦)

# ભાષાની ભેળપૂરી

• સુરેશ દલાલ

અંગ્રેજી મને ગમે છે. ગુજરાતી મારું સારસર્વસ્વ છે. ગુજરાતી મારી માતા છે. ગુજરાતી મારું ઘર છે. અંગ્રેજી મારી ઓફિસ છે. ગુજરાતી મારું પ્રવેશદ્વાર છે. અંગ્રેજી મારી બારી છે. મુશ્કેલી એ છે કે આપણે અંગ્રેજીને ગેટ વે ઓફ ઈન્ડીઆ બનાવી દીધી છે. પ્રત્યેક ભાષાને એનું પોતાનું રૂપ અને માધુર્ય હોય છે. પ્રત્યેક ભાષાને એની વિશિષ્ટતા અને એનું વ્યક્તિત્વ હોય છે. કોઈ ભાષા સારી કે ખરાબ હોતી જ નથી. પ્રત્યેક ભાષાને એનું નાદસ્વરૂપ અને એનું અર્થસ્વરૂપ છે. વાંધો અંગ્રેજી સામે નથી, અંગ્રેજીના આક્રમણ સામે છે. અંગ્રેજો ગયા પછી આપણે નવા પ્રકારની ગુલામી સ્વીકારી લીધી છે. આપણે અંગ્રેજીના મોહતાજ થઈ ગયા. માતાને અને માતૃભાષાને લાત મારી.

ગુજરાતીઓ એમ માને છે કે અંગ્રેજી બોલવાથી વટ પડે, સમાજમાં મોભો ગણાય. ખાંડવીના વાટા વળતા હોય એવી સ્ટાઈલમાં અંગ્રેજી આપણે ઝીંકીએ છીએ, કોઈને આંજી નાખવાની વૃત્તિ હોય છે. પરિણામ એ આવે છે કે અંગ્રેજી સારું નથી અને ગુજરાતી ખરાબ થતું જાય છે. એક પત્રકારે કહ્યું હતું એમ આપણે અંગ્રેજી–ગુજરાતીની ભેળપૂરી કરીએ છીએ અને 'ગુજરેજી' નામની ભાષા ઉપજાવીએ છીએ. મા–બાપ અભણ હોય છતાં પણ એમના છોકરાં અંગ્રેજીમાં બોલતા હોય એનું ગૌરવ છે.

બકોરપટેલ દૂર થતા ગયા અને જેક એન્ડ જિલ આવતા ગયા. રામાયણની વાત પણ આ રીતે થવા માંડી ... રામા લીવ્ડ ઈન એ ફોરેસ્ટ. કૃષ્ણની વાત આ રીતે થાય છે. ક્રિષ્નાનો રંગ તો ડાર્ક હતો. એને બટર બહુ ભાવે. ફ્રિજ ખોલબંધ કરે અને બટર લઈ લે. બૉલથી રમ્યા જ કરે. એક દિવસ બૉલ રીવરમા પડ્યો. તે નાગની વાઈફે પછી બૉલને અને લોર્ડ ક્રિષ્નાને બચાવી લીધા .... .....

અંગ્રેજી બોલવાનો આપણને મોહ છે. ... આવડે કે ન આવડે તો ય. એક બહેન બદરીનાથ ગયા હતાં. મને કહે કે ત્યાં બહુ ટેબ્લેટસ્ પડી. પછી ખબર પડી કે એ ટ્રબલ્સને ટેબ્લેટસ્ કહેતાં હતાં. એક બહેને એવું કહ્યું કે ગઈ નાઈટે પાર્ટી હતી. એટલે હૉલ ડે કિચનમાં હતી. એક વખતે મારે અમદાવાદ, વિશ્વકોષના ઉદ્દ્ઘાટનમાં જવાનું હતું. એક ભાઈએ મને પૂછ્યું કે તમે શા માટે જાઓ છો? મેં કહ્યું વિશ્વકોશ માટે, એમણે સામો સવાલ પૂછ્યો 'એટલે!' મેં કહ્યું એન્સાઈક્લોપીડીઆ માટે. મને કહે કે આમ 'ગુજરાતીમાં કહેતા હો તો. આપણે સ્ટુડન્ટસને બદલે સ્ટુડન્ટસો કહીએ છીએ. બેંચિઝને બદલે બેંચો અને લેડીઝને બદલે લેડીઝો કહીએ છીએ. અંગ્રેજી ઉપર ગુજરાતીનો ઢોળ ચઢાવીએ છીએ. છોકરાનું છોકરાઓ, બાંકડાનું બાંકડાઓ એમ. આપણે ત્યાં માનવતા શબ્દ છે. તો બધે જ 'તા' શબ્દ લગાડી દઈએ છીએ. આજે મને નર્વસતા બહુ લાગે છે. કોન્વેન્ટ કલ્ચરમાં ભણતા છોકરાઓ આડેધડ બાફતા હોય છે. ધરપકડને બદલે ધરપ–કડ કહેતા હોય છે. કોન ગલી ગયો શ્યામ એવા ગીતમાં એ લોકો એમ સમજે છે કે કોણ ગળી ગયો શ્યામ? ભાખરી સુક્કી છે એવી એક દિવસ વાત થઈ હતી અને સુક્કી અને સુખીનો ભેદ સમજાવ્યો તો પણ એ છોકરાએ કહ્યું કે ભાખરી ઈઝ હેપી. એક જણે કહ્યું કે ઝંપલાવ્યું શબ્દ અંગ્રેજી લાગે છે, કારણ કે જમ્પ પરથી આવ્યો છે. એક બહેને કહ્યું કે અંબામાતામાં માતા શું કામ? અંબા શબ્દમાં બા તો છે જ.

વાંક છોકરાઓનો નથી. વાંક આપણો જ છે. આપણે ત્યાં લાયન્સ અને રોટરીમાં પણ બોલાતું અંગ્રેજી સાંભળ્યું છે. તમને દૂધે ધોઈને પૈસા પાછા આપીશ, એનું અંગ્રેજી સાભળ્યું હતું, આઈ શેલ વૉશ યોર મની ઈન મિલ્ક એન્ડ રિટર્ન યુ બેક. રિટર્ન હોય પછી બેકની જરૂર છે ખરી? કરુણા તો એ છે કે ગુજરાતી શ્રોતા હોય તો પણ અંગ્રેજીમાં બોલાય છે. ગુજરાતી ભાષાની ઉન્નતિની વાત હોય તો પણ અંગ્રેજી કહે છે, ગુજરાતી લેંગ્વેજ માટે વી મસ્ટ ડુ સમથીંગ. કેટલાક તૈયાર સિક્કાઓ છે જે સમજણ અણસમજણથી વપરાતા હોય છે. હાઉ ઈન્ટરેસ્ટિંગ, વન્ડરફુલ, ઓકે, રાઈટ, હાઉ નાઈસ. એક બહેનને કોઈકે કહ્યું કે છગનબાપા મરી ગયા તો કહે હાઉ ઈન્ટરેસ્ટિંગ.

હું તો એટલું સમજું છું કે સંસ્કૃત મારું ભોંયતળિયું છે. મહારાષ્ટ્રમાં રહું છું અને મરાઠી મારી અગાશી છે. અંગ્રેજી મારા ડ્રોઈંગરૂમની ભાષા છે અને ગુજરાતી મારા શયનખંડની ભાષા છે. ગુજરાતી મારી ધરતી છે. માણસને ગૌરવ હોવું જોઈએ કે પોતે પોતાની માતૃભાષામાં વિચારે.

અને એનો ક્યારે ય અનાદર ન કરે. ગરબોને ગારબો કહેવાથી આપણે સ્માર્ટ લાગતા હોઈએ એવું માનવાને કારણ નથી. આપણી સ્થિતિ અત્યારે આવી છે:

અમે ચક્કરને સર્કલ મારશું રે લોલ  
અમે સરકલને ચક્કર મારશું રે લોલ  
અમે સદ્ધર ગુજરાતી અદ્ધર અંગ્રેજીમાં  
મોટી મોટી વાતોને ફાડશું રે લોલ.

**(સદ્ભાવ : ઝલક–વિશેષમાંથી સાભાર)**  
**પ્રેષક : સિરાજ પટેલ**

## 'રવ રવ' ગૌરવગાન !

• જુગલકિશોર વ્યાસ

શબ્દોના સાથિયા પૂર્યા, અલકબાઈ !  
સુંવાળા સાથિયા પૂર્યા;  
ઉઘાડાં ભોણ કૈંક બુર્યા, મલકભાઈ !  
ઉઘાડાં ભોણ ઘણાં બુર્યા.  
ભાષાની જાતરાઉ હાલી, અલકબાઈ !  
શ્હેરુંમાં જાતરાઉ હાલી;  
લીધી બળતરા ઠાલી, મલકભાઈ !  
કીધી કોઠાગરમી ખાલી !  
ભણતરની વાત ભલી લીધી, અલકબાઈ !  
ભણતરની વાત બહુ લીધી;  
ગણતરની પરવા ના કીધી, મલકભાઈ !  
ગણતરની ના પરવા કીધી.  
ઘરનાં છોરાંને અમે લીધાં, અલકબાઈ !  
અંગ્રેજી માધ્યમે લીધાં;  
પારકાં છોરાંને જતી કીધાં, મલકભાઈ !  
પારકાં હતાં તે જતી કીધાં !  
વાણીનો વેપલો કીધો, અલકબાઈ !  
જાણીને વેપલો કીધો;  
અઢળક ઈમાંથી લાભ લીધો, મલકભાઈ !  
અઢળક–અમાપ લાભ લીધો.  
મોટું થૈ છાપે છપાણું, અલકબાઈ !  
કૉલમું ભરીભરી છપાણું;  
કેટલુંક ભોંયે લપાણું, મલકભાઈ !  
એવું હંધુંય તે લપાણું.  
શબ્દોના પાંચીકા ઉછાળ્યા, અલકબાઈ !  
પાંચીકે શબ્દો ઉછાળ્યા;  
નાહકના લોહી બૌ ઉકાળ્યા, મલકભાઈ !  
ફોગટનાં કાળજાં બાળ્યાં.  
ભાષાનું ભૂર શું વળગે, અલકબાઈ !  
ભાષાને ભુર કાંઈ વળગે !  
ચોપડિયે શૂર બધું સળગે, મલકભાઈ !  
કાગળિયે શૂર ભલે સળગે !  
રવ રવ ગૌરવગાન ગાયાં, અલકબાઈ !  
ભાષાનાં ગાન બહુ ગાયાં;  
પોથીમાં રીંગણાં છુપાયાં, મલકભાઈ !  
પોથીપંડિત થૈ ગવાયાં !

e.mail : jjugalkishor@gmail.com

•

(આખા રે બ્રહ્માંડ મારાં એ રહ્યાં...)  
એક કણ રે આપો, આખો મણ નહિ માંગુ,  
એક કણ રે આપો, ભંડાર મારાં એ રહ્યાં.  
એક આંગણું આપો, આખું આભ નહિ માંગુ,  
એક આંગણું આપો, મારા રાજ !  
આખા રે બ્રહ્માંડ મારાં એ રહ્યાં.  
એક પાંદડી આપો, આખું ફૂલ નહિ માંગુ,  
એક પાંદડી આપો, મારા રાજ !  
આખી રે વસંત મારી એ રહી.  
એક ઘૂંટડો આપો, આખો ઘટ નહિ માંગુ,  
એક ઘૂંટડો આપો, મારા રાજ !  
આખા રે સ્રોવર મારાં એ રહ્યાં.  
એક મીટડી આપો, આખી પ્રીત નહિ માંગુ,  
એક મીટડી આપો, મારા રાજ !  
આખા રે અમૃત મારાં એ રહ્યાં.

**- ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્'**

# જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

• મહમ્મદ માંકડ

ગુજરાતી ભાષા વિશે લખવા માટે વિચાર કરું છું ત્યારે કવિ ખબરદારની ઉપર પંક્તિઓ યાદ આવે છે. મહાત્મા ગાંધીનો પોતાની માતૃભાષા ગુજરાતી ઉપરનો પ્રેમ યાદ આવે છે, અને પેલી અવાર માતાની વેદના યાદ આવે છે. જે સ્ત્રી પોતાના પુત્ર વિશે એવું બોલી શકે એનો પોતાની માતૃભાષા ઉપરનો પ્રેમ કેટલો ઉત્કટ હશે!


રશિયાની સામ્યવાદી સરકારે ઘણાં સારાં-નરસાં કામો કર્યાં હતાં. દરેક સરકારના ચોપડે એવાં કામો વધુ ઓછાં પ્રમાણમાં નોંધાયેલાં હોય જ છે, પરંતુ એક બહુ જ સારું, બહુ જ મોટું કામ સામ્યવાદી સરકારે, દરેક રાજ્યની, દરેક પ્રદેશની ભાષાને, લોકબોલીને જીવતી રાખવાનું કર્યું હતું. એટલું જ નહીં. એવી બોલીના ઉત્તમ સાહિત્યકારોનાં પુસ્તકોને માત્ર રશિયન ભાષામાં જ નહીં પરંતુ વિશ્વની અનેક ભાષાઓમાં પ્રગટ કરવાનું કામ પણ કર્યું હતું.

એટલે જ મારા જેવા પુસ્તકપ્રેમીને રસૂલ હમઝાતોવનું ‘મારું દાઘેસ્તાન’ પુસ્તક ગુજરાતી ભાષામાં વાંચવા વસાવવા મળ્યું હતું. એ પુસ્તકની અંગ્રેજી અને ગુજરાતી આવૃત્તિ પણ મારી પાસે છે. પરંતુ ગુજરાતી ભાષામાં પણ એ પ્રગટ કરવું એ તો એક સાહસ જ ગણાય. અને એવું જબરું સાહસ સામ્યવાદી સરકારોએ કર્યું હતું એની નોંધ લેવી જોઈએ. એને કારણે જ મહાન રશિયન સાહિત્યકારો - પુશ્કિન, તોલ્સ્તોય, દોસ્તોયેવસ્કી, તુર્ગનેવ, ચેખોવ વગેરેનાં અંગ્રેજી અને ગુજરાતી પુસ્તકો સાવ સસ્તી કિંમતે ઉપલબ્ધ થયાં હતાં. એક સમય એવો હતો જ્યારે બહુ મોંઘી કિંમતનાં પુસ્તકો પ્રગટ કરતાં પશ્ચિમના પ્રકાશકો સામ્યવાદના એ સાહિત્યિક અને સંસ્કારી પુસ્તકોનાં આક્રમણથી ગભરાઈ ગયા હતા.

સસ્તી કિંમતનાં એ પુસ્તકોમાં માત્ર સાહિત્યના જ નહીં પરંતુ અર્થશાસ્ત્ર અને ઈતિહાસનાં પુસ્તકો પણ હતાં. ‘પ્રગતિ પ્રકાશન મોસ્કો’ તરફથી પ્રગટ થયેલાં એવાં ગુજરાતી પુસ્તકોમાં કાર્લ માર્ક્સે લખેલ ભારતના ઈતિહાસ ઉપરનું પુસ્તક હતું, અને એમાં ૧૮૫૭ના જે વિદ્રોહને અંગ્રેજો ‘સિપાહીઓના બળવા’ તરીકે ઓળખાવતા હતા, એને મહાન પ્રજાકીય વિદ્રોહ તરીકે રજૂ કર્યો હતો. એ જ રીતે બીજા એક ભારતના ઈતિહાસના પુસ્તકમાં પણ એવી જ રીતે એની રજૂઆત થઈ હતી - એ વાત અંગ્રેજી, ફ્રૅંચ કે જર્મન ભાષામાં લોકો વાંચે એ ત્યાંના શાસકોને કઈ રીતે પોસાય?

આ આડવાત એટલા માટે લખી છે કે જેને આપણી ગુજરાતી ભાષા માટે ખાસ કશું લાગતુંવળગતું નહોતું એ સામ્યવાદી શાસકોએ, ઈતિહાસ કે અર્થશાસ્ત્રનાં પુસ્તકો સામ્યવાદના ફેલાવા માટે પ્રગટ કર્યા હશે એમ માનીએ તો પણ, તોલ્સ્તોય, તુર્ગનેવ કે ચેખોવનાં પુસ્તકો પાછળ એવો આશય હોય એમ લાગતું નથી. દોસ્તોયેવસ્કીને તો એ લોકો પ્રતિક્રાંતિવાદી ગણતા હતા, છતાં એક સાહિત્યકાર તરીકે એનું સન્માન કરતા હોય એમ લાગે છે. એમના આચરણ ઉપરથી એમ લાગે છે.

આપણું આચરણ-વિચારો કે વાતો નહીં આચરણ - એનાથી તદ્દન ઊલટી દિશામાં થઈ રહ્યું હોય એવું લાગે છે. દુનિયાભરમાં ગુજરાતીઓ વસે છે ત્યારે એક પ્રશ્ન કરવાનું મન થાય છે : કેટલાં ઘરોમાં નવી પેઢીનાં બાળકો ગુજરાતી વાંચી-લખી જાણે છે? પરિસ્થિતિ એવી છે કે, ગુજરાતમાં રહેતાં




દાદા-દાદી પોતાનાં પૌત્રો-પૌત્રીઓને રામાયણ અને મહાભારત જેવા ધાર્મિક ગ્રંથો પણ અંગ્રેજીમાં પ્રગટ થયેલા મોકલે છે અને કેટલાક તો આ બાબતમાં પોરસાય છે. ગુજરાતી ઘરોમાં બાળકો ગુજરાતી વાંચી-લખી ન જાણે એથી એમના વડીલઓ પોરસાવું ન જોઈએ, શરમાવું જોઈએ.

અહીં એક વાત યાદ આવે છે. એ વાત લખતાં થોડો સંકોચ થાય છે. કારણ કે એ મારા આચરણની વાત છે. છતાં લખું છું કારણ કે એ માતૃભાષા ઉપરના પ્રેમની વાત છે.

એ વાત અત્યારે એટલા માટે લખું છું કે થોડા દિવસો પછી ગાંધીનગરમાં ‘વિશ્વ ગુજરાતી પરિષદ’ મળશે. એ વખતે શું બનશે, કોણ શું બોલશે, કઈ ભાષામાં વાતો થશે એ હું જાણતો નથી. પરંતુ પ્રથમ વિશ્વ ગુજરાતી પરિષદ ઘણું કરીને એ પ્રથમ પરિષદ જ હતી - એ વખતે જે બન્યું હતું એ આજે ય સ્મૃતિમાં છે.

એ વખતે હું ‘ગુજરાત સાહિત્ય અકાદમી’નો પ્રમુખ હતો. પરિષદમાં ભાગ લેવા માટે ૧૯૮૩ના ઓગસ્ટ મહિનામાં હું પોતાના ખર્ચે ઈંગ્લેન્ડ ગયો હતો. કારણ કે માધવસિંહ સોલંકીની સરકારે ‘સરકારી અકાદમીના પ્રમુખ’ના પ્રવાસ માટે નાણાંની કશી જોગવાઈ નહોતી કરી અને અકાદમીના પ્રમુખ તરીકે મારે પરિષદમાં વક્તવ્ય આપવાનું હતું.

પરિષદનું પ્રથમ અધિવેશન હોવાથી અનેક દેશોમાં વસતા વિદ્વાનો એમાં ભાગ લેવા આવ્યા હતા. હું બોલવા માટે ઊભો થયો એ પહેલાં અનેક વિદ્વાનો બોલ્યા હતા. સ્વાભાવિક રીતે જ એ બધા અંગ્રેજીમાં બોલ્યા હતા. હું પણ મારું વક્તવ્ય અંગ્રેજીમાં તૈયાર કરીને ગયો હતો. પરંતુ બોલવા માટે ઊભો થયો ત્યારે કોણ જાણે મન બદલાઈ ગયું. આખો હોલ શ્રોતાઓથી ભરચક હતો. તૈયાર કરેલા ભાષણનો કાગળ બતાવીને મેં કહ્યું કે : ‘ભાષણ તો હું અંગ્રેજીમાં તૈયાર કરીને આવ્યો હતો પણ આટલા બધા ગુજરાતીઓ સામે માતૃભાષા ગુજરાતીના બદલે અંગ્રેજીમાં બોલતા મને શરમ થાય છે.’

મારા એ શબ્દો સાંભળતાં જ આખો હોલ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠયો.

મારા એ ભાષણમાં મેં વિદેશમાં વસતાં ગુજરાતીઓ વિશે, ગુજરાતી ભાષાના મહત્ત્વ વિશે, ગુજરાતી સાહિત્ય વિશે જે વાતો કરી તેનો ઉલ્લેખ અહીં બિનજરૂરી છે. પરંતુ એક વાત કરવાનું ખાસ જરૂરી છે. મારા વક્તવ્ય પછી, ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં જે અંગ્રેજ મહાનુભાવ ગુજરાતી વિભાગના વડા હતા એ બોલવા માટે ઊભા થયા. પોતાની કાલીકાલી, મીઠી લાગે એવી, ગુજરાતીમાં એમણે કહ્યું: ‘હું .. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગનો ... હેડ છું. પન ... ગુજરાતીમાં બોલી નહીં સકું ... આટલા બધા ગુજરાતીઓ સામે ઈંગ્લિશમાં બોલતાં મને શરમ થાય છે.’

આ શબ્દો સાંભળીને એક ગુજરાતી તરીકે મને જે આનંદ થયો હતો એનું વર્ણન હું કરી શકતો નથી. કયા ગુજરાતીને આનંદ ન થાય?

બીજા એક પ્રસંગનો ઉલ્લેખ કરવાનું પણ અહીં જરૂરી છે. ઈંગ્લેન્ડમાં લંડન સિવાયનાં અન્ય સ્થળોએ ફર્યા પછી એમ હું મારાં પત્ની, રામુભાઈ

ઠાકરે અને સરોજબહેન ગાંધી, સ્વિટ્ઝર્લૅન્ડના પ્રવાસે ગયાં હતાં. સ્વિટ્ઝર્લૅન્ડના અમુક ભાગમાં ફ્રૅંચભાષી લોકો વધુ હોવાથી ફ્રૅંચ ભાષા બોલાતી હતી. બીજા ભાગમાં જર્મન અને જે ભાગમાં અમે છેલ્લે ગયાં ત્યાં ઈટાલિયન ભાષા બોલાતી હતી. દરેક સ્થળે ત્રણે ભાષામાં લખેલાં સાઈન બોર્ડ હતાં. પરંતુ લગભગ આખાયે સ્વિટ્ઝર્લૅન્ડમાં ફ્રૅંચ ભાષા સમજનારા મળે, પણ અંગ્રેજી સમજનાર ભાગ્યે જ કોઈ મળે. એ વખતે યુરોપમાં ફ્રૅંચ ભાષાનું પ્રભુત્વ હતું, અંગ્રેજીનું નહીં. આજની સ્થિતિની ખબર નથી. એક વાર મારે કશીક માહિતી જોઈતી હતી એટલે કેટલીક વ્યક્તિઓને મેં અંગ્રેજીમાં પૂછયું પણ કોઈએ કશો જવાબ ન આપ્યો. કારણ કે એ લોકો અંગ્રેજી જાણતા નહોતા. અને હું યુરોપની બીજી કોઈ ભાષા જાણતો નહોતો. પરંતુ એક જુવાન છોકરો મળી ગયો એ જરૂર પૂરતું અંગ્રેજી જાણતો હતો. એની સાથે મેં વાતો કરી. એ વખતે સ્વાભાવિક રીતે જ અમે કોણ હતાં, ક્યાંથી આવતાં હતાં વગેરે પ્રશ્નો એણે કર્યા. અને મેં ઈન્ડિયા અને ગુજરાતમાંથી આવીએ છીએ એમ કહ્યું ત્યારે એણે માત્ર એટલું જ કહ્યું: ‘ગાંધીનું ગુજરાત ને?’

ત્યારે મને ફરી રોમાંચ થયો! મહાત્મા ગાંધીને ઓળખનાર કોઈક જુવાન છોકરો સ્વિટ્ઝર્લૅન્ડમાં પણ વસે છે! અને ગુજરાતને ગાંધીના ગુજરાત તરીકે ઓળખે છે.

ગાંધી ગુજરાતમાંથી આખા દેશમાં અને પછી આખી દુનિયામાં છવાઈ ગયા. રાજકારણ, સમાજકારણ, શિક્ષણ અનેક ક્ષેત્રે એમણે યાદગાર કામ કર્યું છે, પરંતુ પોતાની માતૃભાષાને વિશ્વસ્તરે જાણીતી કરી ગુજરાતનું નામ વિશ્વભરમાં રોશન કરવાનું જે કામ એમણે કર્યું છે એની નોંધ આપણે ભાગ્યે જ લઈએ છીએ. એમના સ્પર્શથી જ ગુજરાતી તેજસ્વી બની. અને હવે આપણે જાણે તેજવિહોણી બનાવી રહ્યા છીએ.

આજે અંગ્રેજી તરફ આપણે આંધળી દોટ મૂકી રહ્યા છીએ ત્યારે એટલું જ કહેવાનું કે, ગુજરાતી ઉપર પેલી અવાર ઓરત જેવો ઉત્કટ પ્રેમ ભલે ન રાખીએ, પણ ગુજરાતી તરફથી મુખ ફેરવી લેવાથી સારું અંગ્રેજી લખતાં-બોલતાં આવડી જશે એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. અને અંગ્રેજી શીખી જવાથી જ આપણે મહાન બની જઈશું એવા ભ્રમમાં રહેવાની પણ જરૂર નથી. દુનિયાના મોટા ભાગના દેશોમાં અંગ્રેજીનું એવું કોઈ પ્રભુત્વ નથી. પાબ્લો નેરુદા, ગ્રેબિયલ ગ્રાર્સિયા માર્કવેઝની સ્પેનિશ ભૂમિકામાં અંગ્રેજી પોતાનો પગ જમાવી શકી નથી. હજી પણ પૌલો કોએલ્હો જેવા લેખકો ‘અલ્કિમસ્ટ’ (અંગ્રેજી નામ) જેવી યાદગાર કૃતિઓ સર્જી રહ્યા છે.

જોકે અંગ્રેજી વિના આપણે ચાલે એમ નથી. કારણ કે આપણા માટે દુનિયાના અન્ય દેશોના સાહિત્ય અને વિજ્ઞાનને જાણવા-સમજવા માટેની એ એક માત્ર ભાષા છે. અને આપણા જેવા જ બીજા અનેક દેશો છે. એ બધા દેશોમાં અંગ્રેજીનું એવું જ મહત્ત્વ છે. કારણ કે એ બધા દેશો એક વાર અંગ્રેજોની સીધી કે આડકતરી હકૂમત નીચે હતા. પરંતુ એમની એ સત્તાનો અંત આવી ગયા પછી પણ, અને ક્યાંક તો પછી જ અંગ્રેજીએ આટલું કાઠું કેમ કાઢયું? અંગ્રેજો જ્યાં જ્યાં ગયા ત્યાં શેક્સપિયરને લઈ ગયા, ડિકન્સ અને જેન ઓસ્ટિનને લઈ ગયા, ઈમિલી બ્રોન્ટે, શાર્લોટ બ્રોન્ટે અને થેકરેને લઈ ગયા. વર્ડઝવર્થ, શેલી અને કિટ્સને લઈ ગયા.

અને ન્યૂટનને લઈ ગયા. અંગ્રેજી ભાષાએ જ આપણને અન્ય દેશોના મહાન સાહિત્યકારો અને વિજ્ઞાનીઓ સુધી પહોંચાડયા. અને એ સિલસિલો, ખાસ તો વિજ્ઞાનની બાબતમાં અમેરિકનોએ ચાલુ રાખ્યો. અંગ્રેજી શીખ્યા વિના આપણે ચાલે તેમ નથી, પરંતુ એ માટે ગુજરાતીનો ભોગ આપવાની જરૂર નથી. પોતાની માતૃભાષા ઉપર જેને પ્રભુત્વ ન હોય એ અન્ય કોઈ ભાષા ઉપર પ્રભુત્વ મેળવી શકતા નથી.

ખરેખર તો આપણે ગુજરાતીને વધુ સમૃદ્ધ કરવાની જરૂર છે, વધુ શુદ્ધ નહીં. અંગ્રેજોએ અંગ્રેજી ભાષા માટે જે કર્યું તે આપણે કરવાની જરૂર છે. અંગ્રેજી ભાષાને સમૃદ્ધ કરવા માટે એક સમયની અન્ય સમૃદ્ધ ભાષાઓ ફ્રૅંચ, અને ખાસ તો અરબી અને સ્પેનિશ જેવી ભાષાના શબ્દોને એમણે કશાયે છોછ વિના અપનાવી લીધા. અરબીના એટલા બધા શબ્દો અંગ્રેજીમાં છે કે આજે પણ એ શબ્દોને પોતાના ગણ્યા વિના એમને ચાલે એમ નથી. એમની પહેલાં અરબો દુનિયાભરમાં છવાઈ ગયા હતા ત્યારે એમણે પણ એ જ કર્યું હતું. અરબોએ જ આપણા (ભારતીય) જ્યોતિષશાસ્ત્ર, ખગોળવિદ્યા, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્રને પશ્ચિમના જગતમાં પહોંચાડયું છે. ઓક્સફર્ડ ડિક્શનરીમાં આજે પણ ૧, ૨, ૩, ૪, ૫ વગેરે આંકડાઓનો Arabic Numeral (અરબી આંકાડઓ) તરીકે ઉલ્લેખ થાય છે. એ પહેલાં યુરોપમાં i, ii, iii, iv, v વગેરે રોમન આંકડાઓ વપરાતા હતા. અને શૂન્ય (Zero) પણ ભારતમાંથી જ અંગ્રેજીમાં, યુરોપમાં પહોંચેલ છે. વિચાર કરો કે જો ૧, ૨, ૩ જેવા આંકડાઓ અને શૂન્ય ન હોત તો આજે દુનિયામાં ગણિત ક્યાં હોત? અને ગણિત ન હોત તો વિજ્ઞાન ક્યાં હોત? અને, આરબો પછી ઈરાનીઓએ ખાસ તો સાહિત્યને ઉંમર ખય્યામ, હાફિસ અને સૂફી સાહિત્યને પશ્ચિમમાં પહોંચાડયું. શેખ સાદી અને જલાલુદ્દીન રૂમી આજે પણ પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને અમેરિકામાં બેસ્ટસેલર છે. એટલે બીજી ભાષાના શબ્દો અને ખાસ તો વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતા શબ્દો આપણી ગુજરાતી ભાષામાં સમાવવામાં છોછ ન રાખવો જોઈએ. ગુજરાતીને ધબકતી રાખવા માટે એમ કરવું જરૂરી છે. એને સમૃદ્ધ કરવી જોઈએ, શુદ્ધ કરવાનો ગાંડો ભદ્રંભદ્રીય પ્રયત્ન ન કરવો જોઈએ. ભાષા તો ગંગાના પ્રવાહ જેવી હોય છે, અનેક નાનીમોટી નદીઓના પાણીના પ્રવાહથી એ ગંગા બને છે. એ ગંદી ન થઈ જાય એટલું જ માત્ર ધ્યાન રાખવું જોઈએ.

માતૃભાષા બચાવવા માટેની ઝુંબેશ હમણાં ખૂબ ચાલી. પરંતુ કોઈ ભાષા એમ જલદી મરતી નથી. ભાષા જો બોલાતી બંધ થાય તો જ ધીમે ધીમે એનું મૃત્યુ થાય છે. જ્યાં સુધી એ બોલાય છે - ભલેને લખાય નહીં, વંચાય પણ નહીં, પરંતુ બોલાય ત્યાં સુધી એને કોઈ મારી શકતું નથી. બોલાય નહીં તો એને કોઈ જીવાડી શકતું નથી. કચ્છી બોલીનું ઉદાહરણ આપણી સામે જ છે. કચ્છી લોકોએ ક્યારેય બોલવાનું ન છોડયું. કચ્છ છોડયું એમણે પણ એ બોલવાનું ન છોડયું. પરિણામે સરકારને એ કચ્છી ‘બોલી’ને ભાષાનો દરજ્જો આપવાની ફરજ પડે એવી સ્થિતિ ઊભી થઈ.

અંગ્રેજી ભાષાના આક્રમણ સાથે જો ગુજરાતીને ધબકતી રાખવી હશે તો ગુજરાતીઓએ પોતાના ઘરમાં અંગત વ્યવહારમાં ગુજરાતીનો ઉપયોગ કરવો પડશે. ગુજરાતી બોલવી પડશે. ઈંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા બધા દેશોમાં એકસરખી અંગ્રેજી બોલાતી નથી. વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ થોડી જુદી રીતે જુદા લહેકાથી ગુજરાતી બોલે તો કશો જ વાંધો નહીં. કચ્છીઓએ જેમ કચ્છી બોલવાનું ન છોડયું એમ ગુજરાતીઓએ, ગુજરાત છોડીને પરદેશમાં રહેતો હોય તો પણ ગુજરાતી બોલવાનું એણે ન જ છોડવું જોઈએ. કારણ કે ગુજરાતી ભાષાને માત્ર ગુજરાતીઓ જ બચાવી શકશે - અથવા તો મારી શકશે. અંગ્રેજી કે બીજી કોઈ ભાષા, કોઈ શક્તિ એને મારી નહીં શકે. ગુજરાતીઓ સિવાય કોઈ એના ગળે ટૂંપો નહીં આપી શકે.

ગુજરાતીને વિશ્વમાનવી બનાવવાની ધગશ ધરાવનાર કવિ ઉમાશંકરે કહ્યું : ‘એ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી?’

પરંતુ આજે પરિસ્થિતિ એવી છે કે એ પંક્તિઓમાં થોડો ફેરફાર કરીને કહેવું પડશે કે : એ તે કેવો ગુજરાતી જે બોલે નહીં ગુજરાતી?

**(સદ્‌ભાવ : “સંદેશ”, ૧૭ જાન્યુઆરી ૨૦૧૦)**

## સહભાગીએ ‘દિલથી દીધું … ’ દૂગાણું

**અબીહાલ સમ્પન્ન થયેલા ‘સંકેલો’ના અવસર માટે, પ્રતિઘોષરૂપે, વધુ આ વાચકમિત્રો સહભાગી બન્યાં છે :**

**ઈન્દુબહેન સી. પોપટ (£20), હંસાબહેન પુરોહિત (£25), ચંપાબહેન પટેલ (£25), દયાબહેન અને મનસુખભાઈ શાહ (£50), પ્રવીણાબહેન ર. કાથરાણી (£50), સુધીરભાઈ જટાણિયા (£50), મહાશ્વેતાબહેન પટેલ (£50), ‘ગૂજરાત વિદ્યાપીઠ’ - પુસ્તક વેંચાણની આવક (£50), ભારતીબહેન અને ભરતભાઈ પારેખ (£50), લલિતાબહેન એસ. શાહ (£51), સુષમાબહેન અને રોહિતભાઈ સંઘવી (£51), કાન્તાબહેન અને તુલસીદાસભાઈ શેઠના (£51), રસિકભાઈ આર. પટેલ (£51), રેણુકાબહેન અને શરદભાઈ માલદે તથા નીતિનભાઈ ટાંક (£60), રમેશભાઈ બા. પટેલ ‘પ્રેમોર્મિ’ (£105), જ્યોતિબહેન અને રોહિતભાઈ બારોટ (£151)**

**લક્ષ્મીબહેન અને સુદર્શનભાઈ આયંગર (અવસર માટે હારતોરા - સ્વહસ્તે કાંતેલી સૂતરની આંટી); શશીબહેન અને રમણભાઈ ડી. પટેલ (અવસરને સારુ તેમ જ મહેમાનોને માટે ગાડી-વ્યવસ્થાનો પ્રબંધ)**

**આ પહેલાંની રકમ : £2,311.50 • કુલ રકમ £3,201.50**

# ઝિંદાદિલ રાષ્ટ્ર પ્રેમની ગૌરવ ગાથા

• મગનભાઈ બી. કરાડિયા

**કરાડી અને કાંઠા વિસ્તારનો ભૌગોલિક, આર્થિક અને સામાજિક માળખાંનો પરિચય :** પૂર્ણા નદી અને દક્ષિણ ગુજરાતના સાગર કાંઠે આવેલું કરાડી એક ઐતિહાસિક ગામ છે. આઝાદીના આંદોલનમાં એનું આગવું સ્થાન છે. નદીના કરાડ ઉપર હોવાથી એને કરાડી નામ મળ્યું છે. નવસારી રેલવેની પશ્ચિમ બાજુએ અને અરબી સમુદ્ર નજીક આવેલું કરાડી ગામ અન્ય ગામોથી વીંટળાયેલું છે. એની આસપાસના ગામો જલાલપોર કાંઠા વિભાગ તરીકે ઓળખાય છે અને એ નવસારીથી ખૂબ જ નજીક આવેલું છે. નવસારી દાદાભાઈ નવરોજીનું જન્મ સ્થળ છે. હિન્દી રાષ્ટ્રીય કોંગ્રેસના પાયામાં દાદાભાઈ નવરોજી હતા. કોગ્રેસના સ્થાપકો પૈકીના એક છે. તેઓ બ્રિટિશ પાર્લામેન્ટમાં પણ એમ. પી. તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

આ વિસ્તારના પૂર્વજોની સ્થિતિ તરફ નજર નાખીએ ત્યારે આપણને સમજાય છે કે તેમની આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ ખૂબ કંગાળ હતી. અંગ્રેજોના આગમન પહેલાં સામાન્ય લોકો માટે શિક્ષણ વ્યવસ્થા હતી નહિ. બ્રિટિશરોએ ૧૮૧૮માં ગુજરાતમાં રાજ્ય સ્થાપ્યું. ત્યાર બાદ પ્રાથમિક શાળાઓ ઊભી કરી વ્યવસ્થિત અભ્યાસક્રમ દાખલ કર્યો. ૧૮૨૬માં સમગ્ર ગુજરાતમાં છ હાઈ સ્કૂલો બની અને ૧૮૩૫ બાદ કોલેજો અસ્તિત્વમાં આવી. ૧૮૫૫ના ગાળામાં હિન્દુસ્તાનભરમાં ત્રણ યુનિવર્સિટીઓની રચના થઈ. આ બધી વાતો મહત્તપણે મોટાં શહેરોને લાગુ પડે છે. આ કાંઠા વિસ્તારમાં, ૨૦મી સદીની શરૂઆતમાં, એક પણ હાઈ સ્કૂલ તો હતી જ નહિ, પણ જે પ્રાથમિક શાળાઓ હતી તેમાં પણ બધી શાળાઓમાં પૂરતા સાત ધોરણ ન હતા. કાંઠાના ગામોની મોટા ભાગની શાળાઓમાં ચારથી પાંચ ધોરણ હતા અને આખી શાળામાં બે થી ત્રણ શિક્ષકોથી કામ ચાલતું. એથી શિક્ષણનું ધોરણ ખૂબ નિમ્ન સ્તરનું હતું. શાળામાં છોકરાઓ જ ભણતા. ઉચ્ચ શિક્ષણ માટે એમના માટે કોઈ સુવિધા ન હતી. તેથી આવી પરિસ્થિતિમાં વિસ્તારની આર્થિક સ્થિતિ નબળી રહી. પ્રવર્તમાન આર્થિક સ્થિતિમાં કોઈ ઉચ્ચ પદ કાંઠા વિસ્તારના લોકો પ્રાપ્ત કરી શક્યા નહિ.

ખેતી અને વહાણવટુ એ આવકનું સાધન હતું. ખેડવા માટે પર્યાપ્ત જમીન ન હતી. તેથી કેટલાક વહાણવટા તરફ વળ્યા. નાનાં વહણોમાં છેક દક્ષિણ ભારતના બંદરો તરફ અરબી સમુદ્રમાં માલની હેરાફેરી કરી આર્થિક ઉપાર્જન કરી લેતા. યંત્ર વગરની અને પવનથી ચાલતી હોડીમાં તેઓ સાગર પાર માલ પહોંચાડતા. આ સાહસ જોખમી અને ખતરનાક હતું. ત્યારે અહીં રેલવે ન હતી અને અવર જવર માટે ધોરી માર્ગો ન હતા.

બ્રિટિશના આગમન સાથે સંજોગો બદલાયા. ૧૮૫૦માં અરબી સમુદ્રની લગોલગ તેઓએ રેલવે લાઈન નાખી. પરિણામે વહાણવટુ પડી ભાંગ્યું. આથી લોકો બાંધકામના વ્યવસાય તરફ વળ્યા. વિધિની વક્રતા એ હતી કે જે રેલવેએ એનો વ્યવસાય છીનવી લીધો હતો તે રેલવેના બાંધકામમાં એઓ રોજીરોટી માટે કામ કરવા લાગ્યા. કેટલાક સ્થાનિક મોટી કંપનીઓમાં કામ પુરૂં થતાં દેશના વિવિધ ભાગોમાં પેટા કોન્ટ્રાક્ટર તરીકે કામ કરવા લાગ્યા. આ દરમ્યાન તેઓને પોતાના કુટુંબથી દૂર રહેવું પડતું. કુટુંબથી દૂર રહી કુટુંબના ભરણપોષણ માટે પૈસા મોકલાવતા હતા. કુટુંબ એક કામ કરનાર વ્યક્તિ પર નભતું. કામ કરવા માટે તેઓ બ્રહ્મદેશ, સિંગાપુર, ન્યુઝી લેન્ડ, આરબ દેશો તથા બ્રાઝિલ જેવા દેશોમાં દૂર દૂર સુધી જતા. તેઓ આફ્રિકા પણ ગયા અને આ દરમ્યાન આધુનિક ભારતના ઘડવૈયા મહાત્મા ગાંધીના સંપર્કમાં આવ્યા.

૧૮૯૩ની સાલમાં મહાત્મા ગાંધી એક કેસ લડવા આફ્રિકા ગયા. ત્યાં એમને રંગભેદ અને જાતિભેદનો કડવો અનુભવ થયો. આ અનુભના પરિણામરૂપ અહિંસાના સિદ્ધાંતથી વણાયેલું રંગભેદ અને જાતિભેદ સામેનું આંદોલન શરૂ કર્યું. ગાંધીજીએ આફ્રિકામાં આશ્રમ શરૂ કર્યો. આ કાંઠા વિભાગના લોકો આશ્રમની પ્રવૃત્તિમાં ભાગ લેવા લાગ્યા. આટગામના ફકીરભાઈની ગાંધી નિષ્ઠા દાદ માંગે. ખુદ ગાંધીજીએ એમને મારો ફકીરો કહી સંબોધ્યા. ગાંધીજી સાથે ફકીરાએ પણ સ્વદેશ આવી દેશભક્તિની ફકીરી લીધી. આફ્રિકામાં બ્રિટિશ શાસકોની સામે ઝીંક લેવાની આ લોકોની શક્તિને ગાંધીજીએ પિછાણી. એનું શૌર્ય અને વફાદારીની પણ ગાંધીજીએ નોંધ લીધી. પરિણામે મીઠાના કાયદાના ભંગ માટે સ્થળની પસંદગીમાં દાંડીગામ આ પ્રજાની લડાયકવૃત્તિ, શૌર્ય અને વફાદારીને લીધે પસંદ થઈ. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યાં સુધી ગાંધીજી આફ્રિકામાં સક્રિય રહ્યા. ૧૯૧૫માં તેઓ ભારત પાછા ફર્યા ત્યારે હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ, કોંગ્રેસે એમને કોંગ્રસની નેતાગીરી લેવાની વિનંતિ કરી. નેતૃત્વ સંભાળવા પહેલાં ગાંધીજીએ દેશના વિવિધ પ્રદેશોની મુલાકાત લીધી. આ દરમ્યાન ગાંધીજીએ જલાલપોરની મુલાકાત લીધી અને લોકોના સંપર્કમાં આવ્યા. સમગ્ર ભારતના પોતાના પ્રવાસ દરમ્યાન પ્રજાની ગરીબી, નિરક્ષરતા જોઈ અને પોતાના પ્રવાસમાં આ બે મુદ્દા ઉપર તેઓ ભાર મુકતા. ત્યારબાદ ગાંધીજીએ અમદાવાદમાં આશ્રમ સ્થાપ્યો.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન કોંગ્રેસે બ્રિટિશરોને યુદ્ધમાં મદદ કરી. લોકો સૈન્યમાં પણ જોડાયા અને સર્વગ્રાહીરૂપે મદદરૂપ બન્યા. યુદ્ધ પહેલાંની શરત અનુસાર મદદના બદલામાં હોમરૂલ માટે કોંગ્રેસે કેટલીક માગણીઓ મૂકી. વધતી જતી રાહતની માગણીના સંદર્ભમાં બ્રિટિશ સરકાર મૂંઝાઈ. ગાંધીજીની રાહબરી હેઠળ કોંગ્રેસે સવિનય કાનૂન ભંગની લડત શરૂ કરી દીધી. સરકારની મુસીબતો વધી.

કાનૂન ભંગના ભાગરૂપે ૧૩મી એપ્રિલ ૧૯૧૯ના રોજ પંજાબના જલિયાનવાલા બાગમાં સભા થઈ. તેમાં કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી વગર જનરલ ડાયરે બે-ફામ ગોળીબાર કર્યો. અને અનેક સ્ત્રી પુરુષોની લાશ ઢાળી દીધી. આ બનાવથી ગાંધીજીને ખૂબ વ્યથા પહોંચી. એમણે પ્રજાના દુઃખમાં સહભાગી થઈ આશ્વાસન આપ્યું. એ જ વખતે ગાંધીજીએ દેશવ્યાપી. અસહકારની ચળવળ શરૂ કરી. આ લડત આ સિદ્ધાંત પર કામ કરતી હતી. ૧. સરકાર સાથે કોઈ પણ બાબતે અસહકાર, ૨. અદાલતનો બહિષ્કાર ૩. સરકારી શાળા અને ધારાસભાનો બહિષ્કાર. આ ઉપરાંત કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ, સ્વદેશી ખાદી, રાષ્ટ્રીય શિક્ષણનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો. ૧૯૨૦માં આ કાર્યક્રમે વેગ પકડ્યો.

**કરાડીમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના :** રાષ્ટ્રીય શિક્ષણ માટે ગાંધીજીએ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ગાંધીજીની દોરવણીથી મહાસભાએ વિશાળ સભાનું આયોજન કર્યું અને પ્રજાને આ ચર્તુવિધ કાર્યક્રમનું રહસ્ય સમજાવ્યું. આ સભામાં કરાડીના ઉકાભાઈ મકન, નારણભાઈ બાવા, રામભાઈ ગોસાંઈ, કાનજીભાઈ છીબા, તથા વલ્લભભાઈ પૂના વગેરે ખાસ ગયા હતા. મહાસભાના અધિવેશનમાંથી પાછા આવી ગામના ભાઈઓ સાથે ત્યાં થયેલા ઠરાવોની ચર્ચા કરી. ચર્ચાને અંતે સરકારી શાળાનો બહિષ્કાર કરવાનો અને પરદેશી કાપડની હોળી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

રાષ્ટ્રીય શાળા માટે ચોતરા ફળિયામાં રામભાઈ ગોસાંઈએ જયરામભાઈ મકનના ઘરની વ્યવસ્થા કરી. વલ્લભભાઈ પૂના અને લાલભાઈ લખાભાઈએ શિક્ષક તરીકે મફત સેવા આપવાનું સ્વીકાર્યું. પરિણામે કરાડીમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના ૧૯૨૧ની સાલમાં થઈ. સમયાંતરે ૧૯૨૬ની સાલમાં રાષ્ટ્રીય શાળાનું મકાન ગામની મધ્યસ્થે આવેલ વાણિયા તળાવની બાજુમાં, આમ્રકુંજોની સમીપ, પ્રેમાભાઈ પાંચીઆએ દાનમાં આપેલ જમીનમાં તૈયાર કરવામાં આવ્યું. જે આજે પણ આપણે જોઈ શકીએ છીએ. આપણી રાષ્ટ્રીય શાળામાં ગુજરાત વિદ્યાપીઠે નક્કી કરેલ અભ્યાસક્રમ દાખલ કર્યો.


ઉપર જણાવ્યું તેમ, પ્રારંભમાં ગામના ઉત્સાહી ભાઈઓએ શૈક્ષણિક જવાબદારીઓ સંભાળી, પાછળથી જે આચાર્યોએ શાળાના વિકાસમાં સમર્પિત ભાવનાથી જે સેવા પ્રદાન કરી, શાળાની અસ્મિતા જાળવી તે મહાનુભાવોના નામ આ પ્રમાણે છે : **આચાર્યોની નામાવલી. (પ્રાથમિક વિભાગ)** ૧. વસંતજીભાઈ દેસાઈ, ૨. દયાળજીભાઈ દેસાઈ ૧૯૨૧ થી ૧૯૨૮, ૩. ઋતુપ્રસાદ ભટ્ટ, ૪. મણિભાઈ શ. પટેલ ૧૯૨૮ થી ૧૯૩૩ (બાલ મંદિર, બાળ વર્ગ અને આઠમા ધોરણ સાથે પ્રાથમિક વિભાગ) ૫. ઈન્દ્રશંકર રાવળ ૧૯૪૪ થી ૧૯૪૬. **પ્રાથમિક તથા માધ્યમિક વિભાગ સાથે સંયુક્ત શાળાનું**

**સંચાલન** ૬. લાભશંકર એમ. વ્યાસ ૧૯૪૬ થી ૧૯૫૧ (લાભશંકરભાઈના અથાક પ્રયાસથી માધ્યમિક વિભાગની સ્થાપના) ૭. ચીમનભાઈ પટેલ ૧૯૫૧ થી ૯.૧૧.૧૯૫૧, ૮. બટુકભાઈ નાયક ૧૦.૧૧.૧૯૫૧ થી ૧૪.૬.૧૯૫૪, ૯. રામચંદ્ર ઉપાધ્યાય ૧૫.૬.૧૯૫૪ થી ૬.૬.૧૯૫૮, ૧૦. હરકાન્ત પાઠક ૭.૬.૧૯૫૮ થી ૩૧.૭.૧૯૫૯, **પ્રાથમિક વિભાગ લોકલ બોર્ડ સરકારને સોંપવામાં આવ્યો. આથી બાકી માધ્યમિકનું સંચાલન રહ્યું.** ૧૧. પ્રભુભાઈ સી. પટેલ ૧.૮.૧૯૫૯ થી ૩૧.૫.૧૯૮૫, ૧૨. મન્સુભાઈ પટેલ ૧.૬.૧૯૮૫ થી ૩૧.૫.૧૯૯૧, ૧૩. મનહરભાઈ બી. જોશી ૨૫.૭.૧૯૯૧ થી ૩૧.૫.૧૯૯૫ અને ૧૪. પ્રભાતસિંહ આર. ઠાકોર ૧.૮.૧૯૯૫ થી ચાલુ.

૧૯૩૫માં રાષ્ટ્રીય શાળાનું નામકરણ ડો. ચંદુલાલ દેસાઈની ઉપસ્થિતિમાં 'ભારત વિદ્યાલય' કર્યું. સ્થાપના કાળથી સંસ્થાની આર્થિક જવાબદારી સ્થાનિક લોકોએ ઉપાડી લીધી હતી. ૧૯૨૧ના અરસામાં જ કાંઠા વિભાગમાં મટવાડ, બોદાલી અને બોરી ફળિયામાં પણ રાષ્ટ્રીય શાળાની સ્થાપના થયેલી. બ્રિટિશ સરકાર રાષ્ટ્રીય શાળાઓ બંધ થાય એની પેરવીમાં હતી. અવાર નવાર કનડગત કરતી. આર્થિક ભાર ગામે જ ઉપાડવાનો હોય નાણાંકીય મદદને અભાવે ઘણી રાષ્ટ્રીય શાળાઓ બંધ થઈ, પરંતુ એક માત્ર કરાડીની રાષ્ટ્રીય શાળા ચાલુ રહી. કરાડીના સદ્‌ભાગ્યે મણિભાઈ જેવા શિક્ષણવિદ્ આચાર્ય મળ્યા.

**આચાર્ય મણિભાઈ શનાભાઈ પટેલ :** મણિભાઈનો જન્મ ૧.૫.૧૯૦૫ના દિવસે ખેડા જિલ્લાના અલિન્દ્રામાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પોતાના ગામ અલિન્દ્રામાં, માધ્યમિક શિક્ષણ નડિયાદમાં. ૧૯૨૧માં મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળમાં સરકારી નિશાળ છોડી રાષ્ટ્રીય શાળામાં જોડાયા. ૧૯૨૮માં સ્નાતક થયા. વિદ્યાર્થીકાળ દરમ્યાન એ છોટુભાઈ પુરાણી અને અંબુભાઈ પુરાણીની વ્યાયામની પ્રવૃત્તિમાં જોડાયા. આ મહાનુભાવોનો બોલ શિરે ચઢાવી એમણે ૨૩ વર્ષની યુવાન વયે ૧૯૨૮માં કરાડીની રાષ્ટ્રીય શાળાનું આચાર્યપદ સંભાળ્યું. એ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક હતા. તે નાતે એમણે ગાંધીજીની નઈ તાલીમ યાને વર્ધા યોજનાના અનુબંધના સિદ્ધાંત મુજબ સર્વોદયની દૃષ્ટિએ શાળા ચલાવી. તદુપરાંત આચાર્ય મણિભાઈ મહર્ષિ અરવિંદના પૂર્ણ યોગના સાધક હતા. અને કવિવર રવીન્દ્રનાથ ટગોરની ભારતીય સંસ્કૃતિની સાહિત્યક વિભાવનાના સંયોજનથી મણિભાઈએ શાળાનો અભ્યાસક્રમ પ્રયોજ્યો. મણિભાઈના આગમનથી કાંઠામાં, રાષ્ટ્રભાવના અને લોકજાગૃતિની ચેતનાનો નવો સંચાર થયો. આચાર્ય મણિભાઈના આગમન બાદ એમના પ્રેરક પ્રભાવથી આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓ પોતાના ગામની સરકારી શાળા છોડી આચાર્ય મણિભાઈના છાત્ર બન્યા એમના સિંચેલા સંસ્કારનો પ્રભાવ વિશ્વમાં પથરાયેલ એમના વિદ્યાર્થીગણમાં અને નવી પેઢીમાં પ્રતિબિમ્બિત થતા જોવા મળે છે.


મણિભાઈ પટેલ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના પણ એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. શારીરિક શિક્ષણના પ્રચાર અર્થે યુવકો માટે "યુવક" નામનું માસિક તથા વ્યયામ સાહિત્યનું પ્રકાશન કર્યું. કરાડી, આટ, ધામણ, સાગરા, અમલસાડ વગેરે ગામોમાં વ્યાયામ પ્રવૃત્તિ શરૂ કરી. આ રીતે છોટુભાઈ પુરાણી, અંબુભાઈ પુરાણીની વ્યાયામની પ્રવૃત્તિને વેગ આપ્યો. મણિભાઈએ વિદ્યાર્થીઓની સુસુપ્ત શક્તિઓનો વિકાસ કર્યો અને અન્ય શાળાઓને પણ શારીરિક કેળવણીનો લાભ મળ્યો. કરાડી અને કાંઠા વિભાગમાં મદ્યપાન નિષેધ પિકેટિંગની પ્રવૃત્તિ તથા ખાદીફેરી કરી. ખાદીનો પ્રચાર એ મણિભાઈનું યોગદાન છે. ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહમાં જોડાયા. બ્રિટિશ સરકારે એક વર્ષની સજા ફટકારી. ૧૯૩૨માં ઓર્ડિનન્સનો ભંગ કર્યો. સરકારે બે વર્ષની સજા કરી. ૧૯૩૫માં ફરીથી રાષ્ટ્રીય શાળાનું સુકાન સંભાળ્યું. સરદાર વલ્લભભાઈ પટેલ કરાડી રાષ્ટ્રીય શાળાના પ્રમુખ સ્થાને રહ્યા. ૧૯૪૨માં 'કરેંગે યા મરેંગે' કાંઠા વિભાગની ચળવળનું નેતૃત્વ સંભાળ્યું. ૨૨મી ઓગસ્ટના મટવાડની પોલીસ ચોકી આગળ પોલીસે કરેલા ગોળીબારમાં અનેક ઘાયલ થયા ત્રણ વ્યક્તિઓ શહીદ થઈ. બે પોલીસના મરણ થયાં. પોલીસની બંદૂકો ઝૂંટવાઈ. ગોળીબારના દિવસથી અન્ય સાથીદારો સાથે ભૂગર્ભની પ્રવૃત્તિનું કુશળતાપૂર્વક સંચાલન કર્યું. ૧૯૪૩માં દેલવાડાની સીમમાંથી ધરપકડ થઈ લાંબો કેશ ચાલ્યો. સજા થઈ.



આચાર્ય મણિભાઈએ દાંડીકૂચ અને ૧૯૪૨ની હિન્દ છોડોની આખરી લડતમાં પ્રભાવક નેતૃત્વ પુરુ પાડ્યું છે. આ પ્રકારે ભારતની આઝાદીની લડતમાં ભારત વિદ્યાલયે કેન્દ્ર સ્થાને રહી આગવો ફાળો આપ્યો છે. આઝાદીના આંદોલન દરમ્યાન આચાર્ય મણિભાઈએ ચારવાર જેલવાસ ભોગવ્યો છે. આઝાદી પ્રાપ્તિ બાદ સરદાર વલ્લભભાઈએ મણિભાઈને કહેલું કે સ્વરાજ લેવા માટે તમારી જેટલી જરૂર હતી તેથી વધુ રાજ ચલાવવા માટે તમારી જરૂર છે. છતાં આચાર્યજી રાજકારણથી દૂર રહ્યા.

૧૯૭૨ની ૧૫મી ઓગસ્ટના ભારતમાંથી પસંદગી પામેલા સ્વાતંત્ર્ય સેનાનીઓને તામ્રપત્ર લાલ કિલ્લામાં તત્કાલિન વડા પ્રધાન ઈંદિરા ગાંધીએ એનાયત કર્યા. તેમાં આચાર્ય મણિભાઈને પણ દિલ્હી બોલાવી તામ્રપત્ર અર્પણ કરી, એમનું બહુમાન કર્યું. ૧૯૭૦માં આચાર્ય મણિભાઈના ન્યુ ઝીલેન્ડ સ્થિત વિદ્યાર્થીઓએ એમને વિશ્વ પ્રવાસ કરાવ્યો. ૩૧.૩.૧૯૭૪ના સવારે સ્વામી યોગાનંદનું આત્મકથન દર્શાવતું આધ્યાત્મિક પુસ્તક વાંચનમાં લિન અવસ્થામાં એમનો દેહાંત થયો. એમના મૃત્યુ બાદ દેશ વિદેશમાં વસતા એમના બહોળા વિદ્યાર્થી સમુદાયે વિદેશોમાં સ્મારક સમિતિઓ રચી, ફાળો એકત્ર કરી શ્રદ્ધાંજલિરૂપે આચાર્ય મણિભાઈ પટેલ સ્મૃતિ ગ્રંથ પ્રગટ કર્યો. અને કરાડીમાં ગાંધી સ્મૃતિ મંદિરની સમીપ આચાર્ય સ્મૃતિ ભવન બાંધવામાં આવ્યું છે અને ત્યાંથી, ઋણાનુબંધનું તર્પણ કરવા, આચાર્યજીની પ્રિય પ્રવૃત્તિઓને વેગ આપવામાં આવે છે.

**અણનમ સત્યાગ્રહી પાંચા કાકા :** ૧૯૨૩માં કરાડીના વીર સત્યાગ્રહી પાંચા પટેલે નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. ગાંધીજીના ઉદ્‌બોધન અને સિદ્ધાંત મુજબ, રેંટિયાથી જાતે કાંતી, જાતે વણી ખાદીના વસ્ત્રો પહેરવાં. અર્થાત્ કાંતણ વણાટના શ્રીગણેશ કાંઠા વિસ્તારમાં સર્વ પ્રથમ પાંચાકાકાએ માંડ્યાં. દાંડીકૂચ વખતે એમની પાસે ખાદી વણવાની સાળો હતી. પાછળથી દિલખુશભાઈ દિવાનજીને એમણે સુપ્રત કરેલી. એમણે સરકારને મહેસૂલ ભરવાનો ઈન્કાર કર્યો અને પોતાની જમીન ખાલસા કરવા દીધી. સરકારે એ જમીન જપ્ત કરી, પણ પાંચા પટેલે મહેસૂલ ન ભર્યું તે ન જ ભર્યું. ૧૯૨૮માં એમણે બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. આથી એમને છ મહિનાની જેલની સજા થઈ. પાંચાકાકાની ટેક અને પ્રતિકાર શક્તિની ગાંધીજીએ પ્રશંસા કરી છે. પોતાના પત્ર "હરિજનબંધુ"માં લખ્યું, 'પાંચા પટેલની ટેક આખા ભારતમાં અદ્વિતીય રહેશે.' આને પગલે અન્ય સત્યાગ્રહીઓએ પણ મહેસૂલ ભરવાનો બહિષ્કાર કરી જેલવાસ સ્વીકાર્યો હતો. પાંચાકાકાની ઝિંદાદિલ ન્યોચ્છાવર ભાવના અને અણનમ ટેકની ગાંધીજી પર ઘેરી છાપ હતી.



મહાત્મા ગાંધીજી નિર્વાણ બાદ, એમના અસ્થિ કુંભને કરાડીમાં જે સ્થળે ગાંધીજીએ ૨૨ દિવસ નિવાસ કરેલો તે સ્થળે રાખવામાં આવેલો. ભસ્મ વિસર્જન વાસ્તે કૂચે કરાડીથી પ્રસ્થાન કર્યુ, તેમાં વિરાટ માનવ મહેરામણ ઉમેટ્યો. માઈલો સુધી માનવ પ્રવાહ અતૂટ રહ્યો. કરાડીથી યાત્રા દાંડી પહોંચી. દાંડીના દરિયા કિનારે વિરાટ સભાને ઈશ્વરલાલ દેસાઈ વગેરેએ સંબોધી. ગદગદિત ભાવે મહાત્માજીને શ્રદ્ધાસુમન અંજલિ અર્પી. ત્યારબાદ ગાંધીનિષ્ઠ પાંચાકાકાના વરદ હસ્તે દાંડીના દરિયામાં ભસ્મ વિસર્જન કરવામાં આવેલા.

પાંચકાકા માટે મુર્ધન્ય કવિ ઉમાશંકર જોષી લખે છે : '... બપોરે અમે કરાડી મટવાડની શહીદભૂમિ તરફ જવા નીકળ્યા. વચ્ચે પાંચાકાકાનું ઘર આવતું હતું. એમના દર્શને ગયા. સરકાર સામે અણનમ રહી ઝઝુમનાર વૃદ્ધ પાંચાકાકાનું દર્શન પાવનકારી હતું. સરળ ઉમળકાથી એમણે અમને આવકાર્યા. દેશની સ્થિતિ પર વાત ચાલી. જુઓને લોકો પૈસો પૈસો કરે છે. કાળા બજાર કરે છે. બાપુજીની

વાત આપણે માની નહિ. ગાંધીજી માટેની ભક્તિ શ્વાસે શ્વાસે વરતાતી હતી. ધર્મની વાત પાંચાકાકા નરી સ્વાભાવિકતાથી કરતા. વચ્ચે એક બે કડી સંતવાણીની ગાઈ સંભળાવે. 'દીન દયા ઓર આતમ પૂજા. એ સિવાય ધરમ નહિ ધરમ નહિ દુજા.' એટલું આપણે તો જાણીએ છીએ. એમ કહી એમને દેખાતું નથી તેની વાતે વળગ્યા. એટલામાં બીજી મંડળી પાંચાકાકાને મળવા આવી પહોંચી. નવા આવેલાઓની સાથે પાંચકાકા વાતે લાગ્યા. અમે વિદાય લીધી. એક વીર પુરુષની સ્વાભાવિક કોમળતાનું દર્શન કરી અમે આગળ વધ્યા.'

**કાંઠાનો અલગારી દરબારી સાધુ - સ્વામીજી :** સુરતમાં બહેરામશાહ દરબારીને ત્યાં, દસ્તુર પારસી કુટુંબમાં એમનો જન્મ થયો. એમના વડવાઓ દરબારમાં નોકરી કરતા તેથી એમની અટક દરબારી પડી. નાની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું. રેલવેમાં નોકરી સ્વાકારી. પરંતુ વૈરાગ્યભાવ ઉત્કટ બનતાં સ્વતંત્ર સ્વભાવના સ્વામીજીએ તે છોડી સુરતના બાલાજી મંદિરમાં જોડાયા. ભગવાં વસ્ત્રો ધારણ કરી આશ્રમનો આધ્યાત્મ લાભ લીધો. એ અરસામાં ૧૯૨૮માં બારડોલીની નાકરની લડતમાં વિજય થતાં દેશમાં ચેતન વ્યાપ્યું. સ્વામીજી પણ તેમાં ભળ્યા. કામરેજ તાલુકામાં દુબળા કોમની ઉન્નતિ કાજે કામ કર્યું. ત્યાંથી આચાર્ય મણિભાઈ સાથે પરિચય થતાં ૯મી ઓગસ્ટ ૧૯૨૯માં કરાડી આવ્યા. અને ૧૯૩૫ સુધી કાંઠામાં રહી મધ્યપાન નિષેધ વાસ્તે પિકેટિંગની પ્રવૃત્તિ કરતા રહ્યા. ૧૯૩૦માં દાંડીકૂચ વેળા અને ૧૯૩૨માં એમણે બે વાર જેલવાસ પણ સહ્યો. સ્વામીજીનું જીવન ખૂબ સાદું હતું. જાતે રાંધે. જીવવા પૂરતું જ જમે. ઉનાળામાં ખેતરના આંબા નીચે રહે. ચોમાસમાં શાળાના ઓટલા ઉપર સૂવે. દિવસ આખો કાઠાના ગામડાંઓમાં ફરી દારૂ તાડી નિષેધનું, પિકેટિંગનું કામ કરે. આચાર્ય મણિભાઈ સ્વામીજી માટે લખે છે : … કાંઠામાં પંદર વર્ષમાં કામ કરનારા અનેક આવ્યા છે. પણ સ્વામીજીની જોડી જડી નથી. આખાયે કાંઠાને એકત્ર કરી એક સૂત્રે બાંધી કામ કરનાર પ્રથમ વ્યક્તિ હોય તો તે સ્વામીજી. જો કે આ શબ્દો અક્ષરસહ યથાર્થભાવે ખુદ મણિભાઈને માટે પણ વાપરી શકાય.

દરબારી સાધુ સ્વામીજીએ કાંઠા વિભાગમાં કરેલાં ભગીરથ કાર્યની સ્મૃતિ જીવંત રહે, તે માટે 'ભારત વિદ્યાલય'ની પ્રાથમિક શાળાનું બે માળી નવું મકાન બંધાયું તેનું નામાભિધાન 'દરબારી છાત્રાલય' આપવામાં આવ્યું. છાત્રાલયમાં શાળાના વિદ્યાર્થીઓ રાત્રે સૂતા. સંચાલન માટે વિદ્યાર્થીઓમાંથી જ ગૃહપતિ ચૂટવામાં આવે. રાત્રે પ્રાર્થના, સારાં પુસ્તકમાંથી વાચન, સ્વાધ્યાય, મુક્કર સમયે સુવાનું, સવારે મુકરર સમયે ઊઠવાનું, પ્રાર્થના, વાચન, આસન, સફાઈ કામ, સ્નાન વગેરે નિત્ય ક્રમ. વિદ્યાર્થીઓ જમવા માટે જ ઘરે જતા. આચાર્ય મણિભાઈના સમયથી આચાર્ય લાભશંકરભાઈ સુધી આ ક્રમ ચાલુ રહ્યો. ત્યારબાદ વિદ્યાર્થીઓ શાળામાં સૂતા, પરંતુ નિયમક્રમનું નિયંત્રણ મંદ પડ્યું.

**૧૯૩૦થી કરાડીમાં ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની ઉજવણી.** ૧૯૨૯માં લાહોરમાં રાવી નદીને કિનારે કોંગ્રેસની મહાસભા મળી. ગાંધીજીએ સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ રજૂ કર્યો. મહાસભાએ 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ના ગગનભેદી નારાથી ઠરાવને વધાવી લીધો. ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦નો દિવસ પૂર્ણ સ્વરાજ દિન તરીકે ઉજવવો, તેમ ઠેરવાયું. તે દિવસે આઠ વાગ્યે ધ્વજ વંદન કરવું અને લડત માટે પ્રતિજ્ઞા લેવાની હતી.

ઉપરના ઠરાવ મુજબ, ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦ના મંગળ પ્રભાતે સત્યાગ્રહી પાંચાકાકાના ખાલસા થયેલ ઐતિહાસિક ખેતરમાં વહાણનો ઊંચો કૂવાથંભ જુવાનિયાઓએ રોપ્યો. આચાર્ય મણિભાઈ પટેલે લખ્યું છે તેમ મોટી સંખ્યામાં બાળકો, બહેનો, વિદ્યાર્થીઓ, ભાઈઓ ભેગા થયા હતા. દરબારી સાધુ સ્વામીજીએ રાષ્ટ્રધ્વજ ફરકાવવા દોરી હાથમાં લીધી. સમય થતાં વંદે માતરમ્ અને ઈન્કિલાબ ઝિંદાબાદના રાષ્ટ્રીય પોકારો વચ્ચે સ્વામીજીએ ધ્વજને ગગનમાં ફરકાવ્યો. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રગીત ગાયું : ઝંડા ઉંચા રહે હમારા … વિજયી વિશ્વ તિરંગા પ્યારા ..... .......

**મીઠાના કાયદાનો ભંગ કરવા દાંડીની પસંદગી :** સરકારની દમન નીતિ સામે સામૂહિક સત્યાગ્રહની ખાતરી ગાંધીજીને આફ્રિકાના અનુભવથી થઈ ગઈ હતી, તેથી ખૂબ ધિક્કાર પાત્ર બનેલા મીઠાના કાયદાને તોડવા, મીઠું ઉપાડવા ગાંધીજીએ સ્થળની પસંદગી કરવાની હતી. ખેડા જિલ્લામાં ખંભાતના દરિયા કિનારે કુદરતી મીઠું પાકતું હતું. દરબાર ગોપાળદાસ બોરસદ તાલુકામાં વર્ષોથી છાવણી નાખી પડ્યા હતા. તેમના પ્રભાવથી કૂચ ત્યાં જશે એવી અટકળો થતી. મીઠું તો માત્ર એક પ્રતીક હતું. પરંતુ મહાત્માજીએ તો ભારતની સુષુપ્ત પ્રજાને જગાડી એક સૂત્રે બાંધવી હતી. ખંભાત અમદાવાદનું અંતર ટૂંકુ હોવાથી ઓછા સમય ગાળામાં કૂચ સંકેલાઈ જાય. જો અંતર લાંબુ હોય તો લોકમાનસ ઉપર તેની ઘેરી જ અસર થાય. ગાંધીજીએ તો પ્રજાને એકત્રિત કરી સ્વાધિનતા માટે લડત લડવા તૈયાર કરવી હતી.

બીજું સ્થળ દાંડી હતું. જલાલપોર કાંઠા વિભાગના દાંડી - આટ - ઑંજલની ખારી ખાંજણમાં, ભરતીનું પાણી સૂકાતાં તેમાંથી પુષ્કળ મીઠુ અહીં પાકતું. આ વાત તે વખતના સુરતના વાઘ ગણાતા લોકનેતા કલ્યાણજી મહેતાએ ગાંધીજી સમક્ષ મૂકી. આમ તો કલ્યાણજીભાઈ અને મણિભાઈ સહકાર્યકર. મણિભાઈ સરદાર વલ્લભભાઈના સતત સંપર્કમાં. ઉપરાંત વિદ્યાપીઠના સ્નાતક અને તે અનુસંધાને કરાડીમાં રાષ્ટ્રીય શાળા ચલાવે. ખાદીફેરી અને મધ્યપાન નિષેધમાં પ્રવૃત્ત. ઉપરાંત પાંચાકાકાની કાંતણ વણાટની ખાદી ઉત્પાદન પ્રવૃત્તિ. મહેસૂલ ન ભરવાની લડત. નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ગાંધીજીને પડખે. બારડોલી નાકરની લડતમાં ભાગ લઈ જેલવાસ ભોગવેલો. આથી પાંચાકાકાની છાપ ગાંધીજી પર ભારે. તદુપરાંત, ખુદ ગાંધીજીને આ વિસ્તારની પ્રજાનો આફ્રિકાથી સીધો પરિચય. આ પ્રજાની ન્યોચ્છાવર ભાવનાનો, આ પ્રજાની ઝિંદાદિલ ખમીરની ખુમારીનો, નિષ્ઠા અને પ્રમાણિકતાનો અનુભવ. તદુપરાંત છેલ્લાં વરસ સવા વરસથી મદ્યપાન નિષેધ માટે પિકેટિંગની પ્રવૃત્તિનું જે કામ થયું હતું તેનાથી સમગ્ર કાંઠાની પ્રજા વચ્ચે એક પ્રાણપ્રવાહ વહેતો હતો. આને પરિણામે કલ્યાણજીભાઈના સૂચનથી મીઠાના કાયદાને તોડવા દાંડીની પસંદગી થવામાં અનુકૂળતા થઈ હતી.

ગાંધીજી દાંડી પહોંચે તે પહેલાં વ્યવસ્થા માટે સુરત જિલ્લામાં ત્રણ છાવણીઓનો પડાવ નક્કી થયો. બે છાવણી કાંઠામાં. તેમાંની એક કરાડીમાં અને બીજી આટમાં, જ્યારે ત્રીજી ભીમરાડમાં. કરાડીના સેનાપતિ તરીકે દાક્તર ત્રિભુવનદાસ નિમાયા હતા. તેમની મદદમાં આચાર્ય મણિભાઈ અને સ્વામીજીએ કામ કરવાનું હતું. આટની છાવણીના સેનાપતિ કીકુભાઈ નાયક નિમાયા હતા. જેઓ ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક હતા અને કવિવર ટગોરની શાંતિનિકેતનમાં કેટલાંયે વર્ષ ગાળ્યાં હતાં. તેમની સહાયમાં કરાડીથી દાક્તર મનુભાઈ નાયક ગયા હતા. સુરત પાસેના ભીમરાડની છાવણીના સેનાપતિ ગાંધીજીના પુત્ર રામદાસ ગાંધી નિમાયા હતા.




**દાંડીયાત્રાની એક ઝલક : મહાત્માજી અને સાથીયાત્રીઓ**

૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ ગાંધીજીએ પોતે પસંદ કરેલા ૭૯ સત્યાગ્રહીઓ સાબરમતી આશ્રમ, અમદાવાદથી કૂચનો પ્રારંભ કર્યો. સાબરમતીથી દાંડીનું અંતર ૨૪૩ માઈલનું છે. પાંચમી એપ્રિલે કૂચ પાંચાકાકાવાડી, કરાડી આવી પહોંચી. સાંજની પ્રાર્થનામાં આચાર્ય મણિભાઈએ

તથા દરબારી સાધુ સ્વામીજીએ ભારત વિદ્યાલયની રાષ્ટ્રીય શૈક્ષણિક પ્રવૃત્તિ તથા દારૂ તાડી નિષેધની પ્રવૃત્તિ હેવાલ આપ્યો. દાંડી કૂચની શરૂઆતમાં આંદોલનની અસરકારતા વિશે કેટલાક નેતાઓને શંકા હતી. કૂચની સફળતા વિશે સરકાર પણ શાશંક હતી. પરંતુ ગાંધીજી શ્રદ્ધાવાન હતા. જેમ જેમ કૂચ આગળ વધતી ગઈ તેમ તેમ માનવસમૂહ એમાં ભળતો ગયો. ઊભરાતો ગયો. છઠ્ઠી એપ્રિલે દાંડીના દરિયા કિનારેથી ચપટીભર મીઠુ ઉપાડી જાહેર કર્યું કે બ્રિટિશ સામ્રાજ્યનો અંતનો આ આરંભ છે. અને અન્યોને એ પ્રમાણે કરવા હાકલ કરી.

આટ ઑંજલની ખાંજણમાં પુષ્કળ મીઠું પાકતું. આ મીઠું આ વિભાગના ગરીબ લોકો ટોપલે ટોપલે કાઢી નવસારી શહેરમાં કે ઉપરના ગામડાંમાં વેચતા. આ કુદરતી રીતે પાકતાં મીઠાં ઉપર કર નાખવામાં આવ્યો હોવાથી આ મીઠું ઉપાડવું એ ગૂનો ગણાતો. તેનો વિરોધ કરવા કરાડી અને કાંઠા વિભાગના લોકો વિશાળ સંખ્યામાં આટની ખાંજણમાં ટોળે વળ્યાં હતાં. સંખ્યા ઘણી મોટી હોવાથી પોલીસનું ધ્યાન ખેંચાયું. પ્રથમ મીઠું આચાર્ય મણિભાઈએ ઉપાડ્યું. તેથી બે ત્રણ પોલીસો ભેગા થઈ મણિભાઈના હાથમાંથી મીઠું છોડાવવા પ્રયાસ કર્યો. મણિભાઈએ મીઠું ન જ છોડ્યું. આથી પોલીસોએ મણિભાઈને બળજબરીથી ઉપાડી પોલીસ વેનમાં પૂરી દીધા. ત્યારબાદ દરબારી સાધુ સ્વામીજીએ મીઠું ઉપાડ્યું તેથી એમને પણ પકડી લીધા. પછીથી અન્ય લોકોને પકડ્યા અને જલાલપોરની જેલમાં પૂરી દીધા.

મીઠાના કાયદાનો ભંગ કર્યા પછી ગાંધીજી દાંડીના શૈફી વીલામાં સાત દિવસ રહ્યા. દાંડીમાં પીવાના પાણીથી માંડી અનેક પ્રકારની અગવડને કારણે ગાંધીજી ૧૩મી એપ્રિલે કરાડી આવ્યા. દાંડીકૂચ પહેલાં કરાડી તથા આટ અને ભીમરાડમાં કૂચની વ્યવસ્થા વાસ્તે છાવણીનો પડાવ હતો જ. કરાડીમાં સ્થાનિક કાર્યકર્તાઓએ રાષ્ટ્રીય શાળા નજીકની આંબાવાડીમાં વાંસ અને ખજૂરીનાં છટિયાંની ઝૂંપડી બનાવી હતી. તેમાં ગાંધીજી ૨૨ દિવસ રહ્યા. ગાંધીજીના ૭૯ સૈનિકો કાર્યકર્તાઓ જોડે શાળાના મકાનમાં રહ્યા. ગાંધીજીના અહીંના નિવાસ દરમ્યાન તેઓ અન્ય ગામોમાં કાર્યક્રમની સમજ આપવા તથા દારૂ તાડી નિષેધ માટે ખજૂરીના ઝાડ કાપવા તેમ જ ખાદીના પ્રચાર માટે જતા. ખજૂરાંનાં ઝાડ કાપવાની શરૂઆત કરાડીથી થઈ. બોદાલીમાં ગાંધીજીના હાથે ખજૂરાં કપાયાં હતાં. સ્વયંસેવક વિઠ્ઠલભાઈ, લલ્લુભાઈના ખજૂરાં કાપતા ઘવાયા હતા. પગનું હાડકું તૂટી ગયું હતું. ઉપચાર કરવા છતાં ચાર દિવસની ટૂંકી માંદગી ભોગવી સ્વર્ગવાસી થયા હતા.




દાંડીકૂચની સફળતા પછી ધારાસણાના અગર ઉપર કૂચ લઈ જવાની ગાંધીજીની યોજના હતી. એમના આ ઈરાદાની ત્યારના ભારતના વાઇસરોય લૉર્ડ ઈરવીનને જાણ કરી. આ ઈરાદાની જાણ થતાં સરકારે ગાંધીજીની ધરપકડ કરવાનો હુકમ કર્યો. પાંચમી મે ૧૯૩૦ની મધરાતે વોરંટ લઈ આવેલા પોલીસ સુપ્રિટેન્ડન્ટે ગાંધીજીને અટકાયતમાં લીધા. રખેવાળી કરતા સ્વયંસેવક પ્રભુભાઈ ડાહ્યાભાઈએ બ્યૂગલ (રણશિંગું) ફૂંક્યું અને ધલ્લા ફળિયામાં જઈ લોકોને જગાડ્યા. સ્થાનિક ગામવાસી તરત પ્રતિકાર માટે એકઠા થઈ ગયા. (ગાંધીજીનો ઉત્સાહ વધારવા) ગામવાસીઓએ દેશભક્તિનાં ગીતો ગાયાં. ગાંધીજીને નવસારી રેલવે સ્ટેશન અને હાંસાપોર ગામની વચ્ચે ટ્રેઈન ઊભી રાખી, તેમાં બેસાડી, મહારાષ્ટ્રમાં આવેલા યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા.

જો કે ગાંધીજીની ધરપકડથી ધરાસણા તરફની કૂચ અટકી નહિ. અબ્બાસ તૈયબજી અને સરોજિની નાયડુએ અનુક્રમે આગેવાની લીધી. મેની ૧૫મીએ કરાડી ગામની આસપાસના લોકો કરાડીમાં એકત્ર થયા. કૂચ ધરાસણા પહોંચતાં સત્યાગ્રહીઓને રોકવામાં આવ્યા. સત્યાગ્રહીઓ મીઠાના અગર ઉપર પહોંચવા મક્કમતાથી આગળ વધવા પ્રયાસ કરતા રહ્યાં. તેથી હિંસા ભડકી ઊઠી. પોલીસના હિંસક પગલાંથી ઘણાં ઘવાયાં. કરાડી મટવાડની વિરાંગના બહેનોએ ઘવાયેલા સૈનિકોને સલામતીના સ્થળે લઈ જઈ સેવા શુશ્રૂષા કરી.

આ પ્રકારના અમાનુષી કૃત્યથી રાજકીય ક્ષેત્રે ગરમી આવી. નૈતિક અને સામાજિક જાગૃતિ આવી. બ્રિટિશ સામ્રાજ્યનો વિરોધ કરી રહેલા ગ્રામવાસીઓ સાથી ભાઈઓની સહાનુભૂતિમાં જેલમાં ગયા. અગ્ર વિરોધ નિરર્થક ન ગયો. સત્તાવાળાઓ નરમ પડ્યા. અને શાંતિમય સત્યાગ્રહનો સ્વીકાર કર્યો.

મૂળે દક્ષિણ આફ્રિકાના તે ત્રિપુટી સફરી. પરંતુ મીઠા સત્યાગ્રહમાં જોડાવાથી તેમને જેલવાસ મળેલો, એવા નાનુભાઈ મકનજી, મંગાભાઈ સુખાભાઈ તથા રામજીભાઈ સુખાભાઈ. આ ત્રણે ભાઈઓ આફ્રિકા જવા મુંબઈ ગયેલા, પણ મોસમ મિયાંના રિપોર્ટથી ત્રણેના પાસપોર્ટ પોલીસે લઈ લીધેલા. તેમના બે ભાઈઓને પોલીસે પકડી જેલ ભેગા કરેલા. જ્યારે નાનુભાઈ ત્યાંથી છટકી ગયેલા.

૨૬મી જાન્યુઆરી ૧૯૩૧ના દિવસે ગાંધીજી જેલમાંથી મુક્ત થયા બાદ, બિમાર પડેલા પંડિત મોતીલાલ નહેરુની તબિયત જોવા અલ્હાબાદ ગયા. દાંડીકૂચ એ અગત્યના સીમાચિન્હ રૂપ હતી એની પ્રતીતિ સૌને થઈ હતી અને તેથી ૨જી ફેબ્રુઆરી ૧૯૩૧ના રોજ ગાંધીજીએ અલ્હાબાદથી લખેલા એક પત્રમાં જણાવ્યું છે : 'મારું કાયમી સરનામું તો કરાડી જ હોય.'



**પ્રખર ગાંધીવાદી દિલખુશભાઈ બ. દીવાનજી :** ગાંધી ભક્ત દિલખુશ બળસુખભાઈ દીવાનજીનો જન્મ તા. ૧૧ ૧૨ ૧૮૯૯ના થયો. દાદાના દાદા. કિરપારામ મયારામ સુરતના દિવાન હતા. કુટુંબની અટક આથી દીવાનજી પણ. ૧૯૧૫માં ગાંધીજીને તેમણે પહેલી વાર જોયા. ૧૯૧૭માં મેટ્રિક પાસ કરી, એલ્ફિસ્ટન કૉલેજમાં ચાર વર્ષ અભ્યાસ કર્યો. આ દરમ્યાન ગાંધીજીનું "નવજીવન"નું નિયમિત વાચન ચાલુ જ રહ્યું. તેમણે ૧૯૨૧માં બી.એ.ની પરીક્ષા ઊંચા ગુણે પાસ કરી અને ૧૯૨૨થી લોક સેવામાં પ્રવૃત્ત થયા. ૧૯૨૩ દરમિયાન મુંબઈ ખાતે રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ૧૯૩૦ સુધી આઠ વર્ષ શિક્ષકનું કામ કર્યું. ૧૯૩૦થી ૧૯૩૨ સુધી વિલેપારલાની સત્યાગ્રહી છાવણીમાં કામ કર્યું. ૧૯૩૦થી ૧૯૩૪ દરમ્યાન બે વાર જેલમાં ગયા. ૧૯૩૪ના સપ્ટેમ્બરની ૧૫મી તારીખે શિક્ષક મિત્ર માવજીભાઈ સાથે શિક્ષણ અને ગ્રામસેવા માટે કરાડી આવ્યા.

કરાડીમાં માવજીભાઈ સાથે મળી ઝૂંપડી આશ્રમ શરૂ કર્યો. પાછળથી માવજીભાઈ, નરમ તબિયતને કારણે, વતન ગઢશીશા ચાલ્યા ગયા. ઝૂંપડી આશ્રમમાં સ્વાવલંબનનો રેંટિયો મધ્યબિંદુ હતો. કરાડી રાષ્ટ્રીય શાળાના ઉપલા વર્ગના કેટલાક છોકરાઓને પ્રોત્સાહન મળતાં દીવાનજીભાઈની પ્રવૃત્તિમાં ભળ્યા. રાત્રે ઝૂંપડીમાં જ સુવાનું. આચાર્ય મણિભાઈએ પણ શાળામાં છાત્રાલય શરૂ કર્યું હતું. અને તાડગોળ બનાવવાની પ્રવૃત્તિ ચાલતી હતી. આચાર્ય મણિભાઈનો લગાવ વ્યયામ પ્રત્યે વધુ. અખાડાની પ્રવૃત્તિ થતી તેમાં કુસ્તી, લાઠી, ભાલા જમૈયા, તલવાર, બંદૂક, વગેરેના દાવો થતા. તેથી વિચારભેદને કારણે દીવાનજીભાઈએ ગાંધીજી સમક્ષ ફરિયાદ કરી કે મણિભાઈ હિંસક રમતો શીખવે છે. આથી ગાંધીજીએ સલાહ આપી કે આચાર્ય મણિભાઈ શિક્ષણનું જે કામ કરે છે તે ચાલુ રાખે અને દીવાનજીભાઈ ખાદી રેંટિયાનું કામ સંભાળે. આ વિચારભેદની અસર તત્કાલિન યુવા પેઢીમાં વર્તાય છે. આઝાદીના આંદોલનમાં દીવાનજીભાઈ સંકળાયા નહોતા, તેથી સરકારે એમની ધરપકડ ય નહોતી કરી.

કાંઠા પ્રદેશમાં વીર પાંચાકાકાએ શરૂ કરેલી કાંતણ વણાટની પ્રવૃત્તિને દીવાનજીભાઈએ સવિશેષ વેગ આપ્યો. ભારતને સ્વતંત્રતા મળતાં તત્કાલિન સરકારે ગાંધી મૂલ્યોને મહત્ત્વ આપી બુનિયાદી કેળવણીને અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું. તે સમયે દીવાનજીભાઈ જેવા ગાંધી વિચારસરણીને વરેલા રચનાત્મક કેળવણીકારોની દોરવણીથી શિક્ષકો માટે તાલીમ વર્ગો શરૂ કયા. તાલીમ વર્ગો માટે શિક્ષકો પણ પૂરા પાડ્યા. ગુજરાતની ઘણી સંસ્થાઓમાં દીવાનજીભાઈએ કાંઠાના સક્ષમ યુવાનોને ગોઠવી દીધા. કાંતણ માટે રેંટિયા પૂણીની માંગ વધી. એમના શિષ્યોમાં હીરાભાઈ છી. પટેલે સમગ્ર હિન્દુસ્તાનમાં કાંતણ માટે મોટા પાયે પૂણી તૈયાર કરી પહોંચાડી હતી. ભાનુભાઈ ર. પટેલે જથ્થાબંધ રેંટિયા બનાવી ભારતભરની માંગ પૂરી પાડેલી.

દીવાનજીભાઈ ગાંધી નભોમંડળના અસ્ત થતાં શેષ તારકોમાંના એક તેજસ્વી તારક હતા. તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરી સન્યાસ લીધો. જીવન પયર્ત. ૫૭ વર્ષ સુધી, કરાડીમાં બેસી ગાંધી આદર્શોનું જતન કરતી ધૂણી ધખાવી રાખી. ૧૮-૭-૧૯૯૯ના દિને એમનું અવસાન થયું. મૃત્યુ સમયે મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દીવાનજીભાઈ પથારીવશ હતા. પડખે ઈન્દ્રસિંહ રાવત બેઠા હતા. ઈન્દ્રસિંહભાઈના જણાવ્યા પ્રમાણે, દીવાનજીભાઈએ છેવટે કહેલું, 'મને મારો રેંટિયો આપો ને ... ' અનન્ય રેંટિયાભક્તે રેંટિયાનું રટણ કરતાં કરતાં દેહ છોડ્યો.

**૧૯૪૨ની 'હિન્દ છોડો'ની આખરી લડત :** ૧૯૩૯માં બીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળ્યું. યુરોપમાં જર્મની એક પછી એક દેશ જીતી આગળ વધી રહ્યું હતું. દૂર પૂર્વ વિસ્તારમાં જપાન બ્રિટિશ સરકારને હંફાવી રહ્યું હતું. તે વખતે બ્રિટિશ સરકારે એવો નિર્ણય કર્યો કે, 'જો જપાનીઓ હિન્દુસ્તાન ઉપર ચઢી આવે ને હિન્દુસ્તાનને કબજે કરે, તે પહેલાં ગોરી પ્રજા અને ગોરા લશ્કરને ઈંગ્લેન્ડ રવાના કરવાં.' આ નિર્ણયની જાણ તે વેળાના કોંગ્રેસના આગેવાનોને આવી ગઈ હતી. તેથી તેઓ અત્યંત ચિંતિત હતા. અને તે માટે કોંગ્રેસની કાર્યવાહક સમિતિની સભા મુંબઈ ખાતે ગોવાળિયા ટેંકના મેદાનમાં ૧૯૪૨ની ૮મી ઓગસ્ટની સાંજે મળી. તેમાં કોંગ્રેસે 'હિન્દ છોડો'ની આખરી લડત લડી લેવાનો ઠરાવ કયો. મહાત્મા ગાંધીજીએ 'કરેંગે યા મરેંગે - Do or Die' સૂત્રો પ્રજાને આપ્યાં. આથી બ્રિટિશ સરકારે મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ. સરદાર વલ્લભભાઈ પટેલ સહિત બધાં કોંગ્રેસ આગેવાનોની ધરપકડ કરી જુદી જુદી જેલોમાં પૂર્યાં.

તેની સામે સમગ્ર હિન્દુસ્તાનમાં ક્રાંતિનો ભયાનક દાવાનળ ફાટી નીકળ્યો. તેનો તણખો કાંઠા વિભાગની ખમીરવંતી પ્રજામાં પણ પડ્યો. વિરોધનું રાષ્ટ્ર વ્યાપી પ્રચંડ વાવાઝોડું ફૂંકાયું. 'ભારત વિદ્યાલય'ના વિદ્યાર્થીઓ. શિક્ષકો. યુવાનો દરરોજ પ્રભાત ફેરી કરતા, સરઘસો કાઢતા, સભાઓ રાખતા. ગામે ગામ જઈ લોકોને રાજકીય પરિસ્થિતિનો ખ્યાલ આપતા. આ પાછળનો હેતુ પ્રજાની એકતા અને હિન્દની આઝાદી માટે સંયુક્ત લડતનો હતો. આવી એક પ્રભાત ફેરી ૧૯મી ઓગસ્ટની વહેલી પરોઢે ભારત વિદ્યાલયમાંથી નીકળી રાષ્ટ્ર ભાવનાના ગીતો ગાતી, સૂત્રો પોકારતી, મટવાડની પોલીસચોકી ઉતારા આગળ પહોંચી. પોલીસ નાયકે ગીતો. સૂત્રો બંધ કરવા. પ્રભાત ફેરી વિખેરી નાખવા હુક્મ કર્યો. પણ પ્રભાત ફેરી તો 'મેરા સર જાવે તો જાવે. પર આઝાદી ઘર આવે.' 'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે.' જેવાં જેવાં ગીતો ગાતી જ રહી. આથી પોલીસે લાઠી ચાર્જ શરૂ કર્યો. કૂચ બિલકુલ શાંતિપૂર્ણ અહિંસક હતી. પણ પોલીસે મારઝૂડ કરી. નાનુભાઈનો હાથ તોડી નાખ્યો. રામજીભાઈ, મગનભાઈ નાયક, પ્રભુભાઈ સોમા (દક્ષિણ આફ્રિકા) વગેરે શિક્ષકો, વડીલોએ વિદ્યાર્થીઓને બચાવવા કોર્ડન કર્યું. તેથી તેઓ પર પણ અમાનુષી માર પડ્યો. આ સમાચાર પવનવેગે કાંઠા વિભાગમાં પ્રસરી ગયા. લોકો ઉશ્કેરાયાં. મણિભાઈ પાસે લોકો એકઠાં થયાં.

આ બનાવથી કરાડી અને આસપાસના ગામોમાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. આ બનાવનો વિરોધ કરવા ૨૨મી ઑગસ્ટે કાંઠા વિભાગની પાંચાકાકાવાડી આગળ વિશાળ સભા યોજાઈ હતી. (પાંચાકાકા વાડીનું સ્થળ એ પાંચાકાકાનું ખેતર. આ ખેતરની જમીનનું મહેસૂલ ભરવાનો પાંચાકાકાએ ઈન્કાર કર્યો હોવાથી આ જમીન સરકારે ખાલસા કરેલી. કબજે કરેલી. આથી આ સ્થળ તે વર્ષોમાં આઝાદ મેદાનના નામે ઓળખાતું. આ મહત્ત્વના કારણે કાંઠા વિભાગની મોટા ભાગની જાહેર સભા અહીં જ ભરાતી.) આચાર્ય મણિભાઈ પટેલ અને બીજા સ્થાનિક કાર્યકરોએ મહાત્મા ગાંધીજીના આદેશ અનુસાર સર્વ રીતે અહિંસક રહેવાનું સૂચવ્યું હતું. સભાના સમાપન બાદ સામાપોર અને દાંડીના લોકોને રસ્તા પર આવતાં પોલીસ સ્ટેશને કોઈ પણ સંઘર્ષથી અળગા રહેવા, તે રસ્તે ન જતાં ખાંજણના માર્ગે જવા સમજણ અપાઈ હતી. મોટે ભાગના લોકોએ આનું અક્ષરસહ પાલન કર્યું હતું. સડક પરથી એક સાંકડી ઊંડી નાળ ખાંજણમાં નીકળતી હતી. તે નાળમાં થઈ સભામાં પધારેલો વિશાળ માનવ મહેરામણ હાર બંધ ચાલવા લાગ્યો. મટવાડ, નિશાળ ફળિયાની આ સાંકડી નાળને જોડતી પોલીસ ઊતારાથી આવતી એક નાની નાળનું જોડાણ આવે છે. આ નાની નાળમાં થઈ પોલીસો ધસી આવ્યા. અને માનવ સમૂહને આંતરી ગાલિપ્રદાન કરવા લાગ્યા. એક યુવાનના ખમીસ પર લટકતો 'કરેંગે યા મરેંગે'નો બિલ્લો જોઈને પોલીસે તે ઝૂંટવવાનો પ્રયાસ કર્યો. યુવાનો તરફ ધસી જતા પોલીસો લાઠીથી મારઝૂડ કરતા હતા. યુવાનો ઉશ્કેરાયા અને એનો પ્રતિકાર કરવા પોલીસો ઉપર તૂટી પડ્યા. પોલીસોએ હવામાં ગોળીબાર કર્યા હતા. આ ગોળીબારના ધડાકા કરાડી, મટવાડ, મછાડ, બોદાલી સુધી સંભળાતા લોકો મટવાડ પોલીસ સ્ટેશને દોડ્યા. પોલીસ અને પ્રજા વચ્ચે સંઘર્ષ શરૂ થયો. એક પોલીસ છટકી ગયો. તે વડના ઝાડ ઓથેથી ગોળીબાર કરતો રહ્યો. કુલ ૨૮ જેટલા ગોળીબાર કર્યાં. તેનાથી લગભગ ૨૧ વ્યક્તિઓ ઘાયલ થઈ. પરંતુ કાંઠા વિસ્તારના જુવાનોએ જાનની પરવા કર્યા સિવાય, મરણિયા થઈ, બંદૂકમાંથી છૂટતી ગોળી સામે ધસી જઈ પોલીસોને ઊંચકી પછાડ્યા. એક પોલીસ રામભાઈ ઊકાને બંદૂકનું ખંજર મારવાની તૈયારીમાં હતો. આ દૃષ્ય મછાડના પરસોત્તમભાઈએ પોલીસને કીક મારી ભોંય પર પાડ્યો. આ સમયે જ દયાળભાઈ કેસરી, છીબાભાઈ પાંચા જેવા ઘણા યુવાનો દ્વંદ યુદ્ધનો સંગ્રામ ખેલતા હતા. પોલીસના ગોળીબારથી વિસ્તારના ૨૧ ભાઈઓ ઘવાયા. તેમાં આઠ નવ ભાઈઓ ગંભીર રીતે ઘવાયા તેમાં એક ૧૮ વર્ષનો કિશોર, એક ૨૨ વર્ષનો યુવાન અને એક ૪૫ વર્ષના ચાર સંતાનના પિતા, એમ ત્રણ જણ ગંભીર રીતે ઘવાયા. ગામની વિરાંગના બહેનો અને ભાઈઓ તેમને ઊંચકી લાવી દૂરના સ્થળે લઈ ગયા અને તેમની સેવા શુશ્રૂષા કરી. આ દૃશ્ય જોઈને જ જાણે રાષ્ટ્રકવિ ઝવેરચંદ મેઘાણીએ નીચેની પંક્તિઓ વર્ણવી હોય તેટલું આ દૃશ્ય આબેહૂબ હતું! તેમાંની બે ત્રણ પંક્તિઓ આ રહી :

**રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,**
**કેસરવર્ણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે :**
**ઘાયલ મરતાં મરતાં રે**
**માતની આઝાદી ગાવે.**

ઘવાયેલા આ જુવાનોને નવસારી હોસ્પિટલમાં દાખલ કરવાનું અત્યંત જરૂરી હતું. રણછોડભાઈ લાલભાઈને પેટમાં ગોળી વાગી હતી. મોરારભાઈ પાંચાભાઈને સાથળમાં અને તેવી જ રીતે મગનભાઈ ધનજીભાઈને પણ જાંઘમાં ગોળી વાગી હતી. તેઓ જ્યારે જમીન ઉપર ઢળી પડ્યા, ત્યારે પોલીસે આવીને બીજા પગમાં પણ ખંજરો માર્યા. આથી પારાવાર લોહી નીકળી જતાં એમની સ્થિતિ પણ ગંભીર હતી. ચોમાસાંને કારણે રસ્તાઓ કાદવ કીચડવાળા વહાન ચાલી ન શકે તેવા હતા. ઘાયલ જુવાનોને ખાટલા ઉપર સુવાડી ઊંચકીને લઈ જવાનું નક્કી થયું. બીજા કેટલાક ઘાયલોને મછવામાં જલાલપોર બંદર સુધી લાવવામાં આવ્યા. રણછોડભાઈને ખાટલામાં સુવડાવી ઊંચકીને લઈ જવા માટે એમના ફળિયાની બહેનો તૈયાર થઈ. બહેનોએ વિચાર્યું કે સાથે એકાદ પુરુષ હોય તો સારું. તે માટે ન્યુઝીલેન્ડ સફરી જયરામભાઈ રવજીભાઈ બહેનો સાથે જોડાયા. સૂર્યાસ્ત થઈ ગયો હતો. ફાનસને અજવાળે જલાલપોર સરકારી હોસ્પિટલમાં લઈ ગયા. પણ તેઓ ઘવાયેલાને લેવાની ના પાડે છે, એમ જાણવા મળ્યું. આથી બહેનો અને જયરામભાઈએ વિચાર્યું કે ડો. ફોક્સની હોસ્પિટલમાં લઈ જઈએ. ત્યાં પણ ઘવાયેલાને દાખલ કરવાની ના પાડી. આખરે દાક્તર ખંડુભાઈ દેસાઈની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. અહીં બીજાં પણ,

ગોળીબારમાં ઘાયલ થયેલાં કરાડી મટવાડનાં ભાઈબહેનોને લાવવામાં આવ્યાં હતાં. દાક્તરો ઘાયલોની સારવારમાં વ્યસ્ત હતા. રાત્રે એક વાગ્યે ડોક્ટરે રણછોડભાઈ માટે જણાવ્યું કે આ છોકરો બચી શકે એમ નથી. તેને પેટમાં ગોળી વાગવાને કારણે આંતરડાં વિંધાઈ ગયાં હોવાથી અમે કાંઈ કરી ન શકીએ. મોરારભાઈ પાંચાભાઈ માટે જણાવ્યું કે આ માણસ બચી શકે, પરંતુ લોહી ઘણું નીકળી ગયું છે. ઉપરાંત ઉમ્મર થઈ છે. તેથી તેની સ્થિતિ ઘણી ગંભીર છે, એમ જણાવ્યું. જ્યારે બાકીના બીજા ઘાયલ હતા તેમની સ્થિતિ ભયજનક નથી, એમ જાણવા મળેલું.

૨૨મી ઑગષ્ટની ગોઝારી રાત્રે બેએક વાગ્યાના સુમારે પહેલાં રણછોડભાઈ વીરગતિ પામ્યા. ત્યાર બાદ થોડાક સમય પછી મોરારભાઈ મૃત્યુ પામ્યા. બીજે દિવસે નવસારીના આગેવાન કાર્યકર્તાઓએ સ્મશાનયાત્રાની તૈયારી કરી. શહેરના પ્રજાજનોને બપોરે દોઢ વાગ્યે સ્મશાનયાત્રા નીકળશે તેની જાણ કરવામાં આવી. અગ્નિ સંસ્કાર વિરાવળની સ્મશાનભૂમિ પર થવાના હતા. જે રસ્તા પર થઈને સ્મશાનયાત્રા જવાની હતી તે રસ્તા પર લોકો હારબધ્ધ ગોઠવાઈ ગયાં હતાં. વિશાળ માનવ મહેરામણ ઉમટ્યો હતો. સ્મશાનયાત્રાએ પ્રસ્થાન કર્યું. શહીદવીરોની નનામીનું વહન ધીમે ધીમે આગળ વધતું હતું. ત્યારે શહેરના લોકોએ શબવાહિની ઉપર ફૂલોનો વરસાદ વરસાવ્યો. ચોધાર આંસુ વહાવી માભોમની આઝાદી કાજે પ્રાણની કુરબાની આપનાર આ શહીદ વીરોને આમ પ્રજાએ શ્રદ્ધાંજલિ અર્પી. સ્મશાનયાત્રા સ્મશાનભૂમિએ પહોંચી. શાસ્ત્રોક્ત અંત્યેષ્ટિ-વિધિ થઈ અને શહીદ વીર રણછોડભાઈના મોટાભાઈ હીરાભાઈ લાલાએ રણછોડભાઈની ચિતાને અને શહીદવીર મોરારભાઈની ચિતાને એમના મોટા પુત્ર કાંતિભાઈએ અગ્નિદાહ દીધો. મૃતદેહ બળી ભષ્મ થઈ પંચભૂતમાં ભળી ગયા, ત્યાં સુધી લોકો શહીદોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતા રહેલા.

દૂધમલ યુવાન મગનભાઈની સ્થિતિ હજુ ગંભીર જ હતી. ગોળી વાગ્યાના ૨૨ દિવસ બાદ એક્સ-રે કરવાથી ખબર પડી કે જે જાંઘમાં ગોળી વાગી હતી તે અંદર રહી ગઈ હતી. ઓપરેશન કરીને ગોળી કાઢતાં તે જગ્યાનું ઝેર આખા શરીરમાં પ્રસર્યું અને તે સવારે જે એમનું કરુણ મૃત્યુ થયું. કાંઠા વિભાગ અને નવસારીના નગરજનોએ ભવ્ય સ્મશાન યાત્રા કાઢી એમની શહાદતને ઉદાત શ્રદ્ધાંજલિ અર્પી. ધન્ય હો ત્રણે શહીદ વીરોના પુણ્ય આત્માને અને તેમના બલિદાનને ! આ સંઘર્ષમાં એક પોલીસે પણ જાન ગુમાવેલો. ભારત માતાની સ્વતંત્રતા કાજે પ્રાણની કુરબાની અર્પણ કરનાર આ ત્રણ શહીદ વીરોને આજે પણ લોકો યાદ કરે છે અને તેની શહાદતને આદરપૂર્વક જુએ છે.

**વીરત્વને વરેલા શહીદો :** મોરારભાઈ પાંચાભાઈ પટેલ (ઉ.વર્ષ ૩૫), રણછોડભાઈ લાલભાઈ પટેલ (ઉ. વર્ષ ૨૨) તથા મગનભાઈ ધનજીભાઈ પટેલ (ઉ. વર્ષ ૧૮). મટવાડના પોલીસ ઉતારા આગળ જ્યાં પોલીસ અને પ્રજા વચ્ચે સંઘર્ષ થયેલો, પોલીસે કરેલા ગોળીબારથી જ્યાં ઘવાયેલા યુવાનોનું શોણિત વહેલું, તે સ્થળે આઝાદીના આંદોલનના સૂત્રધાર આચાર્ય મણિભાઈ પટેલના વરદ હસ્તે ભૂમિ પૂજન કરાવી ત્રણે શહીદોનું સ્મારક રચવામાં આવ્યું છે. સ્મારકની એક બાજુ શહીદોનાં નામ કંડારવામાં આવ્યાં છે. પોલીસ અને પ્રજા વચ્ચે થયેલા સંઘર્ષ યુદ્ધભૂમિનું આબેહૂબ દૃશ્ય શિલ્પો વાટે કંડારવામાં આવ્યું છે. છેક ઉપર હાથના પંજાથી પ્રજ્વળતી મશાલ પકડી છે. હાથનો પંજો એ યુવાનોની તાકાતનું દ્યોતક પ્રતીક છે. જ્યારે પ્રજ્વળતી મશાલ એ જનજાગૃતિનું સૂચક છે. આ પ્રાણવાન શિલ્પાકૃતિ દક્ષિણ ગુજરાતના મેઘાણી સમા સ્વાતંત્ર્ય સેનાની સિદ્ધહસ્ત શિલ્પકાર મધુભાઈ પટેલે કંડારી છે. અને એનું અનાવરણ ભરૂચના રાષ્ટ્રવાદી વકીલ મોતીભાઈ વીણના વરદ હસ્તે થયેલ છે. આજે પણ ૨૨મી ઑગષ્ટે પ્રતિ વર્ષ કાઠાના સ્વાતંત્ર્ય સેનાનીઓ, આગેવાનો, આજુબાજુની શાળાનાં વિદ્યાર્થી, શિક્ષકો સરઘસના રૂપમાં ભેગા મળી, આ પ્રસંગને આ ઘટનાને યાદ કરી શહીદોની શહાદતને ગદગદિત થઈ શ્રદ્ધાંજલિ અર્પે છે.



આ લડત પછી સરકારે કીચનરનું ઘાતકી લશ્કર કરાડી મટવાટના સ્વાતંત્ર્ય સૈનિકોને પકડવા મોકલ્યું. તેઓનું વર્તન ઘાતકી અને અમાનુષી હતું. કેટલાક સ્વાતંત્ર્ય સેનાનીઓને પકડી જલાલપોર પોલીસ સ્ટેશનની જેલમાં પૂરી દીધા. બીજે દિવસે બલૂચી સૈનિકોએ વઠિયાના ઈશારે ઘર ઘરની જડતી લીધી. લોકોને મારઝૂડ કરી. ચીજ વસ્તુની ભાંગફોડ કરી લોકોને ખૂબ પરેશાન કર્યા. જેના ઉપર પોલીસની નજર હતી તેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ અન્ય યુવાન ભાઈ બહેનોએ ગાયકવાડી રાજના દેલવાડા, ભીનાર તવડી, મરજાપોર વગેરે ગામોમાં જઈ આશ્રય લીધો. જેના ઉપર ધરપકડનું વોરંટ હતું તેને શોધવા પોલીસો ગામેગામ ફર્યા અને કેટલાકને પકડી જેલ ભેગા કર્યા. જેલવાસ દરમ્યાન તેઓ ઉપર અમાનુષી ત્રાસ ગુજારવામાં આવ્યો. પોલીસે કેટલાક ઉપર ફોજદારી ગુનાઓ દાખલ કર્યા, પણ તેઓ પાસે પુરાવા ન હતા.

**પોલીસના અમાનુષી ત્રાસ. અત્યાચારના થોડાં દૃષ્ટાંત :** દેશ અને દુનિયાના આઝાદીના સંગ્રામની તવારીખમાં સ્થાન પામી શકે તેવાં અદ્‌ભુત પરાક્રમોની ગૌરવગાથા કાંઠાની પ્રજાએ સર્જી છે. આચાર્ય મણિભાઈ પટેલ પાસે વ્યયામની તાલીમ પામેલા જુવાનોએ બંદૂકમાંથી છૂટતી ગોળીનો સામનો જાનફેસાનીથી કર્યો. પોલીસને ઊંચકીને પછાડ્યા. આ બધી રોમાંચક વાતો ભાગ લેનારના મોંથી સાંભળીએ ત્યારે આજે પણ રૂવાડાં ખડાં થાય છે.

૨૨મી ઓગષ્ટના પ્રત્યાઘાતરૂપે પોલીસે રાત્રે જ જુલમ ગુજારવો શરૂ કર્યો. રાતભર મટવાડમાં સીતમ ગુજાર્યો. મળસ્કે કરાડીમાં શરૂઆત કરી. આચાર્ય મણિભાઈ આ લડતના સૂકાની હતા. તેઓ બાલા ફળિયા કરાડીમાં રહેતા. તેથી મણિભાઈ પટેલને પકડવા મોસમ મીયાં સાથે જ પોલીસ આવી પહોંચી. પરંતુ મણિભાઈએ અગમચેતી વાપરી ઘરે રહેવું જોખમકારક સમજી અન્યને પણ સાવચેત કર્યા. તેમાં દક્ષિણ આફ્રિકાના સફરી દયાળભાઈ મોયાભાઈને પણ જાણ કરી, પણ દયાળભાઈ ઘરે જ રહ્યા. પોલીસે સીધા જ દયાળભાઈના ઘરમાં તથા બાજુના ગોવિન્દભાઈ કાનજી(જાપાન)ના ઘરમાં જઈ, બધી જ ચીજવસ્તુ વેર વિખેર કરી નાખી. તેઓ બંદૂક શોધતા હતા. ગોવિન્દભાઈની મા પાસે પેટારો ખોલાવ્યો. માને પેટારો ખોલતાં વાર લાગી તેથી બંદૂકનો કુંદો માર્યો. બીજી બાજુ દયાળભાઈના ઘરમાં દયાળભાઈનાં પત્નીને મારઝૂડ પોલીસે શરૂ કરી તે વખતે દયાળભાઈ અને ગોવિન્દભાઈ સાથે જ માળ ઉપર છુપાયા હતા. દયાળભાઈથી આ જુલમ જોવાયો નહિ અને ખૂબ ઝનૂનથી માળ ઉપરથી કૂદકો મારી પોલીસ ઉપર હુમલો કયો. દયાળભાઈના ઘરમાં ધમસાણ મચી ગઈ. તેથી ગોવિન્દભાઈના ઘરમાં આવેલા પોલીસો દયાળભાઈના ઘરમાં ધસી ગયા. આ તકનો લાભ લઈ ગોવિન્દભાઈ છટકી ગયા. આ બાજુ દયાળભાઈ એકલા હતા પોલીસોની આખી પલટણ હતી, તેથી દયાળભાઈને બેફામ માર મારી અધમુઆ કરી નાખ્યા અને મારતા મારતા પોલીસ થાણે લઈ ગયા. દયાળભાઈને સજા થઈ અને દયાળભાઈએ જેલવાસ પણ ભોગવ્યો. જેલમાંથી છૂટી દરિયાઈ માર્ગ ખૂલતા દક્ષિણ આફ્રિકા ગયા. આઝાદી પ્રાપ્તિ બાદ, ઘણે વર્ષે, દયાળભાઈ સ્વતંત્ર ભારતના દર્શને આવ્યા. ભારતની ભૂમિ પર પગ મૂકતા જ લાંચ ભૂખ્યા કસ્ટમ અધિકારીઓએ જે પરેશાની આપી તેથી એમનું દેશભક્તિનું ખમીર ઘવાયું.


**સ્વજનની સ્મશાન યાત્રા સમયે દરોડા :** ૧૯મી ઓગસ્ટની પ્રભાત ફેરીના અગ્રેસરો નાનુભાઈ છીબુભાઈ, રામજીભાઈ ફકીરભાઈ, મગનભાઈ નાયક વગેરે શિક્ષકો. દક્ષિણ આફ્રિકાના સફરી નરસિંહભાઈ સોમા તથા ઉપલા

વર્ગના કેટલાક વિદ્યાર્થીઓ હતા. પોલીસે કરેલા લાઠીચાર્જથી ઘણા ઘવાયા. તેમાં પોલીસે નાનુભાઈનો હાથ ભાંગ્યો હતો.

૨૨મી ઓગષ્ટના ગોળીબાર બાદ બલૂચી પઠાણોની કીચનર આર્મીના અમાનુષી ત્રાસથી કરાડી મટવાડના માણસોએ ગામ છોડી આજુબાજુના ગામો તથા નદી પારના દેલવાડા, ભીનાર, તવડી વગેરે ગામોમાં આશ્રય લીધો હતો. કરાડી મટવાડમાં માત્ર વૃદ્ધો જ ઢોરઢાંખર સંભાળવા રહ્યાં હતાં. આવી પરિસ્થિતિમાં શાળાના શિક્ષક નાનુભાઈ છીબુભાઈના મોટાભાઈ સોમાભાઈના સગર્ભા પત્નીને પ્રસૂતિ વખતે કોઈ સહાય ન મળતાં મૃત્યુ પામ્યાં. એમની સ્મશાનયાત્રામાં નદીપાર દેલવાડામાં ભૂગર્ભમાં કામ કરતા નાનુભાઈ આવશે જ એવી વેઠિયાને ખાતરી હતી. તેથી આ બાતમી પોલીસને કાને મૂકતાં નાનુભાઈને પકડવા સ્મશાનયાત્રા ઉપર પોલીસો ત્રાટક્યા. નાનુભાઈ પાસે નદી પાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. ભરતીનાં પાણીથી પૂર પાટે વહેતી પૂર્ણા નદી તરી સામે કાંઠે ભાગવા સિવાય બીજો કોઈ માર્ગ નહોતો. નાનુભાઈ પૂર્ણા નદીનો વિશાળ પટ તરી પોલીસના છટકામાંથી છટકી ગયા.

આવો જ બીજો પ્રસંગ રવજીભાઈ છીબાભાઈના કાકાની સ્મશાન યાત્રાનો છે. રવજીભાઈની હિમ્મત અને તાકાત દાદ માંગે. પોલીસ એમની ગિરફતારી માટે તત્પર હતી. અવારનવાર પોલીસ એમના ઘરે આંટાફેરા મારતી. વેઠિયાએ એમના રણછોડકાકાની સ્મશાનયાત્રાની બાતમી પોલીસને પહોંચાડી. સ્મશાનયાત્રા સ્મશાને પહોંચતાં પોલીસોએ દરોડો પાડ્યો. સ્મશાનયાત્રામાં આવેલા જુવાનો નદી તરફ ભાગ્યા. કાદવમાં પોલીસોના જોડા ખૂંપી જતાં દોડી ન શકવાથી હાંફતા ફાંફળા પાછા વળ્યાં. આ તરફ રવજીભાઈ સ્મશાનનાં દેરાંને ફરતે વેશ પલટો કરી ફરતા રહ્યા.

બીજો એક પ્રસંગ :– કરાડી પટેલ ફળિયાના જે.સી. પટેલ (જેરામભાઈ છીબાભાઈ) ભારત વિદ્યાલયના રાષ્ટ્ર ભાવનાની ખુમારીવાળા શિક્ષક. એમના ઉપર વોરંટ. પોલીસ એમની ધરપકડ માટે એમના ઘરે છૂપી રીતે આવતી. જે. સી. પટેલ ક્ષયની બિમારીથી પીડાતા હતા. એમની સલામતી માટે એમના પલંગ નીચે છૂપાવા માટે ઊંડો ખાડો ખોદવામાં આવ્યો હતો. પોલીસ બારણાં ખખડાવે કે તરત જેરામભાઈ ભોંયરામાં ઊતરી જતા. એમના ઘરના માણસો ખાડા ઉપર સાદડી પાથરી દેતાં. આ રીતે જે.સી. પટેલ પોલીસથી બચી જતા. પરંતુ એક મળસ્કે એમનાં માતાજી આગળનું બારણું ખોલી બહાર ગયાં. બાજુમાં છૂપાયેલી પોલીસ આ મોકો જોઈ ઘરમાં ઘુસી ગઈ. અને બિમાર હાલતમાં સૂતેલા જે.સી. પટેલને પકડી લીધા. ક્રોધે ભરાયેલી પોલીસને તો રહેમ ક્યાંથી હોય.


ઐતિહાસિક સોડિયાવડ

**સોડિયા વડ કેસ :** ૨૨મી ઓગસ્ટના ગોળીબાર બાદ પોલીસના જુલમ સીતમ વધતાં રહ્યાં. જેમના ઉપર વોરંટ હતા તેમના કુટુંબીઓને પણ રંજાડવા માંડ્યા. આથી પ્રજાએ સરકાર સામે ખુલ્લેઆમ બંડ પોકાર્યું. ભૂગર્ભમાં આંદોલન શરૂ કર્યું. ઊતારાઓ બાળવા. સુરંગો ફોડી રેલવે પૂલ ઉડાવવા. પોલીસ થાણાંઓ તોડી બંદૂકો ઝુંટવી. જુવાનોની ગિરફતારી માટે રાત દિવસ પોલીસ જુવાનોના ઘરોપા મારતી. આથી જુવાનો પોતાને ઘર ન સૂતા જીવ જંતુ કે મચ્છરના ત્રાસમાં જુવારના ખેતરોમાં સૂતા. અનુકૂળ ન હોય ત્યારે કોઈકના ઘરે સૂતા. આંતરે આંતરે સ્થળ બદલતા. એક રાત્રે કરાડી ધલ્લા ફળિયાના ભાણાભાઈ ઉકાભાઈના ઘરમાં વોરંટવાળા ચાર જુવાનો સૂતા હતા. તેમાં નારણભાઈ ઊકા, રામભાઈ ઊકા, દયાળભાઈ કેશા (દયાળજી કેસરી) તથા જયરામભાઈ સુખા હતા. (આ ચારમાંના ત્રણ ન્યુઝીલેન્ડ સફરી હતા.) વેઠિયાની બાતમીથી વેઠિયા સાથે પોલીસોઓએ રાત્રે ભાણાભાઈના ઘર ઉપર છાપો માર્યો. આગળનું બારણું ખોલવાનો હુક્મ થતાં જ ચારે જુવાનો બાજુનાં વૃદ્ધ દાદીમાનાં ઘરમાં જઈ ખાટલા નીચે ચારે ય સંતાઈ ગયા. આ તરફ ભાણાભાઈનાં ઘરનું બારણું ખોલાવી પોલીસો ઘરમાં જઈ તપાસ શરૂ કરી. જુવાનો ત્યાં ન મળતાં વેઠિયાને ઈશારે પોલીસો બાજુના ઘરમાં ઘુસી ગયા. બધું રફેદફે કર્યું. તેટલામાં વેઠિયાએ બૂમ મારી ... સા'બ. અહીં ખાટલા નીચે ભરાયા છે. આમ ચારે જુવાનોને પકડી ખૂબ માર મારી હાથકડી પહેરાવી મટવાડ પોલીસ ઊતારે લઈ ગયા. આ ઘટનાની વાત કરાડી અને કાંઠામાં પ્રસરી ગઈ.

આચાર્ય મણિભાઈ પટેલની અવેજીમાં કાંઠાનું નેતૃત્વ રવજીભાઈ છીબાના શિરે હતું. ગોસાંઈભાઈ છીબાભાઈ (જી.સી. પટેલ) તથા દયાળભાઈ મકનજી (ડી.એમ.) પટેલ ફળિયામાં રહેતા હતા. તેઓ એક દાદીમાની છાપરીમાંથી સાયક્લોસ્ટાઈલથી પત્રિકા પ્રકાશિત કરતા. આ બન્નેની કલમની તાકાત, તેજાબી ભાષા જુવાનોને ઉશ્કેરતી. યુવાનોને કેસરિયા કરવાનું પૌરસ ચઢાવનારી પત્રિકા બનતી. તેથી આ પત્રિકા સરકારને ચચરતી, લખનારને, પ્રગટ કરનારને ગિરફતાર કરવા સરકાર તત્પર હતી. આ પત્રિકાનું વિતરણ બહેનો અને યુવાનો કરતા.

યુવાનો રવજીભાઈને મળ્યા. રાત્રે પકડાયેલા કેદીઓને છોડાવવાની યોજના વિચારવામાં આવી. રામજીભાઈ ફકીરભાઈએ મટવાડ, આવડા ફળિયા, મોખલા ફળિયાના વગેરે ગામોના જુવાનોને જાતે મળી યોજના મુજબ રવજીભાઈના ખેતરમાં ભેગા મળવા ખબર આપી. તે પ્રમાણે મુકરર સ્થળે બધા ભેગા થયા. એક યુવાનને મટવાડ ઊતારે મોકલી છૂપી રીતે બાતમી મેળવી લીધી. જાણવા મળ્યું કે તે જ દિવસે બે બળદગાડાં વાટે કેદીઓને જલાલપોર થાણે લઈ જવામાં આવશે. એક બળદગાડું ન્યુઝીલેન્ડ સફરી ગાંડાભાઈ છીબાનું વપરાશે. આથી ગાડું હાંકનારને નક્કી કરેલી યોજના મુજબ ખાનગીમાં સૂચના આપી કે આ રસ્તા ઉપર સોડિયો વડ આવે છે. ત્યાં આગળ પરબ છે. જ્યારે ગાડું સોડિયા વડ આગળ પહોંચે ત્યારે પાણી પીવાને બહાને ગાડું વડ નીચે ઊભું રહે તે સમયે યોજના મુજબ પરબની પાછળ અને બાજુના ખેતરની જુવારમાં છુપાયેલા યુવાનોએ પોલીસ ઉપર હુમલો કરી પોલીસોને પકડી બંદૂક ઝૂંટવી લઈ કેદીઓને છોડાવી નાસી જવું.

સોડિયા વડ આગળ પહોંચવા માટે સડકે થઈ જવામાં ખતરો હતો. તેથી ખેતરોની ઊભી જુવારમાં થઈ જવાનું વિચાર્યું. પરંતુ ખબર મળી કે પોલીસોએ ધારવા કરતાં જલદી કાફલો ઉપાડ્યો. તેથી પોલીસ કાફલો સોડિયા વડ આગળ પહોંચે તે પહેલાં ત્યાં પહોંચવું જરૂરી હતું. તેથી તેઓ સીધા જ સડક માર્ગે ઉપડ્યા. રસ્તે પેથાણગામ પસાર કરતાં સામેથી એક કાળી ટોપી અને કાળો કોટ પહેરેલ સાયકલ સવાર સામેથી આવતો દેખાયો. તે જો આ જુવાનોને ઓળખી લે અને પાછળ આવતી પોલીસને બાતમી આપી દે તો મોટી આફત સર્જાય. આ ખ્યાલે સાયકલ સવાર નજીક આવતાં રવજીભાઈએ હુકમ કર્યો. સાયકલ પરથી નીચે ઊતર અને અમારી સાથે ચાલવા માંડ. પેલો પૂછે છે શું? રવજીભાઈએ ફરમાવ્યું. 'કશું બોલ્યા સિવાય સાથે ચાલવા માંડ.' (પાછળથી ખબર પડી કે પેલો સાયકલવાળો માણસ કોથમડીનો મુસલમાન હતો અને શિક્ષકની નોકરી કરતો હતો. જ્યારે સોડિયા વડ કેસ કોર્ટમાં ચાલ્યો, ત્યારે આ ભાઈ તાજનો સાક્ષી બનેલો.)

જુવાનો સોડિયા વડ આગળ પહોંચી, યોજનાપૂર્વક ગોઠવાઈ જઈ પોલીસ આવવાની રાહ જોવા લાગ્યા. થોડીક વારે પોલીસ કાફલો આવી પહોંચ્યો. બે બળદગાડાં પાણી પીવા ઊભાં રહ્યાં. તે જ ઘડીએ પરબ પાછળ અને જુવારમાં સંતાયેલા જુવાનોએ કેદીઓને છોડાવવા બંદૂકધારી પોલીસો

ઉપર હુમલો કર્યો. જે ગાડાંમાં કેદીઓ હતા તે ગાડાં ઉપર રવજીભાઈ ગોસાંઈભાઈ છીબા (જી.સી.પટેલ) ઊકાભાઈ ભાણા વગેરે ચઢી ગયા. પોલીસો સાથે ઝપાઝપી જામી. એ તક જોઈ દયાળભાઈ કેસરી ભાગી ગયા. ભાગી જતા દયાળભાઈ ઉપર ઊંચા કદાવર પઠાણ પોલીસે બંદૂક તાકી. ટ્રીગર છોડવાની અણી વેળા જ સમયસૂચકતા વર્તી જી.સી. પટેલે નિશાન ચૂકવવા પોલીસના હાથમાંથી બંદૂક ઝૂટવા કળ બળ વાપર્યાં. આથી પોલીસે દયાળભાઈ ઉપર તાકેલું નિશાન ચૂકી જતાં ક્રોધે ભરાયેલા પોલીસે બંદૂકનો કુંદો જી.સી. પટેલના માથા ઉપર બે ચાર વાર ઝીંક્યો. એ જોઈ રવજીભાઈએ જોરથી પોલીસને તમાચા મુક્કા મારી નીચે પાડ્યો અને જી.સી.પટેલની જાન બચાવી. જી.સી.ના માથામાંથી લોહી વહેતું હતું. જુવાનો અને પોલીસો વચ્ચે ઝપાઝપી ચાલતી હતી. આ દરમિયાન દયાળભાઈ સહી સલામત ભાગી શક્યા. દક્ષિણ આફ્રિકાના સફરી આવડ ફળિયાના નરસિંહભાઈ મંગાભાઈ પાસે રિવોલ્વર હતી. આકસ્મિક તેનો ધડાકો થતાં જુવાનોને અગાઉથી આપેલી સમજ મુજબ આ ધડાકાને જોખમકારક સંકેત સમજી તેઓ વિખરાઈ ગયા. આ ઘટનામાં જુવાનોએ પોલીસોની એક બંદૂક છીનવી લીધી. ગાડાંમાં બેઠેલા બાકીના ત્રણ કેદીઓને હાથે પગે લોખંડની બેડી હોવાથી તેઓ ભાગી શક્યા નહિ. તેઓને પોલીસ થાણે લઈ જઈ મૂઢમાર મારી અધમૂવા કર્યા. હુમલો કરનાર જુવાનોને પકડવા પોલીસે નવી કુમક મંગાવી. જુવાનોને પકડવા આખો વિસ્તાર ઘેરી લીધો. જે પકડાયા તેઓ ઉપર તથા જેઓ ઉપર વોરંટ હતા અને ભૂગર્ભમાં રહી આંદોલન ચલાવતા હતા તેઓને મહાત્મા ગાંધીજીનો આદેશ મળતાં તેઓ પોલીસ થાણે હાજર થઈ ગયા. જેઓ ઉપર વોરંટ હતા, તેઓ ઉપર જ્યારે સુરતની સેશન કોર્ટમાં ચાલ્યો ત્યારે આ જુવાનો પોલીસોને મારી નાખવા માંગતા હતા. તેથી તેઓને ફાંસી જેવી સજા થવી જોઈએ એમ સરકારી વકીલે ખૂનનો આરોપ મૂક્યો. ત્યારે બચાવ પક્ષે ભરૂચના રાષ્ટ્રવાદી ધારાશાસ્ત્રી મોતીભાઈ વીણે દલીલ કરી.

ચંદ્રશંકર ભટ્ટ તેનું બયાન કરતાં લખે છે .... વીણે કહ્યું કે, નામદાર, આ જુવાનોને ઉશ્કેરવાના પૂરતાં કારણો આ પોલીસોએ આપ્યાં છે. એક તો ગામના જુવાનોને માર માર્યા, થાણામાં પૂર્યા. કલાકોના કલાકો બેસાડી રાખ્યા. ખાવા પીવા જવા દીધા નહિ. એ તો ઠીક પણ નામદાર, એમની મા, બહેનો કે બેટીઓની ઈજ્જતનો સવાલ જ્યારે આવે છે ત્યારે કોઈ પણ જુવાન શું કરે એ આપ કલ્પી શકો છો. અને આ બધાંયે ઉશ્કેરવા માટેના સબળ કારણો હોવા છતાંયે આ જુવાનો સંપૂર્ણપણે અહિંસક રીતે પોતાની જાત પર સંયમ રાખીને જે જેટલું કર્યું છે તે થયું છે. અહિંસક શબ્દ સાંભળતાં જ નામદાર ચૈનાની ખુરશીમાં ટટ્ટાર થઈ ગયા અને બોલ્યા, 'Mr. Vin, do you call this non-violent action?' વીણે ભારપૂર્વક જણાવ્યું કે, 'Yes, My Lord. It is a non-violent action.' નામદાર જજ : 'How,' વીણ : સરકારી વકીલની જ આખી વાતને લઈને ચાલીએ તો એમના કહેવા પ્રમાણે જુવાનોએ પોલીસને મારી નાખવા હલ્લો કર્યો હતો. એ ઘડીભર માનીએ પણ એમના કહેવા પ્રમાણે જે જુવાનોએ રાયફલ પડાવી લીધી એ ભરેલી રાયફલ સાથે જુવાનો પોલીસની છાતી પર ચઢી બેઠા હતા. ત્યારે એ મારી નાખવા માંગતા હોત તો મારી નાખતા કેટલી વાર લાગત. ટ્રીગર ખેંચવાનું જ બાકી હતું. પણ નામદાર. જુવાનોના મનમાં પોલીસને મારી નાખવાનો ઈરાદો જ ન હતો. જો એમ હોત તો એમની પાસે તક હતી, સાધનશક્તિ, સમય બધું જ હતું. છતાં એ પોલીસને શરીરે એક ઉઝરડો પણ ન પડ્યો હોય તો આ કૃત્યને શું સમજવું? હું તો એને સંપૂર્ણ અહિંસક કૃત્ય ગણું છું. અરે! એ જુવાનોએ આ પોલીસને માર પણ માર્યો નથી. નામદાર, સારાયે હિન્દુસ્તાનમાં ઉશ્કેરાટભર્યા વાતાવરણમાં ઉશ્કેરાયેલા આ જુવાનોએ જે સંયમ બતાવ્યો છે એ જ પુરવાર કરે છે કે એમણે ગાંધીજીએ ચીંધેલા માર્ગે સ્વતંત્રાની લડતમાં સંપૂર્ણ સંયમ સાથે જે કૃત્ય કર્યું છે, તે પ્રશંસાને પામશે. તે સંપૂર્ણ અહિંસક છે.' ચૈનાની થોડુંક હસ્યા. વિચારમાં પડ્યા. જ્યારે ચુકાદો એમણે વાંચ્યો ત્યારે તમામને છોડી દીધા હતા. (ચંદ્રશંકર ભટ્ટ લિખિત ૧૯૩૨નાં સંસ્મરણોને આધારે.)

**તાડ પર ત્રિરંગો ફરકાવ્યો :** આચાર્ય મણિભાઈ પટેલે જેકભાઈ સમક્ષ ઈચ્છા દર્શાવી કે આપણે બીજી ઑક્ટોબરે, ગાંધીજયંતીને દિવસે, ભારત વિદ્યાલય નજીક ઝંડો ફરકાવવો જોઈએ. જેકભાઈ તો આચાર્યજીનો પડ્યો બોલ ઝીલવામાં ગુરુ આજ્ઞા અદા કર્યાનું ગૌરવ સમજનારા. કહે, જરૂર ઝંડો ફરકાવીશું.

જેકભાઈએ વિચાર્યું કે જો આંબા કે વડ જેવાં ઝાડ ઉપર અગર મકાન ઉપરથી ફરકાવવામાં આવે તો પોલીસો સહેલાઈથી ઊતારી શકે. પરંતુ જો ઊંચા તાડ ઉપર ચઢી તેના ઉપર ફરકાવવામાં આવે તો ઊતારી નહીં શકે. શાળા નજીક હીરા છીબાના ખેતરમાં બે ઊંચા તાડ છે. તેના ઉપર ઝંડો ચઢાવવો, એમ મનોમન જેકભાઈએ નક્કી કર્યું અને મણિભાઈની સંમતિ મેળવી લીધી. પણ કાળી રાત્રે ઊંચા તાડ ઉપર ચઢે કોણ? જેકભાઈએ આ વાત નારણભાઈ ઊકાભાઈને જણાવી. નારણભાઈએ તરત જ વાતને હકારો આપતાં જણાવ્યું કે હું આ કામ કરીશ. પણ સાથે એક મોટો વાંસ, દોરડું, દોરી અને એક મોટી ટોર્ચ લેવી પડશે.

પહેલી તારીખે રાતે જેકભાઈ સાથે નારણભાઈ, ડી.ડી. અને સોલંકી એમ આ ચાર જુવાનો દેલવાડાથી ઉપર જણાવી સાધનસામગ્રી લઈ કરાડી જવા ઉપડ્યા. વચમાં ભરતીનાં પાણીથી બે કાંઠે વહેતી પૂર્ણા નદી પાર કરવાની હતી. પાણીના પ્રવાહમાં તણાતાં તણાતાં ચારે સામે કાંઠે પહોંચી કાદવ ખૂંદતા કરાડી પહોંચ્યા. મણિભાઈના જણાવ્યા પ્રમાણે શાળાના એક ઓરડાના કબાટમાં ઝંડો હતો. તે કબાટના કાચ તોડી ઝંડો લઈ સડસડાટ કરતા જાનના જોખમે ઊંચા તાડ પર ચઢી ગયા. ઝંડો વાંસ સાથે બાંધીને ઊંચો કર્યો. ઝંડો લહેરાવા લાગ્યો. નારણભાઈ સડસડાટ કરતા નીચે ઊતરી આવ્યા. ઝંડો સરસ લહેરાતો હતો. જેકભાઈથી અનાયાસે બોલી જવાયું : 'ઝંડા અજર અમર રહેજે. વધ વધ આકાશે જાજે.' એક મોટું પરાક્રમ કર્યાનો આનંદ સૌના ચહેરા પર હતો. નદી તરી દેલવાડે આવ્યા ત્યારે રાત્રે બે વાગી ગયા હતા.

બીજે દિવસે ગામમાં યુવાનનાં પરાક્રમની વાતો થવા લાગી. અણનમ સત્યાગ્રહી પાંચાકાકાને ખબર મળતાં બોલ્યા : 'છોકરાઓએ રંગ રાખ્યો.' થોડા દિવસ પછી મણિભાઈ આવ્યા. એઓએ ખૂબ રાજી થઈ યુવાનોને શાબશી આપી. (જેકભાઈ લિખિત. 'એક સ્વાતંત્ર્ય સેનાનીનાં સંભારણાં'ને આધારે.)



**ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન જીવરાજ મહેતા, દયાળજી કેસરી અને ભારતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુ**

નારણભાઈ ઊકાભાઈ, દયાળભાઈ કેસરી, રામભાઈ ઊકાભાઈ અને જેરામભાઈ સુખાભાઈ સાથે પકડાયેલા સોડિયા વડ કેસમાં કેદી હતા. આ ઘટનામાં ભાગી જતા કેદી દયાળજી ઉપર પોલીસે તાકેલી બંદૂકનું નિશાન ચૂકવવા જી. સી. પટેલે બંદૂક ખેંચેલી. નિશાન ચૂકવાથી ક્રોધે ભરાયેલી પોલીસે બંદૂકના કુંદાથી જી.સી.ને માર મારી લોહીલુહાણ કર્યા. આ જોઈ રવજીભાઈએ પોલીસને પાડી તેની બંદૂક ઝૂંટવી લીધેલી. આ બધાંને કારણે પોલીસોએ નારણભાઈ, રામભાઈ, જેરામભાઈને અમાનુષી મૂઢ માર મારેલો. તેની જાણ

પાછળથી ગોરા અમલદારને થતાં પોલીસોના ઘાતકીપણાં માટે ઠપકો પણ આપેલો. આવા નિ:સ્વાર્થી સ્વાતંત્ર્ય સેનાનીઓની રાષ્ટ્રીય પર્વની ઉજવણી કે રાષ્ટ્ર નેતાઓની પધરામણી પ્રસંગે ઉપેક્ષા થાય છે, ત્યારે આ સ્વાતંત્ર્ય સેનાનીઓની કુરબાની ઉપર ચરી ખાતા તક સાધુ રાજકારણીઓને શું કહેવું. હમણાં દાંડીકૂચ વેળા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની પધરામણી વેળા ગાંધી સ્મૃતિ મંદિર, કરાડીમાં બહારના કાર્યકર્તાઓએ સ્વાતંત્ર્ય સેનાનીઓની ઉપેક્ષા કરી ફીઆસ્કો સર્જેલો.

**આચાર્ય મણિભાઈ પટેલની ધરપકડ :** આચાર્ય મણિભાઈ પટેલ સાથે કરાડી મટવાડના ઘણા જુવાનો દેલવાડામાં રહેતા. રાત્રે ગામમાં રહેવું જોખમકારક હતું. પોલીસો અવારનવાર રાત્રે ગામમાં દરોડા પાડતા. તેથી જુવાનો સીમમાં સૂતા. એક રાત્રે આચાર્ય મણિભાઈ પટેલ સાથે જેકભાઈ, દયાળજી કેસરી, પી.સી. પટેલ, દેલવાડાના ડાહ્યાભાઈ બુધી, ડી.ડી. તથા બીજા જુવાનો ડાહ્યાભાઈના ખેતરમાં સૂતા હતા. તે રાત્રે ત્રણેક વાગ્યે પોલીસો એક મિલકામદારે આપેલી બાતમીને આધારે આવ્યા. અને મણિભાઈ સાથે બીજા જુવાનોને ઝડપ્યા. બીજે દિવસે "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા"માં સમાચાર છપાયા. સરકાર જેની લાંબા સમયથી ગિરફતાર કરવા શોધખોળ કરતી તે શખ્સ મણિભાઈ પટેલ દેલવાડાની વાડીમાંથી તેના સાથીઓ સાથે પોલીસના હાથે ઝડપાયા છે. આચાર્ય મણિભાઈ પટેલની આ ચોથી જેલયાત્રા હતી.

કરાડીની શાળા, ભારત વિદ્યાલય આ દરમ્યાન ૯મી ઓગસ્ટ ૧૯૪૨થી ફેબ્રુઆરી ૧૯૪૪ સુધી બંધ રહી. મોટા ભાગના શિક્ષકોને પોલીસે પકડી બંદીવાન કર્યા હતા. ૧૯૪૫માં મહાત્મા ગાંધીજીએ જેના ઉપર વોરંટ હતો અને તેઓ ભૂગર્ભમાં કામ કરતા હતા તે સૌને પોલીસને સ્વાર્પણ કરવાની સૂચના આપી. તે મુજબ વોરંટવાળા ભાઈઓ પોલીસ થાણામાં હાજર થયા. ગુજરાતમાંથી જેલમાં જનારી સંખ્યાઓમાં કરાડી મટવાડની સંખ્યા મોટા પ્રમાણમાં હતી. તેમાં પણ ભારત વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓની સંખ્યા મોખરે છે. રાષ્ટ્રીય શાળા ભારત વિદ્યાલય આ આંદોલનમાં કેન્દ્ર સ્થાને રહી. અગ્રેસર હતી.

૧૯૨૦માં ગાંધીજીએ ચતુર્વિધ બહિષ્કારનો પ્રજાને આદેશ આપ્યો હતો. પ્રથમ, અસહકારની લડત, બીજું, અદાલતોનો બહિષ્કાર, ત્રીજું, શાળા કોલેજનો બહિષ્કાર, ચોથું, ધારા સભા અને વિદેશી કાપડ/વસ્ત્રનો બહિષ્કાર. આ સાથે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમ પણ રાખ્યો. જેમાં કોમી એકતા, અસ્પૃશ્ય નિવારણ, ખાદી અને રાષ્ટ્રીય કેળવણી. આથી સમગ્ર દેશમાં રાષ્ટ્રીય શાળાઓ ઊભી થઈ. ૧૯૨૧માં કરાડી ગામના આગેવાનોએ રાષ્ટ્રીય શાળા, ભારત વિદ્યાલયની સ્થાપના કરી. આમાંની ઘણી ખરી આર્થિક મદદને અભાવે અને સરકારી દમનને કારણે બંધ પડી. આપણા સદ્‌ભાગ્યે આચાર્ય મણિભાઈ પટેલની સંકલ્પશક્તિ, એમના કર્મચારીઓ અને ગામના સહકારને લીધે આ રાષ્ટ્રીય શાળા ચાલુ રહી. સાથોસાથ દક્ષિન આફ્રિકાનું 'કરાડી રાષ્ટ્રીય સેવા મંડળ' મદદરૂપ બન્યું. સરદાર વલ્લભભાઈ પટેલ માનનીય પ્રમુખ બન્યા અને એમણે કહ્યું કે આ શાળા કાંઠા વિભાગના વિકાસ માટે અગત્યનું પરિબળ બની રહેશે.

૧૯૪૯માં લાભશંકર વ્યાસે હાઈ સ્કૂલની સ્થાપના કરી ત્યારે સરદારની ભવિષ્યવાણી યથાર્થ ઠરી. હાઈ સ્કૂલથી આસપાસના લોકોને ફાયદો થયો. લાભશંકર વ્યાસ કેળવણીકાર હતા અને એમના નેતૃત્વ હેઠળ શાળાએ રજત જયંતી ઉજવી. રજત જયંતી ઉત્સવ ત્રણ દિવસનો ઉજવાયો. તેમાં મહેમાનોનાં પ્રવચનો, મનોરંજન અને રમતોના કાર્યક્રમો થયાં. રાષ્ટ્રીય નેતાઓ અને સંસદ સભ્યોના સહવાસમાં રજત જયંતી ઉજવાઈ. એવો એક બીજો ઉત્સવ હમણાં શાળાએ ૭૫ વર્ષ પૂરાં કર્યા ત્યારે ૧૯૯૭માં અમૃત મહોત્સવ ઉજવાયો. તેમાં ગાંધી ભક્તો, સરકારી અધિકારીઓ, રાજ્યના પ્રધાનો વગેરે હાજર રહ્યા અને મહોત્સવની શાન વધારી. આ મહોત્સવની ઉજવણી દરમ્યાન શાળા માટે સાડા આઠ લાખ રૂપિયા મેળવી શકાયા હતા. વળી, વ્યક્તિગત દાતાઓએ પોતાના સ્વજનની પૂણ્ય સ્મૃતિમાં આપેલ દાનમાંથી ૨૦ કમ્પ્યૂટર ખરીદી શકાયા. આ અગાઉ ૧૯૭૦માં, ગાંધી સ્મૃતિ મંદિર ઊભું કરી શકાયું હતું. આ સ્મારક ભવનમાં જુદા જુદા પરિસંવાદો પણ યોજાય છે. ગાંધીજીનાં જીવન અને કાર્યને સ્પર્શતી ગાંધીજીના વિવિધ ફોટોઓની ચિત્રાવલી પણ અહીં છે. ગાંધીજીની પ્રવૃત્તિ અહીં થતી હોવાથી ઘણાં મુલાકાતીઓ આ જગ્યાની મુલાકાતે અને દર્શને આવે છે. દરરોજ સાંજે લોકો પ્રાર્થના માટે ભેગા થાય છે. આ બધી પ્રવૃત્તિઓ સદગત ઈન્દ્રસિંહ રાવતજીના નેતૃત્વ હેઠળ થતી રહી. એમના અવસાન બાદ ઘણી પ્રવૃત્તિ મંદ પણ પડી છે.

આધુનિક કરાડીને સર્જવામાં જે સમયે ફાળો આપ્યો તેમાં કેટલીક વ્યક્તિઓનો પણ આ વિકાસમાં વ્યાપક પ્રભાવ પડ્યો છે. આવી વ્યક્તિઓમાં એક, આચાર્ય મણિભાઈ પટેલ હતા. જેની વિગતે વાત આ પહેલાં કરી જ છે. ૧૯૨૦માં ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠના તેઓ સ્નાતક હતા. સ્નાતકની પદવી મેળવ્યા બાદ, તેઓ ૧૯૨૮માં અહી આચાર્ય તરીકે જોડાયા હતા. તેઓ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના સક્રિય સભ્ય હતા. શારીરિક કેળવણીની આ સંસ્થા છોટુભાઈ પુરાણી અને અંબુભાઈ પુરાણીએ સ્થાપી હતી. મણિભાઈ આ મંડળના મંત્રી અને રમત ગમતનું માસિક "યુવક"ના તંત્રી બન્યા હતા. જલાલપોર કાંઠા વિભાગના વિકાસમાં. કાંઠા વિભાગની રાષ્ટ્રીય જાગૃતિ અને યુવાનોમાં શિક્ષણ. સંસ્કારનું સિંચન કરી. શારીરિક તાલીમ આપી જીવન ઘડતરમાં. કાંઠા વિભાગના ઉત્થાનમાં આચાર્ય મણિભાઈ પટેલનો મહા મૂલો ફાળો છે. એમને પ્રજામાં શ્રદ્ધા હતી. અને પ્રજાને એ આગળ દોરતા. આથી એમને કાંઠાના 'ગાંધી'ના સન્માનિત સ્થાને સ્થાપ્યા છે. એમણે કરાડી અને કાંઠા વિભાગ માટે કામ કર્યું. પ્રજાએ આનું ઋણ અદા કરવા 'આચાર્ય સ્મૃતિભવન' બાંધ્યું તેમ જ એક સ્મૃતિ ગ્રંથ બહાર પાડ્યો છે.

**ગુલ ચમન વ્યાયામ મંદિર :** 'ગુલ ચમન વ્યાયામ મંડળ'ની સ્થાપના ૧૯૨૮માં આચાર્ય મણિભાઈ પટેલે કરી. વ્યાયામના ક્ષેત્રે રમતગમતનું આ પ્રથમ મંડળ છે. સ્થાપના સમયે એનું નામ 'સાર્વજનિક વ્યાયામ મંદિર' રાખવામાં આવ્યું હતું. પરંતુ પાછળથી નાની ઉમ્મરે મૃત્યુ પામેલા બે તેજસ્વી વિદ્યાર્થી ગુલાબ અને ચમન ઉપરથી 'ગુલ ચમન વ્યાયામ મંદિર' નામકરણ થયું છે. આ મંડળ ખૂબ લોકપ્રિય છે. ભારતની આઝાદી મળ્યા પૂર્વે જૂના સુરત જિલ્લામાં અને ગુજરાતમાં આ મંડળનું નામ ગાજતું. સુરત જિલ્લાની રમત હરીફાઈમાં મોટા ભાગની રમતોમાં ઈનામો આ મંડળ જીતી જતું. ખાસ કરીને દેશી રમતોને પ્રાધાન્ય મળતું. પણ સમય બદલાતાં કમનસીબે દેશી રમતને સ્થાને વોલીબોલ અને ક્રિકેટની રમત ઉપર વધુ ધ્યાન અપાય છે. આ મંડળના ક્રિકેટરો રણજી ટ્રોફી મેચમાં પણ રમ્યા છે. ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પરદેશ તરફથી પણ આંતરાષ્ટ્રીય ક્ષેત્રે રમ્યા છે. તેમાં મોન્ટ્રીયલ કેનેડાની ઓલમ્પીકમાં ન્યુઝીલેન્ડ તરફથી ભાગ લઈ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. રમત ગમતમાં જ નહિ પણ બહેનોની સિધ્ધિમાં 'મહેલા મંડળે ' ય પ્રગતિ કરી છે.

**કરાડી મહિલા મંડળ :** કાંઠા વિભાગમાં મહિલા મંડળની સ્થાપના સર્વ પ્રથમ કરાડીમાં થઈ. મહિલા મંડળને નર્મદાબહેન એમ. પટેલ, ગંગુબહેન એફ. પટેલ, પુષ્પાબહેન આઈ. રાવત તથા નીરૂબહેન બી. પટેલ વગેરેએ નેતૃત્વ પૂરું પાડ્યું છે. સામાજિક પરંપરાગત કુરિવાજોને દૂર કરવા અને બહેનોને આર્થિક રીતે સ્વાલંબી કરવી એ એમનો હેતુ છે. સ્ત્રીઓને અવરોધક સામાજિક પરિબળોને દૂર કરવા તે પ્રયત્ન કરે છે. મહિલા મંડળે શીવણકામ, પાપડ ગૃહ ઉદ્યોગમાંથી રોજી મેળવેલી છે. પરંતુ ડેરી ઉદ્યોગમાં તે ખૂબ સફળ થઈ છે. ગાય ભેંસ રાખી દૂધ ઉત્પાદનથી સારી કમાણી કરે છે. આજુ બાજુના ગામોને પણ એનાથી ફાયદો થયો છે. મહિલા મંડળે બાળ મંદિર પણ વર્ષોથી શરૂ કરેલું છે. એનું મકાન દાનવીરોના દાનમાંથી બાંધવામાં આવ્યું છે. શિક્ષણ વિભાગના નિયમ મુજબ શિક્ષિકા એનું સંચાલન કરે છે.

**રણછોડજી મંદિર, કરાડી :** શ્રીકૃષ્ણ મંદિર આ પ્રદેશનું પહેલું મંદિર છે. કરાડી મંદિર ફળિયાના દિવંગત ગોવિન્દભાઈ વાલાના પૂર્વજ સદગત છીબાભાઈ ભાણા વહાણવટુ ખેડતા. એક વેળા જતિ સતીના પ્રદેશવાળા ભાવનગર બંદરે નાગરેલ તેમના વહાણ ઉપર એક સાધુ મહારાજ આવી ચડ્યા. આવી પુણ્ય પળે કિનારા ઉપર નજર જતાં રણછોડજી મહારાજનો પૂણ્ય પ્રતાપ

હૃદયમાં વસ્યો. મૂર્તિને ભજન કીર્તન સાથે વાજતે ગાજતે લોકો કરાડી ગામમાં લઈ આવ્યા. પ્રારંભમાં છીબાભાઈ ભાણા ઘરાઆંગણે મૂર્તિની પાઠ પૂજા કરતા. ૧૮૪૨ના વર્ષમાં હાલના સ્થળે ગામ તળની જમીનમાં પોતાના ખર્ચે પ્રથમ મંદિર બાંધવામાં આવ્યું. અને રણછોડજીની એ મૂર્તિની ધાર્મિક વિધિ સહિત પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ ૧૯૧૨ અને ૧૯૮૦માં બે વાર એનો જીર્ણોદ્ધાર કર્યો છે. ૧૯૩૬માં હરિજનોને મંદિરમાં પ્રવેશ આપીને કરાડીએ ક્રાંતિકારી પગલું ભર્યું હતું. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં અસ્પૃશ્ય નિવારણ પણ એક મુદ્દો હતો. આ રીતે એ શકવર્તી બનાવ હતો. મહાત્મા ગાંધીજીએ આ જાણ્યું ત્યારે "હરિજન બંધુ"માં નોંધ લઈ આ પગલાંને વખાણ્યું હતું.

**કરાડી સંગઠન મંડળ, યુનાઈટેડ કિંગ્ડમ :** હવે કરાડી સંગઠન મંડળ યુ.કે. બાબતની થોડીઘણી વિગતમાહિતી લઈએ. આઠમી ઓગસ્ટ ૧૯૭૨માં એની સ્થાપના થઈ હતી. સોમભાઈ મકનજી પટેલ સંસ્થાના પ્રથમ પ્રમુખ હતા. સોમભાઈ સ્વાતંત્ર્ય સેનાની હતા અને ૧૯૩૦માં જેલવાસ વેઠ્યો હતો. બીજા પ્રમુખ રામજીભાઈ ફકીરભાઈ પટેલ પણ સ્વાતંત્ર્ય સેનાની હતા. એઓ ભારત વિદ્યાલયના ભૂતપૂર્વ શિક્ષક છે. ૨૫ વર્ષથી આપણા મંડળને નવા નવા પ્રોજેક્ટો દ્વારા એમનું માર્ગદર્શન મળતું રહ્યું છે. વર્તમાન પ્રમુખ બાબુભાઈ રામભાઈ પટેલ વિજ્ઞાનના ગ્રેજ્યુએટ છે. તેઓ મંડળને સાચી દિશામાં પ્રગતિના પંથે લઈ જઈ રહ્યા છે. એમનાં શક્તિસામર્થ્યમાં સંસ્થાને દૃઢ શ્રદ્ધા છે.

૧૯૭૭થી કુટુંબ મેળો ભેગો થઈ સ્નેહસંમેલનનું આયોજન કરવામાં આવે છે. આ સ્નેહસંમેલનની આર્થિક જવાબદારી જે તે યજમાન ઉપાડી લે છે. તેથી મંડળને માથેથી એટલો ભાર હળવો થાય છે. મનોરંજન કાર્યક્રમ માટે બાળકો. કિશોરો. તથા બહેનો ભાગ લે છે. ખાસ કરીને તેમાં બહેનોની ભૂમિકા મહત્ત્વની છે. ૧૯૯૭માં ભારતની આઝાદીના ૫૦માં વર્ષે, મંડળે પણ સ્વતંત્રતાની સુવર્ણ જયંતી ઉજવી હતી. એ સુવર્ણ મહોત્સવમાં કાંઠા વિભાગના તથા દેલવાડા, તવડી, ભીનાર વગેરે ગામોના મંડળોના પ્રમુખ મંત્રીઓને સજોડે આમંત્ર્યા હતા.

**યુનાઈટેડ કિંગ્ડમ સ્થિત કરાડી ગામનાં સ્વાતંત્ર્યસેનાનીઓનું સન્માન :** 1. નાનુભાઈ છીબુભાઈ પટેલ, સ્વરાજ ફળિયા. કરાડી. ભારત વિદ્યાલયના શિક્ષક. વ્યાયામ વિશારદ. ગુજરાતભરમાં કા.કૌ.કશોટીના સૌ પ્રથમ ઉત્તીર્ણ. પુરાણી જૂથના ક્રાંતિકારી સભ્ય. વોરંટથી જેલમાં ગયા હતા. 2. રામજીભાઈ ફકીરભાઈ પટેલ. પટેલ ફળિયા, કરાડી. ભારત વિદ્યાલયના શિક્ષક. વ્યાયામ વિશારદ. વ્યાયામ સાહિત્યનાં પ્રકાશનમાં સહાયક. વોરંટથી જેલમાં ગયા હતા. 3. મગનભાઈ છીબુભાઈ પટેલ. પટેલ ફળિયા, કરાડી. ભારત વિદ્યાલયના શિક્ષક સભા સરઘસને પોરસ ચઢાવે તેવી તેજાબી વાણીના વક્તા. વોરંટથી જેલમાં ગયા હતા. 4. શાંતાબહેન હીરાભાઈ આર. કરાડિયા. પિતાનું નામ રામજીભાઈ છનાભાઈ. નાભલિયા ફળિયા, કરાડી. ભારત વિદ્યાલયનાં વિદ્યાર્થિની. પાછળથી શિક્ષિકા. સત્યાગ્રહ કરી જેલમાં ગયાં હતાં. 5. જમુબહેન લાલભાઈ વલ્લભભાઈ પટેલ (દાંડી). પિતાનું નામ, ભાણાભાઈ ભીખાભાઈ. પટેલ ફળિયા, કરાડી. ભારત વિદ્યાલયનાં વિદ્યાર્થિની. સત્યાગ્રહ કરી જેલમાં ગયાં હતાં. 6. પાર્વતીબહેન દિનબંધુભાઈ છીબુભાઈ પટેલ. પિતાનું નામ. દયાળભાઈ ભીખાભાઈ. ભાઠા ફળિયા, કરાડી. ભારત વિદ્યાલયનાં વિદ્યાર્થિની. પાછળથી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનાં વિદ્યાર્થિની. સત્યાગ્રહ કરી જેલમાં ગયાં હતાં. 7. વિમળાબહેન અચરતભાઈ એન. પટેલ. પિતાનું નામ : નાથુભાઈ પરાગજી પટેલ. ધલ્લા ફળિયા, કરાડી ભારત વિદ્યાલયનાં વિદ્યાર્થિની. મોંટેસોરી ટ્રેઈન શિક્ષિકા. સત્યાગ્રહ કરી જેલમાં ગયાં હતાં. 8. શાંતિબહેન બાબુભાઈ રામભાઈ કોશિયા. (આવડા ફળિયા). પિતાનું નામ : રામભાઈ જેરામભાઈ. ચોત્રા ફળિયા, ભારત વિદ્યાલયના વિદ્યાર્થિની. સત્યાગ્રહ કરી જેલમાં ગયાં. વિલાયત નિવાસ દરમ્યાન મૃત્યુ પામ્યાં ને મરણોત્તર સુવર્ણ ચંદ્રક સ્વજનોને અર્પણ. 9. સ્વ. કનુભાઈ રામજીભાઈ પટેલ. નાભલિયા ફળિયા, કરાડી. સંગીત વિશારદ. ભારત વિદ્યાલયના સંગીત શિક્ષક. સભા સરઘસોમાં વીરતાનાં ગીતો ગાનારા (સાયગલની કારબન કોપી) વોરંટથી જેલમાં ગયા હતા. 10. સ્વ. લાલભાઈ છીબાભાઈ પટેલ. પટેલ ફળિયા, કરાડી. બે વડીલ બંધુઓ આઝાદીના આંદોલનમાં ભાગ લઈ જેલમાં ગયેલા. એઓ પણ વડીલ બાંધવોને અનુસર્યા. જેલમાં ગયા હતા. 11. સ્વ. ગોસાંઈભાઈ બુધીભાઈ પટેલ. પટેલ ફળિયા, કરાડી. ૧૯૩૨ની ક્રાંતિમાં ભાગ લઈ જેલમાં ગયા હતા. 12. સ્વ. સોમભાઈ મકનજી પટેલ. બલા ફળિયા, કરાડી. ૧૯૩૦-૩૨ની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈ જેલમાં ગયા હતા. 13. સ્વ. ભાણાભાઈ જસમતભાઈ કરાડિયા. ૧૯૩૦ની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈ જેલમાં ગયા હતા.

**શહીદ વીરોને સન્માનિત સુવર્ણ ચંદ્રક (શહીદોના સ્વજનને ચંદ્રક અર્પણ કર્યા) :** 1. શહીદ વીર મોરારભાઈ પાંચાભાઈ પટેલ. પની ફળિયા, કરાડી. ૨૨મી ઓગસ્ટ ૧૯૪૨ના ગોળીબારમાં શહીદ થયા. ચાર માસુમ બાળકોના પિતા. ઘરેથી નીકળતી વેળા નિર્ધાર કરેલો કે આજે પોલીસોને મારવા. 2. શહીદવીર રણછોડભાઈ લાલાભાઈ પટેલ. ધલ્લા ફળિયા. કરાડી. પડછંદ કદાવર આ યુવાને 'આ મારી છેલ્લી બીડી' કહી, બીડી ફેંકી દઈ, યુવાનીના ખુમારમાં સમરાંગણની વાટ પકડી. શૌર્યતાથી લડી શહાદતને વર્યા. 3. શહીદવીર મગનભાઈ ધનજીભાઈ પટેલ. મોખલા ફળિયા, મટવાડ. આ દૂધમલ યુવામાં ઉત્તુંગ રાષ્ટ્ર પ્રેમ તરવરતો. મરણ પથારીએથી નાનાભાઈએ કહ્યું કે 'હવે પછીથી તારે રાષ્ટ્રીય શાળા કરાડીમાં જ ભણવાનું'. સ્વાતંત્ર્યસેનાની બહેનો લગ્ન પહેલાં સત્યાગ્રહ કરી જેલમાં ગયેલી. લગ્ન બાદ, પતિગૃહે જતાં, પતિના ગામનાં નામ લખ્યાં છે. કરાડી જેવાં નાના ગામમાંથી કુલ ૮૨ ભાઈબહેનો જેલમાં ગયાં છે. કેટલાંક તો વળી બેથી ત્રણવાર જેલમાં ગયાં હતાં.

સને ૨૦૦૨માં, કરાડી સંગઠન મંડળનું ૨૫મું સ્નેહ સંમેલન આવતું હતું તેથી તે નિમિત્તે, મંડળે સુવર્ણ જયંતી ઉજવી હતી. આ બધાંમાં પ્રમુખ બાબુભાઈ રામભાઈ પટેલનો પ્રભાવ મહત્વનો રહ્યો છે.

આગળ ઉપર જણાવ્યું તેમ રાષ્ટ્રીય શાળા, ભારત વિદ્યાલયની સ્થાપના ૧૯૨૧માં ચોત્રા ફળિયાના મકનભાઈ જેરામભાઈ પટેલના કામડીની ભીંતવાળાં કાચા મકાનમાં થયેલી. પાછળથી ગામની મધ્યસ્થે તળાવની બાજુમાં પ્રેમાભાઈ પાંચાભાઈ પટેલે પોતાની જમીન દાનરૂપે અર્પણ કરી. તેમાં હાલમાં રાષ્ટ્રીય શાળાનું જે મકાન છે, તે ૧૯૨૬ની સાલમાં બાંધાવમાં આવ્યું હતું. આ મકાનો જર્જરિત હાલતમાં હોઈ તેને નવેસરથી નવી ઈમારતરૂપે બાંધવાની જરૂરત ઊભી થતાં સ્કૂલ રી-બિલ્ડીંગ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. બાંધકામના આર્થિક ખર્ચને પહોંચી વળવા દરિયાવ દિલ દાતાઓએ સ્વેચ્છાથી પ્રચંડ દાનનો પ્રવાહ વહેતો કર્યો છે. યુનાઈટેડ કિંગ્ડમમાં કુલ એક કરોડ દશ લાખ જેવી માતબર રકમ ઊભી કરી હતી. આ રકમ 'કરાડી સંગઠન મંડળ યુ.કે.' દ્વારા એકત્ર થઈ શકી છે. કરાડી નવજ્યોત મંડળ. દક્ષિણ આફ્રિકા. કેનેડાના કરાડી સંગઠન મંડળ, ટોરોન્ટો તથા કરાડી સંગઠન મંડળ મોન્ટ્રીઅલના ફાળાની રકમ હજુ આમેજ કરવામાં આવી નથી. નવી ઈમારતો પ્લાન ભારત વિદ્યાલય કેળવણી મંડળ, કરાડી તથા વિદેશોના બધાં મંડળોએ બહુમતીથી પાસ કરેલો છે.

આ ઐતિહાસિક રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા ભારત વિદ્યાલયને સ્કૂલ રી બિલ્ડીંગ પ્લાન મુજબ, નવાં ક્લેવરમાં બાંધવાનું ભૂમિ પૂજન ડિસેમ્બર ૨૦૦૫માં રાખવામાં આવેલું. સ્કૂલ રી-બિલ્ડીંગ પ્લાન મુજબ બાળ મંદિર. પ્રાથમિક વિભાગ. હાઈસ્કૂલનો એક જ સંકુલમાં સમાવેશ કરવામાં આવેલો છે. પ્લાનમાં આધુનિક શૈક્ષણિકની જરૂરિયાતને અનુલક્ષીને બધી જ સુવિધા સુલભ કરાઈ છે. સંસ્થાનું ઐતિહાસિક મૂલ્યને પ્રમાણી, આ ભગીરથ કાર્યમાં સૌ કોઈનું યોગદાન હોય, સૌ કોઈ સંકળાયેલ રહે, એ જ અભ્યર્થના!

[35, Cleeve View Road, CHELTENHAM, Gloucestershire GL52 5NJ, U.K.]

## એક યાદગાર પ્રસંગ - ગુજરાતી દિવસ

**'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના મહામંત્રી તરીકેની સુદીર્ઘ સેવા બાદ નિવૃત્ત થયેલા વિપુલ કલ્યાણી પ્રત્યે અહોભાવ દર્શાવવા અકાદમીએ તેમને માનદ્ ફેલોશીપ આપવાનો નિર્ણય કર્યો છે. રવિવાર, ૨ મે ૨૦૧૦ના રોજ, લંડનસ્થિત વિલ્સ્ડન ગ્રીન લાઈબ્રેરી સેન્ટરના Space 1 & 2માં [NW10 2SF] બપોરના ૨.૦૦ વાગ્યાથી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી યોજાનાર આ પ્રસંગને એક મોટો અવસર માની સૌ કોઈ હાજર રહી ભાગીદાર થાય, તેવી આશા રખાઈ છે. કાર્યક્રમને અંતે ભોજન પણ પીરસવામાં આવશે.**

**– એતાનશ્રી**

### અવઢવિયા સમાજને ફળશે

• સંસ્કૃતિની કટોકટીના કાળે એક બળૂકું વિચારપત્ર સંકેલાય છે તે વાતે વિષાદ - અને પંદરપંદર વરસ તમે બ્રિટનના ગુજરાતી સમાજમાં સ્વસ્થ માનસિક્તા કેળવવા જે મથામણ કરી તે પુરુષાર્થનો રાજીપો - એવી મિશ્ર લાગણી ‘સંકેલો’ અવસર ટાણે અનુભવું છું.

આપણા આછકલા સમાજના નઘરોળપણા વચ્ચે “ઓપિનિયન” ચલાવવું એ એક તપ હતું. તમે તપોભંગ થયા નથી. ચૌદ વરસ અને ઉપર બાર મહિના છોગામાં, આમ આ તપ પૂરું થાય છે ત્યારે એનું પુણ્ય તમને, તમને ટેકો દેનારા સૌને અને આપણા અવઢવિયા સમાજને પણ ફળશે એવી આશા વ્યક્ત કરું છું.

**- અદમ ટંકારવી**

[200, Halliwell Road, BOLTON, Lancashire, BL1 3QN, U.K.]

### આજના માહોલમાં ટકી જવાની તાતી જરૂર છે

• નવરંગપુરાના પ્રકાશપુંજ પાસેથી શક્તિપાત લીધા પછી વિપુલ ઝરણાંનો ખળખળ નાદ કેમ સંભળાતો નથી? “નિરીક્ષક” અને “ઓપિનિયન”ના અન્ગેજમેન્ટની ખબર જાણી. અભિનંદન. ગંભીરતાથી કહું તો આજના માહોલમાં ટકી જવાની તાતી જરૂર છે. “નિરીક્ષક” અંને “ઓપિનિયન” બેઉને. આ બંનેને શતાયુ ભવની શુભેચ્છાઓ.

**- તુષાર ભટ્ટ**

e.mail : btusharster@gmail.com

### હવે “ઓપિનિયન”ના નિમિત્તે વીરહી

• તમે તો પરણામને પાત્ર છો, પ્રભુ !

વિદેશે રહીને ય દેશને આટલો ચાહનારા, એની ભાષાને ચાહનારા – ચહાવનારા કેટલા ? ‘સંકેલો’ કરીને અનેકોને વીરહાવનારા ય કેટલા ?!

તમારું તો કલ્યાણત્ત્વ પણ વિપુલ છે !!

હવે “ઓપિનિયન”ના નિમિત્તે વીરહી.

**- જુગલકિશોર**

e.mail : jjugalkishor@gmail.com

### ભાષાને જીવતી રાખવા માટેનું સાધન

• દુઃખ એ વાતનું છે કે તમારે આ માસિક બંધ કરવું પડે છે. ભાષાને જીવતી રાખવા માટે જે અન્ય કાર્યક્રમો હોય છે તેમાં માસિકો, સાપ્તાહિકોની ખાસ જરૂર હોય છે. વધુ તો શું લખું ?

**- રમેશ બાબુભાઈ પટેલ**

[16 Eastcote Lane, HARROW, Middlesex HA2 8BP, U.K.]

### ઓશિંગણભાવ વ્યક્ત કરું છું

• ૨૮ માર્ચ આપણા સૌ માટે તીવ્ર વેદનાકારી દિવસ છે.

“ઓપિનિયન”ની જાણકારી મળ્યા પછી, મારા પતિ, પંકજ જોશીને પોતાની લેખનકળા વિકસાવવાની ઉજળી તક મળેલી. વિપુલભાઈએ પંકજને પ્રોત્સાહન આપેલું અને હૂંફટેકો આપેલો. તેમને તેની ભારે કદર રહી હતી. તે સારુ હું ભારે ઓશિંગણભાવ વ્યક્ત કરું છું. “ઓપિનયન” વાટે પંકજ ઘણા લેખકમિત્રો સાથે ઘનિષ્ટ સંબંધ કેળવી શક્યા હતા. તેને કારણે ગુજરાતીમાં લેખો, વાર્તાઓ લખવાની તેમને ભારે ચાનક પ્રાપ્ત થયેલી.

**- કીર્તિદા જોશી**

94 Heol Castell Coety, BRIDGEND CF31 1PX, U.K.]

### આટોપણ થાય છે ત્યારે ..

• “ઓપિનિયન”ની જાણ ૧૯૯૪માં મને પ્રીતમ લખલાણીએ કરેલી. એ પછી મારી પહેચાન એની સાથે બઢતી રહી. “ઓપિનિયન”તંત્રી વિપુલ કલ્યાણી સાથે નિજી નાતો બંધાયો. બે વખત એમને લંડનમાં મળ્યો, તાજેતરમાં એ અહીં આવ્યા ત્યારે મિત્રો સાથે જ્ઞાનગોષ્ટિ અને મોજમજાનો અવસર પણ સાંપડ્યો.

ટૂટિંગમાં હું બે વર્ષ રહેલો, આને તો આજે ત્રીસ વર્ષ વીતી ગયાં ! પરંતુ, ત્યાંના સાહિત્ય માહોલનો ખરો પરિચય મને “ઓપિનિયન” થકી સાંપડ્યો. ત્યાંનાં પચીસેક મિત્રો સાથે સબંધ બંધાયો, પત્રોનું આદાનપ્રદાન થતું રહ્યું, એકબીજાંનાં પુસ્તકોથી પણ વિદીત થવાયું. આટલું જ નહીં, બ્રિટન બહારનાં સર્જકો અને ભાવકો સાથે પણ મારો વિચારવિનિમય થતો રહ્યો. “ઓપિનિયન” થકી મને અનેક મિત્રો સાંપડયાં, થેન્ક યુ, “ઓપિનિયન”.

બા, યંત્ર, ભાભી, ગણિત, ચાહત, રંગચક્ર, દેવ ચકલી, ગગન તળે, ચલતે ચલતે, ચાર ખૂણિયો ત્રિકોણ, એક મગ બે ફાડ, વિસ્મયનો વિષાદ આદિ મારી વાર્તાઓ “ઓપનિયિન”ના ડિસેમ્બર વિશિષ્ટ વાર્તાઅંકોમાં સ્થાન પામી, આ થકી મારા વાર્તાસર્જનમાં વેગ આવ્યો. ‘હડસન કાંઠે ભદ્રાનાં નીર’ મારા પ્રથમ વાર્તાસંગ્રહની પ્રસ્તાવના વાર્તાકાર વલ્લભ નાંઢાએ લખી, આ મેળ વિપુલભાઇએ પાડેલો. ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ અંતર્ગત ઓગષ્ટ ૨૦૦૪માં પુસ્તકનું વિમોચન પણ એમણે ગોઠવેલું. “ઓપનિયન”ના એક વાર્તાઅંક વિષે મનસુખભાઈ સલ્લાએ બારીકાઈથી વિવેચના કરેલી જે મને ખૂબ ગમેલી. મારા બીજા વાર્તાસંગ્રહ ‘આંખ આડે પાંપણ’ની આલોચના એ કરે એવો મેં આગ્રહ રાખેલો જે એમની પ્રસ્તાવના રૂપે ફળિભૂત પણ થયો. ત્રીજો વાર્તાસંગ્રહ ‘જિંદગી એક સફર’ પ્રકાશન માટે રવાના થવાનો છે. મારી સર્જનાત્મક પ્રવૃત્તિના પાયાનાં વિપુલભાઈ એક આધારસ્થંભ રહ્યા છે, આ હું નકારી ના શકું. થેન્ક યુ, વિપુલભાઈ.

“ઓપિનિયન”ને પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને રીતે મેં માણ્યું છે. વૈચારિક માસિક તરીકે મારી જેમ અનેકને એણે જાગ્રત કર્યા અને લખતા પણ કર્યા. વિપુલભાઈના આ અહાલેકને સર્વેએ બિરદાવ્યો પણ છે. માટે, જયારે આ સામાયિકના આટોપણનો અવસર યોજાઈ રહ્યો છે, ત્યારે દિલને રંજ થાય છે. આટોપણનાં કારણો હશે, એની ચર્ચા ના કરું, તો પણ તંત્રીની એ ટકકરને મારે દાદ દેવી જ પડે. બાવા બન્યા જેવો ભેખ લીધો, સાહિત્ય ચયનનું વ્યસન છે, એ જંપીને બેસવાના નથી. મારું માનવું છે કે રંગમંચનો પડદો પડે છે કારણ કે પુનઃ પાછો એ ખૂલવાનો હોય છે. અને આજ તો એ સૃષ્ટિની લીલા છે. મંચ સામે આનંદ, અને પછી એ મમળાવવાનો આનંદ. “ઓપનિયને” ચખાડેલો સ્વાદનો આસ્વાદ સદા સર્વને આવ્યા જ કરવાનો.

જીવંત બનીને જીવવું અને બીજાને જીવાડતા રહેવું, આ વિપુલભાઈની નસેનસમાં છે. માટે, આટોપણમાં હું એક નવો પાર્દુભાવ જોઈ રહ્યો છું, વિપુલભાઈનો !

બંધ થાય અને ખૂલે, આ તો એક ક્રમ છે  
આશાની રહે આશા, આ પણ એક ક્રમ છે  
શ્વાસ છે, ચાલશે ધમણ, આ પણ ક્રમ છે  
ના હોય સારાનો અસ્ત, આ પણ ક્રમ છે.

વિપુલભાઈના ક્રમના ક્રમાંકમાં ઉત્ક્રાંતિ થતી જ રહેવાની. મારો ટેકો, સર્વનો સાથ અને પરમાત્માનો એમને સથવારો રહેવાનો જ. એમની સઘળી મનોકામના પૂર્ણ થાય એવી મારી દિલી ઈચ્છા અને આકાંક્ષા. આતુરતાપૂર્વક હું એમના નવા અવતારની રાહ જોઈ રહ્યો છું.

**- પ્રવીણ સી. પટેલ ‘શશી’**

[88 Corona Court, OLDBRIDGE, NJ 08857-2854, U.S.A.]

### કટ્ટર સ્વદેશાભિમાનનો જાણે કે પીલો ફૂટયો

• આ ‘સંકેલો’ કાર્યક્રમ અંગે તમને હું લખવા જ વિચારતો હતો. નિરાશ હતો, ત્યાં જ જાણ્યું કે તમે “નિરીક્ષક” જોડે સંધાણ કર્યું છે. તેથી શાંતિ વળી.

અને આ ગુણવંત શાહવાળી યાત્રા. આપણે જાણે કે એક સરખું જ વિચારતા હતા. મને આ જેવો વિચાર આવતો જ રહેલો; અને તમે તો લખાણ જ કર્યું. તમારી આશંકાઓને પૂરો આધાર છે. અલબત્ત, આરંભે તેમના આ અભિયાન માટે મારા મનમાં કોઈ આશંકાઓ હતી જ નહીં. જેમ જેમ વિચારતો રહ્યો તેમ તેમ શંકા પેદા થતી રહી. હવે મને સવાલ થાય છે –

કેટલેક અંતરે હિન્દુત્વના અંકુરનો જાણે કે પીલો ફૂટ્યો હોય, તેમ કોઈક પ્રકારના આંધળા કટ્ટર સ્વદેશાભિમાની જૂથ, કે પછી, પેટા જૂથ વાટે તે ઉત્તેજિત તો થયા નહીં હોય ? કેમ કે આવી ઉત્તેજિત ઝુંબેશ વાટે, ગુજરાતી બચાવવાનું એવું કોઈક તાતું અગત્ય વર્તાતું જ નથી. તેમને જે સહાયટેકો મળેલા દેખાય છે તે પૂરેપૂરા પુરસ્કારે મેળવેલા દેખાય છે. રાજ ઠાકરે ઘટનાને, ભલા, ગુજરાતમાં ઊભી કરવાનો તો તેમનો આશય નહીં હોય ને ?

**– દીપક ધોળકિયા**

e.mail : dipak.dholakia@gmail.com

## સલામ "ઓપિનિયન" !

• "ઓપિનિયન"ના અંતિમ છપાયલા અંક માટે મારી શુભેચ્છાઓ. નિયમિત પોષ્ટમાં મળતા અંકો હવે બંધ થઇ જશે. એ નહીં ગમે એ સ્વાભાવિક છે. આ કોમ્પ્યુટરના જમાનામાં અમેરિકામાં, પણ સો સો વરસ જૂના પ્રિન્ટ મિડીયા - ન્યુઝ પેપર અને મેગેઝિનો - બંધ થઇ રહ્યા છે. ત્યારે "ઓપિનિયન" સમયની નાળ પારખીને યોગ્ય પગલાં ભરી રહ્યું છે. ખાસ કરીને મારા જેવા મિત્રો જેમણે વિપુલભાઈને કામ કરતાં જોયા છે. તે હવે એમને રાહત અનુભવતા જોશે. ખાસ કરીને આ શારીરિક વેઠમાંથી છૂટા થશે. તેનો આનંદ અનુભવશે. હું તેમને વિનંતી કરું કે હવેનો સમય લખવામાં વાપરે. ખાસ કરીને આજ સુધીના "ઓપિનિયન"માંથી સારા સારા પોતાના લેખોનું પુસ્તક આપણને આપે. તેમણે ઘણાં સુંદર ચોટદાર માર્મિક સંપાદન લેખો આપણને આપ્યા છે.

મારી પોતાની વાત કરું તો, વિપુલભાઈએ મને લખવાની ટેવ પાડી છે. મને લેખક બનાવ્યો. બીજા મેગેઝિન મારા ચર્ચાસ્પદ લેખ છાપવાની હિંમત ન કરે. તે વિપુલભાઈ સામેથી માંગી અને છાપે - "ઓપિનિયને" ડાયસ્પોરાના લેખકોને અને કવિઓને ઉત્તેજન આપ્યું છે. જેમાં ઘણાંએ વાચકોને 'એતાનશ્રી'માં પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપી. ખરું પૂછો તો તેમાં પણ રેગ્યુલર લખનારાઓ હતા. લગભગ બધાં જ ખુલ્લા મને, ચટાકેદાર લખતા. અને એઓ જ "ઓપિનિયન"ને વિચાર માસિક બનાવતા. 'એતાનશ્રી' મને ઈન્ટરનેટ પર વાંચવા મળે તો મઝા આવી જાય.

મારો પોતાનો ઈન્ટ્રેસ્ટ એ પણ હતો કે બ્રિટનમાં રહેતા બધાં લેખકોના લખાણમાં આફ્રિકાની છાંટ હતી. અને એ વાંચવું મને ગમતું.

"ઓપિનિયન"ને, વિપુલભાઈને અને કુંજ કલ્યાણી અને તેમના કુટુંબીજનોને સૌને ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. અને યાદ રહે 'ઓપિનિયન" એ સફર છે, મંઝિલ નથી.

**- હરનિશ જાની**

e.mail : harnish5@yahoo.com

## એનું ઉજવાણું હોય ?

• આ વખતે "ઓપિનિયન" માટે શું લખું ? લગભગ આખું વાંચ્યું. સંકેલવાની વાત કેમ ગમે ? એનું ઉજવાણું હોય ??? આવું સરસ વિચારપત્ર બંધ થાય એ ખરેખર અફસોસની વાત છે. પણ હવે સ્વીકાર્યે જ છૂટકો છે.

આખો 'જીવન સંકેલો' વેઠીને બેઠી છું એટલે હમણાં તો આવું બધું કાંટાની જેમ વાગે છે. …

તમને તમારી આગામી પ્રવૃત્તિઓ માટે શુભેચ્છાઓ.

**- લતા હીરાણી**

e.mail : lata.hirani55@gmail.com>
http://readsetu.wordpress.com/

## …, હવે સ્ટ્રૉથી પીશું

• વહાલા "ઓપિનિયન"ને આટલાં વર્ષો દિન-રાત સાથે રાખ્યાંનો ઉમંગ અને તેને વળાવવાનો અવસાદ તો હોય જ ને ! હોંશે પરણાવીને વિદાય આપતી પુત્રીનું દુઃખ તો વહાલસોયા પિતા જ જાણે. પરંતુ એના સાક્ષી સંગાથી પણ ઓછી દ્વિધા નથી અનુભવતાં.

ફેબ્રુઆરીના "ઓપિનિયન"માં વાંચતા જ ધીરજનું તરાણું મળ્યું છે. અત્યાર સુધી પ્યાલો મોઢે માંડીને જે વાચનરસ પીતાં હતાં તે હવે સ્ટ્રૉથી પીશું. પાશો તો ખરા ને ? પ્રકાશભાઈના "નિરીક્ષક"નો અને તમારો સંગાથ રહેશે જાણી આનંદ થયો. સમાન શીલ વ્યસનેષુ સખ્યમ્. તમે બંનેના સહકાર અને લગનથી પત્રિકાનાં પાનાં આભૂષિત રહેશે એની ખાતરી છે. પ્રકાશભાઈ શાહ તથા વિપુલભાઈ કલ્યાણીને મારા હૈયાના હિલોળા સાથે શુભેચ્છા પાઠવું છું.

પંથી ચૂંટ્યા છે જે તમે, શુભાશયો પૂર્તિની આશે.
આગે કદમ બઢતે રહો, 'વિપુલ' 'પ્રકાશ' છાઈ રહો.
તન મન ધન પુષ્ટ રહો, મધપૂડો મધભર્યો તુષ્ટ રહો.
મધુ મક્ષિકા બે ફૂલમાં ફરે, અર્ક સુગંધ ચિત્તમાં ધરે
મધપૂડો મધભર્યો રહો અમ સૌને લ્હાણ કર્યા કરો
સફળ સફર કુશળ રહો આશિષ પરમિપતાના પામો.

**- કુસુમ પોપટ**

[5 Walburton Road, PURLEY, Surrey, CR8 3DL, U.K.]

## સાહિત્યપ્રેમી ગુજરાતી પ્રજા તંદુરસ્ત સહાયટેકો આપી નથી શકી

• પંદર વર્ષ પછી, "ઓપિનિયન"નું પ્રકાશન બંધ થાય છે, તે ઘટનાનો રંજ છે. ઊંચા દરજ્જાનું સાહિત્યિક વિચારપત્ર બનાવવા માટે તમે તનતોડ જહેમત ઊઠાવી છે. તેના પ્રકાશન માટે તમે જે શક્તિ અને સમય આપ્યાં તેટલાં કદાચ બીજું કોઈ આપી ન શક્યું હોત. તેની તૂટતી જતી ગ્રાહકસંખ્યા એક વાતની ચાડી ખાતી રહી કે સાહિત્યપ્રેમી ગુજરાતી પ્રજા પણ તેને તંદુરસ્ત સહાયટેકો આપી નથી શકી.

સ્પષ્ટપણે મને તેનો ખાલીપો રહેવાનો જ છે.

**- પ્રવીણ વાઘાણી**

e.mail : pvaghani@hotmail.com

## આજે આપણે આધુનિકતાના વ્યામોહમાં ભટકી ગયા છીએ

• તમે અને રમણભાઈ દાંડી સુધી આવી ગયા તે ખૂબ જ ગમ્યું. આવો યોગ ભાગ્યે જ થાય. પણ થયો. સારું લાગ્યું.

૨૬ ફેબ્રુઆરી ૨૦૧૦નો "ઓપિનિયન"નો અંક મળ્યો. પ્રભાષજીનો લેખ ખરેખર જ ખૂબ સરસ છે. આપણને એકદમ હલાવી નાખે અંદરથી એવો છે. પણ કમનસીબી છે આપણી. આવી રીતે રાષ્ટ્રીય પ્રશ્નોને વિચારનારા - જોનારા રચનાત્મક અભિગમ ધરાવનારા બૌદ્ધિકો - કર્મશીલો અને રાજકીય નેતાઓ વચ્ચે સંવાદની ભૂમિકા હોવી જોઈએ તે હવે રહી નથી.

નહેરુ ભલે ધારેલું કરતા, પણ વિનોબાજીને, જયપ્રકાશજીને સાંભળતા. વાતચીત કરતા. મુંબઈની સભામાં કહેલું - વિનોબાજીને મળું છું ત્યારે યાદ આવે છે કે બાપુના માર્ગે ફરી કદમ માંડીએ. કદાચ એનાથી જ દેશનું ભલું થશે. … જો કે તેઓ એવું કરી શક્યા નહીં. સૌરાષ્ટ્રમાં ઢેબરભાઈ અને રચનાત્મક સમિતિના આગેવાનો વચ્ચે ઘણો સુમેળ હતો. ઢેબરભાઈ નાનાભાઈ - મનુભાઈ સાથે ચર્ચા - વિચારણા કરવા માતે 'લોકભારતી'માં આવતા. એટલે જ સૌરાષ્ટ્ર રાજ્ય એ દિવસોમાં એક નમૂનેદાર રાજ્ય ગણાતું હતું. એ બધાની રહેણીકરણી પણ એકદમ ગાંધી પરંપરા પ્રમાણેની હતી. આજે આપણે આધુનિકતાના વ્યામોહમાં ભટકી ગયા છીએ.

બહેન પન્નાબહેન શાહનો પોતાની જ દીકરીનો અનુભવ બેચેન બનાવી મૂકે એવો છે. પણ સરસ છે. મા અને દીકરી ગમે તેવાં દુઃખ વચાળે પણ જીવવાનો સંકલ્પ કરે છે ત્યારે શું પ્રાપ્ત કરી શકાય છે તેની અદ્દભુત આ કથા છે. માત્ર જિજિવિષા અહીં નથી. એનાથી પણ કંઈક વિશેષ છે. જે સપનાને બળ આપે છે. ઝઝૂમવાની તાકાત આપે છે. દીકરી સપના, તુંને સો સો સલામ. બહેન સપના, કિરતારે તને જ આવું દુઃખ આપ્યું તેમાં એની કોઈ ચોક્કસ ગણતરી હશે. તારા સિવાય આવી અદ્દભુત કામગીરી કોણ બજાવી શકે ? સ્વામી આનંદે સરસ લખ્યું છે :

**છોને ઝઝૂમે રાત બિહામણી, છો થાય ઘોરઅંધકાર,**
**માલમી ઈલમી બેઠો સુકાને, બેડલી કરશે પાર.**
**વાયરા વાશે, ફાટશે છાતી, જળથળ બંબાકાર,**
**ઈલમી ઓલ્યો બેઠો સુકાને, ઈ એક જ કરશે પાર.**

"ઓપિનિયન" હવે બંધ થાય છે એ ગમતું નથી. પણ તમારી કોઈક મૂંઝવણ હશે જ. તો જ તમે આવો નિર્ણય લીધો હશે. એટલે એ વિશે વધુ ન

લખ્યું. પણ આપણી માતૃભાષાને જીવતી રાખવા માટે તમે સૌએ જે પુરુષાર્થ કર્યો છે તેની નોંધ લેવી જ જોઈશે. ત્યાં પરદેશમાં આ કામ કેટલું અઘરું છે તે તો ત્યાંનો માહોલ જોયો ત્યારે વધુ ખ્યાલ આવ્યો. તમને સૌને ખૂબખૂબ અભિનંદન.

ભાઈ કાન્તિભાઈ શાહ અને સુદર્શન આયંગરજીને યાદ. બન્ને આ વિષય માટે અધિકારી વક્તા છે. બન્ને અભ્યાસી જીવો છે.

**- મોહન દાંડીકર**

[Paanchali Falia, DANDI - 396 439, District Navsari, Gujarat, India]

## વિવિધ શક્તિઓથી સભર સભર દોસ્ત

• મારો લેખ "ઓપિનિયન"માં લેવા માટે આભાર. હીરેન માલાણી ઘણાને ઓળખતો. તમે પણ તેને જાણતા હતા એ જાણી મને આશ્ચર્ય થતું નથી. તે વિવિધ શક્તિઓથી સભર સભર દોસ્ત હતો. તેની હયાતી દરમિયાન જ તેને આથીસ્તો વિવિધ શક્તિઓ ધરાવતી મૈત્રી સાંપડી હતી.

**- વિરાફ કાપડિયા**

e.mail : vkapmail@yahoo.com

## દરેક સંકેલો બીજા પ્રયાણનો માંડવો હોય છે

• સંકેલાનો દિવસ આવી પૂગ્યો છે, ને તમે સાજનમાજનને સંભાળવાની ધમાલમાં હશો, ત્યાં લગરીક ગોઠડી કરી લઉં? દરેક સંકેલો બીજા પ્રયાણનો માંડવો હોય છે. ઘટમાળ છે. તમે જેને સંકેલો નામ આપ્યું છે એ તો પ્રવૃત્તિનું સ્વરૂપ-પરિવર્તન નથી? આપણે જે કામ પ્રીતિપૂર્વક હાથ ધર્યા હોય તેને કદી છોડી શકીએ નહીં. તમારાં ચહેરાની લાલી જોઈને સંકેલો તો, ઠીક છે મારા ભાઈ ... તમારી આંતરિક તાજગી પણ અકબંધ છે એટલે આપણે ઓચ્છવ ભલે કરીએ પણ પ્રવૃત્તિ ક્યાં મૂકવાના છીએ? તમારાં થકી હજી ઘણાં ઘણાં ખેડાણ થવાં બાકી છે. એટલે .... ભલે ભાઈ, આપણે આંગણે અવસર છે તો મારી ઘણી ઘણી શુભેચ્છાઓ.

**- જયંત મેઘાણી**

jayantmeghani@gmail.com
(0278) 256 8022

## જ્યારે હૃદય ભરેલું હોય ત્યારે શબ્દો ઠાલાઠમ હોય

• હું શું કહું ? ... તમે ઈચ્છેલો પ્રકલ્પ આટોપાઈ રહ્યો છે ત્યારે તમને અભિનંદન પાઠવું છું અને ભવિષ્ય માટે શુભ કામનાઓ વ્યક્ત કરું છું.

જ્યારે હૃદય ભરેલું હોય ત્યારે શબ્દો ઠાલાઠમ હોય, તેમ કહેવાય છે. "ઓપિનિયન"ના ઘણા બધા વાચકો તેમ જ કેટલા બધા લેખકો માટે રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦નો દિવસો ભારે પીડાકારી છે.

"ઓપિનિયન"ના મુદ્રિત સ્વરૂપ અંગે તમે વચન પાળ્યું છે. વાચકો માટે તેમ જ લેખકો માટે તમે વાસ્તવમાં ભારે ઉમદા કામ કર્યું. મારા જેવા વાચકો તમારા ઋણી રહેવાના જ છીએ.

"ઓપિનિયન" વાટે તમે નવા નવા લેખકોને ય સહાયટેકો આપ્યો છે. વનરાજ ! મારા લેખન-વ્યવસાયમાં મને ઉત્સાહભર્યો સહાયટેકો આપવા માટે હું તમને સલામ કરું છું.

**'ઓપીનીયન'ની અલવીદા !**

28 માર્ચ, 2010ને રોજ લંડન મુકામે 'ઓપીનીયન' (માસીક)ના 'સંકેલો'નો અવસર મનાવાશે... 'સંકેલો' અને 'અવસર' શબ્દો વાપરતી વેળા હૈયામાં એક ટીસ ઉઠે છે પણ એના તંત્રી વીપુલ કલ્યાણીએ છેલ્લા અંકોમાં અને 28મીના નીમંત્રણ પત્રમાં પણ એ જ શબ્દો વાપર્યા છે. 'ઓપીનીયન' નામ અંગ્રેજી છે પણ એણે ગુજરાત તેમજ ગુજરાતી ભાષાને ઘણું ઘણું પ્રદાન કર્યું છે. 15 વર્ષની કીશોરાવસ્થાએ 'ઓપીનીયન'ની વીદાય કઠે એવી છે. એક જાતનો ખાલીપો અનુભવાશે... જો કે એક આશ્વાસનરુપ જાહેરાત પ્રકાશ ન. શાહ અને વીપુલ કલ્યાણીએ સંયુક્ત રીતે કરી છે. એ મુજબ 'નીરીક્ષક'ના દરેક અંકમાં, 16મી એપ્રીલથી, એકતૃતીયાંશ જેટલી સામગ્રી લંડનથી વીપુલ કલ્યાણી દ્વારા સંપાદીત થઈને પ્રગટતી રહેશે... 'નયા માર્ગ'ને અનુરુપ એવાં લખાણો અવકાશે લખતાં રહેવાની વીનંતી અમે પણ વીપુલભાઈને કરીએ છીએ.

વીપુલ કલ્યાણીને –



બગલથેલાની ચીંતા છે ? તમે ઝભ્ભો બચાવી લો !
પસાયા 'અર્થ'થી, સાચું ! છતાં શબ્દો બચાવી લો !
વીપુલ તક છે ભુંસાવાની, અમારો એ છે ઓપીનીયન -
યુ.કે.માં ડુબતી ભાષા, તમે કક્કો બચાવી લો !

**– નીર્મીશ ઠાકર**

[સૌજન્ય : 'ઓપીનીયન' : ફેબ્રુઆરી 2008]

**ઈન્દુકુમાર જાની, તંત્રી : "નયા માર્ગ", ૧૬.૦૩.૨૦૧૦**

તમારી તંદુરસ્તી માટે તથા તમારી ભાવિ યોજનાઓની સફળતા માટે હું શુભકામનાઓ પાઠવું છું. હરહંમેશની જેમ ગગનવાળો આવતીકાલે ય તમને યશસ્વી કરશે.

**– જય કાન્ત**

e.mail : j.kant@ntlworld.com

## "ઓપિનિયન"ને કારણે અમે પણ વિચાર કરતાં થયાં છીએ

• રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦ના 'સંકેલો' કાર્યક્રમમાં આવવાની અદમ્ય ઈચ્છા છે, પણ આવી શકીશ એવું લાગતું નથી. તમે જાણો છો કે વિનુને રેટિનાના ઓપરેશન બાદ ગાડી ચલાવવાની થોડી મુશ્કેલી છે. વળી ગયે અઠવાડિયે મારા ભાઈના સાસુજીનો સ્વર્ગવાસ થયો, એ નિમિત્તે નોર્થ લંડનની ચાર મુસાફરીઓ થઈ. તે તેમની આંખો થાકી ગઈ. ફરી એક વખત મેં કહી જોયું પણ એમને ફિન્ચલી સુધી આવવાની હિંમત થતી નથી. રવિવારના માથાના દુખાવા સમા જાહેર વાહનમાં આવી પહોંચવાની પરવાનગી મારા પગ આપી શકે તેમ નથી. માટે ક્ષમા યાચું છું.

આ 'સંકેલો'માં પરિવાર કમ્યૂનિકેશનના શાનદાર જીવનનાં પાસાઓની ઉજવણી થશે એ તો ચોક્કસ છે. "ઓપિનિયન" વિચારપત્રે આપણાં જીવન, આપણી સંસ્કૃતિ, આપણા ગૌરવભર્યા ઈતિહાસને લગતી કેટલી માહિતી આમારી સમીપ પહોંચાડી છે. કેટલીયે બાબતોની તુલનાત્મક રજૂઆતો કરીને તેણે સચોટ મૂલ્યાંકન કર્યું છે. પત્ર વાંચતાં જ તેના તંત્રીની વિશાળ શક્તિઓનો આપણને અનુભવ થાય છે. લોકજીવનનાં દરેક સ્તરની વ્યક્તિઓના, પત્રને લાયક, લેખને એમાં સમાવવામાં આવ્યા છે. કેટલાયે મહાનુભાવો વિશેના લેખોએ વાચકોનાં જ્ઞાન વિસ્તારને પણ સંવાર્યો છે. લેખમાં તંત્રીની કે પત્રની ટીકા હોય એવા લેખને તમારા આ પત્રમાં સ્થાન મળ્યું છે. સૌથી વધારે તો તમારા આ "ઓપિનિયન"ને કારણે અમે પણ વિચાર કરતાં થયાં છીએ અને અમારો પોતાનો એક અભિપ્રાય – ઓપિનિયન બાંધતાં થયાં છીએ.

તો બીજી તરફ અકાદમીનું તો તમે હાર્દ છો. ગુજરાતી ભાષા માટે તમને દાઝ છે. કેટલા ઝઝૂમ્યા છો તેને માટે. તમને વ્યાસપીઠ પરથી બોલતા સાંભળવા એ ય જીવનનો એક લ્હાવો છે. અને કોઈ ને કોઈ પ્રકારે તમારી વાણીનો જુસ્સો અમને સ્પર્શી જાય છે અને અમને પણ કંઈક કરવા પ્રેરિત કરે છે.

આ 'સંકેલો' જો ખરેખરનો સંકેલો હોય તો એ ગુજરાતી જગત માટે એક ઊંડી ખાઈ મૂકી જવાનો છે. હાર્દ ગયા પછી અંગ જીવિત રહી શકે ખરું? બીજા હાર્દ માટે શોધ કરવી જ રહી પણ એવું સુવર્ણમય, સુગંધિત હાર્દ મળવું લગભગ અશક્ય જ છે.

વ્યકતિગત રીતે તમારો સ્નેહભાવ હંમેશાં મળતો રહે એ જ વાંછું. તમારું ભાવિ ઊજળું રહે. તમારો સમય હંમેશાં સુખમય રીતે પસાર થાય એવી પ્રભુ પ્રાર્થના.

**- વિનોદ, મિતુલ તથા કુસુમ શાહ**

e.mail : kusum@w3systems.net

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · [26.04.2010]